# ત્યારે કરીશું શું?

[સંક્ષેપ]

**લિયો ટોલ્સટોય**

મૂળ રશિયનના અંગ્રેજી પરથી
અનુવાદક : **નરહરિ દ્વા૦ પરીખ**

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

**લોકમિલાપ ટ્રસ્ટ**

રૂ. 15
(100 નકલના રૂ. 1200)

મૂળ પુસ્તકની પહેલી આવૃત્તિ : 1928
બીજી : 1934, પુનર્મુદ્રણ : 1971
સંક્ષેપ : 1999 : નકલ 2,000

પ્રકાશકઃ ગોપાલ મેઘાણી
લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. 23 (સરદારનગર), ભાવનગર 364001
ફોનઃ (0278) 56 6402

મુદ્રકઃ અપૂર્વ આશર
ઇમેજ સિસ્ટમ્સ, અમદાવાદ 380007. ફોનઃ 661 0441

# ક્રમ


| | | |
|---|---|---|
| | સંપાદકનું નિવેદન | 4 |
| | સત્યની મૂર્તિ (મો. ક. ગાંધી) | 5 |
| | દૂધમાં ખારો કાંકરો (કાકા કાલેલકર) | 6 |
| 1. | મોસ્કોના ભિખારી | 9 |
| 2. | પાપમાં ભાગીદાર | 13 |
| 3. | કંગાલિયતની નાબૂદી કાજે | 20 |
| 4. | ઘેટાંની જેમ નહીં | 27 |
| 5. | દુખનું નિવારણ પૈસાથી અશક્ય | 30 |
| 6. | પેલા લોકો : આ લોકો | 35 |
| 7. | બગડેલી હોજરી | 39 |
| 8. | કોણ કોને સુધારી શકે? | 43 |
| 9. | ઊંધું શિક્ષણ | 50 |
| 10. | ઉપચાર વૃથા છે | 53 |
| 11. | પરોપકાર-પ્રવૃત્તિનો ફેસ્તો | 59 |
| 12. | ખરાબીનું ખરું મૂળ | 63 |
| 13. | વૈભવી જીવનનો ચેપ | 66 |
| 14. | "એ બધું નકામું છે!" | 75 |
| 15. | પુણ્ય કરતાં પહેલાં | 79 |
| 16. | ખાંધ પરથી ઊતર્યા સિવાય — | 83 |
| 17. | દુખ ને પાપનું કારણ | 88 |
| 18. | આપણે દયાળુ? આપણે સુધરેલા? | 92 |
| 19. | બળજબરી — કે બીજું કાંઈ? | 95 |
| 20. | શ્રમસાગરમાં મારું ટીપું | 99 |
| 21. | એક જ ઉપાય | 106 |
| 22. | માતાઓ માર્ગ બતાવે! | 109 |

# સંપાદકનું નિવેદન

ટૉલ્સ્ટૉયના વિખ્યાત પુસ્તકના અંગ્રેજી અનુવાદ ‘વ્હૉટ ધેન શેલ વી ડૂ’નો શ્રી નરહરિ પરીખે (શ્રી પાંડુરંગ વળામે સાથે) કરેલો અનુવાદ સાત દાયકા પહેલાં ‘ત્યારે કરીશું શું ?’ નામે પ્રગટ થયેલો. તેની પહેલી આવૃત્તિ નવજીવન પ્રકાશન મંદિર તરફથી બહાર પડેલી, તે બે વરસમાં ખલાસ થઈ ગયેલી. 1934માં બહાર પડેલી બીજી આવૃત્તિ વખતે ‘‘ભાષાન્તરને બને તેટલું વિશેષ સરળ અને સુવાચ્ય કરવાના હેતુથી’’ શ્રી નરહરિભાઈએ આખું પુસ્તક સુધારેલું અને સાથેસાથે તેનો 290 પાનાંમાં સંક્ષેપ પણ કરેલો. ત્યારબાદ એ સુધારેલા સંક્ષેપનાં બે પુનર્મુદ્રણો  થયાં હતાં, પણ હાલ ઘણાં વરસોથી પુસ્તક અપ્રાપ્ય હતું.

ટૉલ્સ્ટૉય જેવા મહાપુરુષ અને મહાન લેખકની સર્વોચ્ચ કોટીની એ કૃતિ નવી પેઢીના વાચકોને પણ સુલભ બને તે માટે પુસ્તકનો વિશેષ સંક્ષેપ કરીને હવે તે બહાર પાડતી વખતે અનુવાદને વધારે સુવાચ્ય કરવાના હેતુથી મેં તેમાં થોડા ફેરફારો કર્યા છે, તેને મુ૦ શ્રી નરહરિભાઈ હોત તો સંમતિ આપત એવી કલ્પના કરું છું.

નવું વરસ : 1999 **મહેન્દ્ર મેઘાણી**

# સત્યની મૂર્તિ

## મો. ક. ગાંધી

ટોલ્સટોય આ યુગની સત્યની મૂર્તિ હતા. આ જગતના છપ્પન ભોગ એમણે ભોગવેલા. છતાં જ્યારે એમને લાગ્યું કે આમાં કાંઈ જ નથી, ત્યારે ભરજુવાનીમાં એમણે પોતાનું સુકાન ફેરવ્યું અને છેવટ સુધી પોતાના વિચારોમાં કાયમ રહ્યા.

એક અદ્‌ભુત વસ્તુનું ભાન ટોલ્સટોયે લખીને અને પોતાના જીવનમાં ઉતારીને કરાવ્યું, અને તે ‘‘બ્રેડ લેબર’’. જગતમાં જે અસરખાપણું દેખાય છે, દોલત અને કંગાલિયત દેખાય છે, તેનું કારણ એ છે કે આપણે જીવનનો કાયદો ભૂલી ગયા છીએ. એ કાયદો તે બ્રેડ લેબર. બ્રેડ લેબરનો સીધો અર્થ છે કે જે મજૂરી ન કરે, તેને ખાવાનો અધિકાર નથી. આપણે દરેક જણ ખાવા પૂરતી મહેનત કરી નાખીએ, તો જે ગરીબાઈ જગતમાં દેખાય છે તે ન જોઈએ. ટોલ્સટોયે કહ્યું કે લોકો પરોપકાર કરવા મથી રહ્યા છે; પણ તેમ કરવાને બદલે જરાક જેટલું કામ કરે, એટલે કે બીજાના ખભા પરથી ઊતરી જાય, તો બસ છે. પરોપકાર કરીએ, પણ અમારા એશઆરામમાંથી લવલેશ ન છોડીએ — એમ કહેવું એ તો અખા ભગતે કહ્યું હતું એના જેવું થયું : ‘‘એરણની ચોરી, અને સોયનું દાન!’’

ટોલ્સટોયની ભાષામાં ચમત્કાર હતો, કેમ કે જે કહ્યું તેના અમલ એમણે કર્યો. ગાદીતકિયે બેસનાર તે મજૂરી કરવા લાગ્યા. આઠ કલાક ખેતીનું કે બીજી મજૂરીનું કામ તેમણે કર્યું. જ્યારે તે શરીર-મહેનતનું કામ કરતા થયા ત્યાર પછી તો એમનું સાહિત્ય વધારે શોભ્યું. એમણે જેને પોતાનું મોટામાં મોટું પુસ્તક કહેલું છે, તે ‘કળા એટલે શું?’ તેમણે મજૂરી ઉપરાંતના વખતમાં લખેલું. મજૂરીથી એમનું શરીર ન ઘસાયું, તેમની બુદ્ધિ વધારે તેજસ્વી થઈ, એમ તેમણે પોતે કહેલું. અને એમના ગ્રંથોના અભ્યાસીઓ કહી શકશે કે એ સાચી વાત છે.

*

# દૂધમાં ખારો કાંકરો

## કાકા કાલેલકર

'ત્યારે કરીશું શું?' એ એક અત્યંત સમભાવી હૃદયનો વલોપાત છે; કારુણ્ય, ઔદાર્ય અને માધુર્યનું એક ઓજસ્વી રસાયણ છે.

ટોલ્સટોય શક્તિશાળી કલાધર હતા. 'ત્યારે કરીશું શું?' એ ટોલ્સટોયની સર્વોચ્ચ કોટિની કૃતિ ગણાય છે. એનો મુખ્ય વિશય આખા મનુષ્યસમાજના કલ્યાણનો છે.

પુરાણોમાં આપણે પૃથ્વીને ભાર થયાની વાતો સાંભળીએ છીએ. શું લોકસંખ્યા વધવાથી પૃથ્વીને ભાર થતો હશે? કે જંગલો વધવાથી કે હિમાલય જેવો પહાડ પાણીમાંથી બહાર ઉપસી આવવાથી? પૃથ્વીને ભાર થાય છે આળસનો, પાપનો, અનાચારનો, દ્રોહનો. ટોલ્સટોયે જોયું કે પૃથ્વીનો બહુ ભાર થયો છે, ભાર અસહ્ય થયો છે; હવે કાંઈક ઉત્પાત થવાનો, જ્વાળામુખી ફાટી નીકળવાનો અથવા અભૂતપૂર્વ દાવાનળ સળગવાનો. એ દુઃખ કેમ ટળે, એની વિવેચના આ ચોપડીમાં ટોલ્સટોયે કરી છે.

એણે જોયું કે આખી દુનિયામાં પ્રતિષ્ઠિત એદી લોકોની સંખ્યા અનહદ વધતી જાય છે. એમનું અમનચમન, એમની વાસનાઓ, ભોગો ભોગવવાના એમના ઉપાયો વધ્યે જ જાય છે. આ આયતારામો પ્રજાનો પરસેવો ચૂસી જાય છે. એની અવેજીમાં સમાજને કશું આપતા નથી. એટલું જ નહીં પણ સરકારી જબરદસ્તી અને પૈસાની જાળથી દબાયેલા લોકોને માથું ઊંચું કરવાનું પણ અશક્ય કરી મૂકે છે; દુનિયાને છેતરવા ખાતર જાતજાતની ફિલસૂફીઓ રચે છે, ધાર્મિક સિદ્ધાંતો ઉપજાવી કાઢે છે અને વિજ્ઞાન તથા કળાને ભ્રષ્ટ કરે છે.

આ બધું ઉઘાડું પાડવું, એ સહેલી વાત નથી. વિચારનો પ્રચાર કરવાનો ઈજારો જેમની પાસે છે એવા બધા જ માનવીના ટોળા સામે — આપણે પણ એ ટોળામાં જ છીએ – આ અભિમન્યુના જેવું અસમાન યુદ્ધ છે; એકાકી યુદ્ધ છે. પણ ટોલ્સટોયની લેખક તરીકેની શક્તિ અને હરિશ્ચંદ્રના

જેવી શ્રદ્ધા એ કાર્યને પહોંચી વળે એવી જ નીવડી.

અને પૃથ્વીનો ભાર હળવો કરવા ટોલ્સટોયે ઉપાય પણ કેવો સૂચવ્યો? સનાતન કાળથી જે ઉપાય સૂચવ્યો છે, એ જ : ''ત્યક્તેન ભુંજીથાહા.'' આ ઉપાય ટોલ્સટોયે ચોપડી જ લખીને નથી સૂચવાયો, પણ જાતે અકિંચન બનીને, પોતે યથાશક્તિ અપરિગ્રહવ્રત પાળીને, અને અંતે મહા અભિનિષ્ક્રમણ કરીને.

ટોલ્સટોયની ખ્યાતિ યુરોપમાં પ્રથમ પંક્તિની હતી. એની સાહિત્યકળા ઉપર યુરોપ વારી જતું. પણ જ્યારે ટોલ્સટોયે નિષ્પાપ જીવન ગાળવાને અર્થે સર્વસ્વ છોડ્યું, ત્યારે યુરોપમાં હાહાકાર થયો. નટ, વિટ અને ગણિકા જેવા છતાં પ્રતિષ્ઠિત થઈ બેઠેલા એવા લોકો કહે કે ટોલ્સટોયનો ઉપદેશ આચારમાં મૂકવા જેવો નથી. અમુક સુધારો પોતાથી થતો નથી માટે માણસમાત્રને તે અશક્ય છે, એવી મનુષ્યની માન્યતા બંધાઈ જાય છે.

ટોલ્સટોયને દ્રઢ શ્રદ્ધા છે કે જેમ માણસે ગુલામીની પ્રથા કાઢી નાખી, તેમ સત્તા અને મત્તાની આ પ્રથા પણ જવાની જ છે. સરકારો, માલમત્તા, પૈસો, એદી લોકોનો વર્ગ, અને એમનો દોર ટકાવવા તેમ જ ગરીબોને કચરી નાખવા ઊભી કરેલો ફોજો — આ બધી માણસે પોતે નિર્માણ કરેલી આપત્તિઓ છે. નિષ્પાપ અને સમૃદ્ધ જીવન માટે આમાંથી એકેની જરૂર નથી. બુદ્ધિમાન માણસે સાદાઈથી રહી સમાજની વધારે સેવા કરવી જોઈએ. વધારે એશઆરામમાં રહેવું અને વાંદાની પેઠે સમાજનું લોહી ચૂસવું, એ બુદ્ધિમાનને લાજમ નથી — એ જ એક મુખ્ય તત્ત્વ ટોલ્સટોયે આ પુસ્તકમાં ઠસાવવાનો પ્રયત્ન કર્યો છે. તેનું કહેવું છે કે, જેનું લૂણ ખાઈને જીવો છો તે પ્રજાની કાંઈક સેવા તો કરો — અરે, કાંઈ નહીં તો અસેવા કરતાં તો લજવાઓ!

ટોલ્સટોયનો ધર્મબોધ લોકોને ન રુચ્યો અને પરિણામે ત્રીસ વર્ષની અંદર જ, આ ચોપડીમાં ટોલ્સટોયે જે સ્પષ્ટ શબ્દોમાં આગાહી કરી હતી તે પ્રમાણે બની આવ્યું. મજૂરવર્ગની ધીરજ ખૂટી, પ્રજાક્ષોભ ફાટ્યો અને પ્રજાની જ ખાંધ પર બેસી પ્રજાને લાતો મારનાર વર્ગ ભૂકા થઈ ગયો.

અને છતાં ગરીબોનું દુઃખ મટ્યું નથી. હિંસાનું દુઃખ હિંસાથી મટે?

લોહીથી ખરડાયેલા હાથ લોહીએ ધોવાથી સાફ થઈ શકે?

ટોલ્સટોયનો ઉપદેશ રશિયા કરતાં પણ હિંદુસ્તાનને વધારે લાગુ પડે એવો છે. પ્રજાનો બોજો હલકો થાય નહીં અને જબરદસ્તીનો દોર મટે નહીં ત્યાં સુધી દેશની રાજકીય, સાંપત્તિક તેમજ સાંસ્કૃતિક પ્રગતિ થવાની નથી એ વાત, દેશનો વિચાર કરનાર માણસના મનમાં આ ચોપડી વાંચતી વખતે આવ્યા વગર રહેતી નથી.

રશિયાની પેઠે આ દેશમાં ભીષણ સ્ફોટ થવો જ જોઈએ, એમ પણ નથી. હિંદુસ્તાનમાં સંત-ફકીરોનું રાજ્ય અન્ય દેશો કરતાં વધારે ફેલાયું હતું. આપણા આદ્ય આચાર્યોએ જાતમહેનતનું મહત્ત્વ સમજાવ્યું છે. જાતમહેનત છોડવાથી સત્ત્વહાનિ થાય છે. માણસના કે પશુના ખભા પર બેસીને કરેલી જીવનયાત્રા નિષ્ફળ છે, પાતક છે, એ આપણે જાણીએ છે. પૈસો એ મેલી ચીજ છે, એવાં વચનો આપણે ત્યાં પડેલાં છે.

પણ આપણે એ બધાં ધર્મતત્ત્વો સાધુ-સંન્યાસીઓને વળગાડી દીધાં અને ધર્મને દૂર રાખ્યો. પણ ધર્મ શું ટાળ્યો ટળવાનો હતો? માછલીને જેમ જળ, તેમ માણસને માટે ધર્મ છે.

પણ ટોલ્સટોયની ચોપડીનું શું? એ બહુ ખરાબ ચોપડી છે. એ આપણને જાગ્રત કરે છે, અસ્વસ્થ કરે છે, ધર્મભીરુ કરે છે. આ ચોપડી વાંચ્યા પછી એશઆરામ અને મોજમજાના દૂધમાં પશ્ચાત્તાપનો ખારો કાંકરો પડે છે. જ્યારે પોતાનું જીવન કાંઈક સુધારીએ, ત્યારે જ એ મનોવ્યથા ઓછી થાય. આ ચોપડીનું વાચન સહેલું નથી; પણ સંસ્કારી માણસને આખર સુધી રોકી રાખે એવી એ છે.

*

# 1 : મોસ્કોના ભિખારી

મેં આખું આયુષ્ય ગામડાંમાં ગાળેલું, એટલે 1881માં હું મોસ્કો શહેરમાં રહેવા ગયો ત્યારે ત્યાંની શહેરી ગરીબાઈ જોઈ તાજુબ થયેલો. ગામડામાં ગરીબાઈ કેવી હોય છે તે હું જાણતો હતો, પણ આ શહેરી ગરીબાઈ મેં નવી જોઈ. મારી સમજમાં એ ઊતરતી જ નહોતી. મોસ્કોની શેરીઓમાં તમે નીકળો અને તમને ભિખારીઓ ન મળે, એમ બને જ નહીં; અને ગામડાંમાં જોવામાં આવે છે તેનાથી જુદી જ જાતના આ ભિખારી હોય છે. મોસ્કોના ભિખારીઓ હાથ લંબાવીને ભીખ માગતા ફરતા નથી. પણ તેની પાસે થઈને તમે પસાર થાવ ત્યારે તમારું ધ્યાન ખેંચવાની કોશિશ તે કરશે; અને તમારી નજર પારખીને તમારી પાસે માગશે અથવા નહીં માગે.

પહેલાં તો મને એ જ સમજાય નહીં કે શા માટે મોસ્કોના ભિખારી છડેચોક માગતા નહીં હોય. પાછળથી તેનું કારણ સમજાયું. એક દિવસ હું ગલીમાં થઈને જતો હતો, ત્યાં એક પોલીસનો માણસ કોઈ ચીંથરેહાલ ગામડીઆને પકડીને ટાંગામાં બેસાડતો હતો. એને ઉપાડી જવાનું કારણ મેં તે પોલીસને પૂછ્યું.

પોલીસ કહે, ‘‘એ ભીખ માગે છે.’’

‘‘માગવાની મનાઈ છે?’’

‘‘છેસ્તો !’’ પોલીસે જવાબ આપ્યો.

ભિખારીને ટાંગામાં લઈ જવામાં આવ્યો. બીજો ટાંગો લઈને હું તેમની પાછળ ગયો. ભીખ માગવાની ખરેખર જ મનાઈ છે કે કેમ, અને હોય તો એ મનાઈનો શી રીતે અમલ કરવામાં આવે છે, તે મારે જોઈ લેવું હતું.

એક માણસ બીજા માણસ પાસે કંઈક માગે એમાં તેને શીદને

રોકવામાં આવે, એ મારી બુદ્ધિમાં ઊતરતું ન હતું. વળી મોસ્કોમાં એટલા બધા ભિખારી જોવા મળતા હતા કે અહીં ભીખની બંધીનો કાયદો હશે એમ મારા મનને હું મનાવી જ શકતો ન હતો. પેલા ભિખારીને પોલીસ જે ચોકીમાં લઈ ગયો તેમાં હું પણ ગયો. ત્યાં તલવાર અને બંદૂકવાળો એક જણ મેજની પછવાડે બેઠો હતો. મેં તેને પૂછ્યું, ''આ ગામડીઆને શું કામ પકડવામાં આવ્યો છે?''

તલવાર ને બંદૂકવાળો મારી સામે કરડી નજર ફેંકી બોલ્યો, ''તેનું તમારે શું કામ છે?'' છતાં, મને કંઈક ખુલાસો આપવો જોઈએ એમ તેને લાગ્યું હશે એટલે, પાછો બોલ્યો, ''સરકારનો હુકમ છે કે આવા લોકોને પકડવા, એટલે તેને પકડવો પડ્યો છે.''

આ પ્રસંગ પછી તો કેટલીયે વાર પોલીસના માણસો ભિખારીઓને ચોકીમાં પકડી જતા મારા જોવામાં આવ્યા છે.

તમે જે રસ્તા પર જાવ, ત્યાં ભિખારીની ટોળીઓ મળવાની જ. દેવળોમાં પ્રાર્થના ચાલતી હોય ત્યારે તેની સામે ભિખારીઓની ઠઠ જામી ગઈ હોય છે. તેમ છતાં, આ બધું જોતાં મને માલૂમ પડ્યું કે, કાયદા મુજબ એમાંના કોઈ ભીખ માગી ન શકે.

પણ તો પછી કેટલાકને પકડીને પૂરી દેવામાં આવે છે, અને બીજાઓ છૂટા ફરે છે, એમ કેમ? એ વાત મને સમજાતી નહોતી. શું ભિખારીઓમાંયે કેટલાક કાયદેસરના ને કેટલાક ગેરકાયદે ભિખારી હશે? અથવા શું એ લોકો એટલા બધા છે કે એમને તમામને પકડવાનું શક્ય નથી? કે પછી શું જેમને પકડવામાં આવે છે તેમનું સ્થાન બીજા નવા તરત લઈ લેતા હશે?

આ ભિખારીઓમાંના ઘણા તો સીધાસાદા ગામડીઆ હોય છે. મને એવા ઘણીવાર મળેલા છે. કેટલાક અહીં શહેરમાં આવીને માંદા પડવાથી ઇસ્પિતાલમાં દાખલ થયેલા, અને સાજા થતાં તેમને ત્યાંથી રજા મળેલી; પણ એ ન રોટલો રળી શકે તેમ હતા કે ન તો મોસ્કો છોડીને જઈ પણ શકે. કેટલાકને વળી વધારામાં પ્યાલીનો ચટકો લાગેલો. આગ લાગવાથી જેમનાં ઘરબાર બળી ગયેલાં એવા પણ કેટલાક હતા. કોઈક બચરવાળ

બાઈઓ હતી. ઘડપણથી અશક્ત બનેલાયે તેમાં હતા, તો કેટલાક સાજાસારા ને કામ કરી શકે તેવા લોકો પણ હતા.

ગામડાના સાજાનરવા ખેડૂતો આમ ભીખ માગે, એ જોઈને મને તેનું કારણ જાણવાની જિજ્ઞાસા થતી. કારણ, હું મોસ્કોમાં આવ્યો ત્યારથી મેં નિયમ રાખ્યો હતો કે રોજ એક ટેકરી પર જઈ, ત્યાં લાકડાં વહેરતા બે ગામડીઆની સાથે, કસરત ખાતર, કામ કરવું. રસ્તામાં મળતા ભિખારીઓની જેમ એ બે પણ ગામડેથી આવેલા હતા. એકનું નામ પીટર, બીજાનું સીમન. તેમની માલમિલકતમાં તેમણે પહેરેલાં કપડાં અને તેમના બે-બે હાથ, એટલું જ હતું. એ બાવડાં વડે આકરી મહેનત કરીને એ લોકો રોજના 40-45 કોપેક જેટલું રળી લેતા, અને તેમાંથી કાંઈક બચત પણ કરતા. પીટરની ગણતરી એક ગરમ ડગલો લેવાની હતી, અને સીમન ગાડીભાડા પૂરતા પૈસા ભેગા કરીને પોતાને ગામ પાછો જવાનો હતો.

એટલે પછી એમના જેવા બીજા ગામડીઆઓને રસ્તા પર ભીખ માગતા જોતો ત્યારે મને ખાસ કૌતુક થતું કે, પેલા બે કેમ મજૂરી કરે છે અને આ લોકો ભીખ માગે છે?

એવો કોઈ ગામડીઓ મળે ત્યારે સામાન્ય રીતે હું તેને પૂછતો કે, તું આ દશામાં કેમ કરતાં આવી પડ્યો? એક દિવસ મને એક તંદુરસ્ત ભિખારી મળ્યો. તેની દાઢીના વાળ સફેદ થવા માંડ્યા હતા. તેનાં નામઠામ પૂછતાં એ કહે કે કાંઈક કામધંધો શોધવા એ ગામડેથી આવ્યો છે. પહેલાં એને બળતણ માટે જૂનાં લાકડાં ફાડવાનું કામ મળેલું. એક જોડીદારની મદદથી તેણે એ કામ પૂરું કર્યું. પછી બીજા કામની તલાશ કરી, પણ કાંઈ જડ્યું નહીં. દરમિયાન, પેલો જોડીઓ તેને છોડીને ચાલ્યો ગયો, એટલે હવે પખવાડીયાથી તે આમતેમ આંટા માર્યા કરે છે. પાસે જે કાંઈ હતું તે બધું ચવાઈ ગયું છે. કરવત કે કુહાડી ખરીદવા માટે પણ પાસે કશું રહ્યું નથી. મેં તેને કરવત લેવાના પૈસા આપ્યા અને ક્યાં જઈને તે મજૂરી કરી શકે એ પણ બતાવ્યું. પેલા પીટર ને સીમનને મેં કહી રાખ્યું કે એ આવે તો એને કામે રાખી લેવો અને એને કોઈ જોડીઓ પણ ગોતી દેવો.

‘‘જોજે ત્યારે, જરૂર આવજે હો !’’ મેં એને કહ્યું. ‘‘કામ તો ત્યાં ઢગલાબંધ છે.’’

‘‘હું આવીશ, જરૂર આવીશ, વળી!’’ તે બોલ્યો. ‘‘ભીખ માગવામાં શી મજા બળી છે? હજી તો હું મજૂરી કરી શકું એવો છું.’’

પોતે આવશે જ તેની આટલી બધી ખાતરી તેણે આપી, એટલે મને થયું કે એ ખરેખર આવવાનો જ.

વળતે દિવસે હું મારા ઓળખીતા પેલા બે ગામડીઆ પાસે ગયો અને એ માણસ આવ્યો હતો કે નહીં તેની ખબર કાઢી. ત્યાં તો કોઈ આવ્યું યે નહોતું ને કર્યુંય નહોતું.

બીજા કેટલાકે પણ મને એ જ રીતે ઠગ્યો. અમુકને તો પોતાને ગામ પહોંચવા જેટલા ગાડીભાડાના પૈસા જ ફક્ત જોઈતા હતા. પણ અઠવાડીઆ પછી રસ્તામાં પાછાં તેમનાં દર્શન થયાં જ હોય! આવા ઘણાને હું ઓળખી કાઢતો, અને તેઓ પણ મને ઓળખી જતા. પણ ક્યારેક આગલી મુલાકાત ભૂલી જઈને એ લોકો મારી પાસે ફરી પાછા પોતાનું જૂનું પુરાણ ચલાવવા માંડતા. અને કેટલાક તો મને દૂરથી જોતાં જ આડાઅવળા થઈ જતા.

આમ મેં જોયું કે એ ભિખારીઓમાં પણ ઘણા ઢોંગીઓ હતા. પણ એ ઢોંગી લોકોયે બિચારા બહુ દયાપાત્ર હતા. અરધા ઉઘાડા ડીલવાળા, દૂબળા, માંદલા કંગાલોની એ જમાત હતી : ટાઢથી ઠૂંઠવાઈને કે ગળે ફાંસો ખાઈને મોત ભેગા થનારાઓની વાતો આપણે છાપાંમાં વાંચીએ છીએ, તે માંહ્યલા જ એ સહુ હતા.

## 2 : પાપમાં ભાગીદાર

આ શહેરી કંગાલિયતની વાત હું શહેરના લોકોને જ્યારે જ્યારે કરતો, ત્યારે સૌ મને એમ જ કહેતા કે, ‘‘અહો, એટલામાં શું અકળાઈ ગયા? હજી તમે ક્યાં બધું જોયું છે? ખરી દશા જોવી હોય, તો ખિત્રોવ બજારે જાઓ અને ત્યાંની ચાલીઓ જુઓ!’’

જે કંગાલિયતની વાતો હું સાંભળતો, તે નજરે જોવાનું મન થતું હતું. કેટલીયે વાર હું ખિત્રોવ બજારે જવા નીકળ્યો, પણ દર વખતે દિલમાં બેચેની થઈ આવે, ત્યાં જતાં લાજ આવે. ‘‘જેમાંથી તું તેમને ઉગારી શકવાનો નથી, એવાં ગરીબોનાં દુખો જોવા તારાથી કેમ જવાય?’’ અંતરમાંથી એક અવાજ આવતો.

‘‘પણ જો તું અહીં રહીને શહેરી મોજમજા જુએ છે, તો પછી ત્યાં જઈને શહેરી કંગાલિયત પણ જોઈ લે,’’ બીજો અવાજ વળી એમ કહેતો.

છેવટે, ડિસેમ્બર મહિનામાં એક દિવસે કડકડતી ઠંડીમાં શહેરી કંગાલિયતના એ કેન્દ્ર ખિત્રોવ બજારમાં જવા હું નીકળ્યો. બપોરના ચાર થયા હશે. રસ્તા પર હું આગળ ચાલતો ગયો તેમ તેમ ચિત્રવિચિત્ર વેશવાળા માણસો વધુ ને વધુ સંખ્યામાં નજરે પડવા લાગ્યા. તેમણે પહેરેલાં કપડાં બીજાનાં ઊતરેલાં હોઈ વિચિત્ર લાગતાં હતાં. બધા જ લોકો રોગી જેવા દેખાતા હતા, અને સૌના ચહેરા પર એક જાતની, બેપરવાઈની છાપ જોવામાં આવતી હતી.

એ બધા એક જ દિશામાં જતા હતા. તેમની પાછળ પાછળ ચાલતો હું ખિત્રોવ બજારમાં પહોંચ્યો. ફાટેલાંતૂટેલાં ટોપાંવાળી, પોલકાં-ચણિયા ને બૂટ પહેરેલી, અને આવા બેહૂદા વેશ છતાં બિલકુલ સંકોચનું નામ ન જાણતી એવી જુવાન ને ઘરડી બાઈઓ બજારમાં બેઠીબેઠી કાંઈક ને કાંઈક વેચતી

હતી, અથવા આંટા મારતી હતી અને ગાળાગાળી કરતી હતી.

બજારમાં થઈને ઘણાખરા લોકો એક ટેકરી પર ચડતા હતા. હું પણ તેમની પાછળ ગયો. રસ્તા પર બે બાઈઓ જતી હતી તેમની સાથે હું થઈ ગયો. બન્નેએ ફાટેલાં, રંગ ઊડી ગયેલાં કપડાં પહેરેલાં હતાં. કશીક વાતચીત કરતી એ ચાલી જતી હતી, તેમાં દર બે શબ્દે એક અશ્લીલ બોલ સંભળાતો હતો. એ બાઈઓ પીધેલી તો નહોતી લાગતી, પણ કાંઈક કારણસર ઊકળેલી હતી. તેમની આગળપાછળ ચાલતા માણસોમાંથી કોઈનું ધ્યાન એ બાઈઓની વિચિત્ર વાતચીત તરફ જરા જેટલું પણ ખેંચાતું નહોતું. આ લત્તામાં બધા લોકોની બોલવાની ઢબ આવી જ હશે, એમ મને લાગ્યું.

રસ્તામાં ડાબે હાથે કેટલીક ચાલીઓ આવી, ત્યાં થોડા થોડા માણસો રોકાતા ગયા અને બાકીના આગળ ચાલ્યા. ટેકરી ચડ્યા પછી અમે એક મકાન પાસે પહોંચ્યા. મારી સાથેના લોકોમાંથી ઘણા આ મકાન આગળ ઊભા રહ્યા. મકાન સામેની પગથી પર તથા બરફથી છવાયેલા રસ્તા પર એવા જ માણસો આંટા મારતા હતા અથવા બેઠેલા હતા. અંદર જવાને દરવાજે જમણે હાથે સ્ત્રીઓ હતી ને ડાબે હાથે પુરુષો હતા. એ મકાનમાં રાતવાસા માટેની ધરમશાળા હતી. તેમાં પ્રવેશ મેળવવાની આશાએ ટોળાબંધ લોકો ત્યાં ઊભા હતા. સાંજના પાંચ વાગ્યે દરવાજા ખૂલે છે ત્યારે માણસોને અંદર દાખલ કરવામાં આવે છે. રસ્તામાં જે બધા લોકો મેં જોયેલા તેમાંના ઘણાખરા અહીં આવવા જ નીકળેલા હતા.

પુરુષોની હાર જ્યાં પૂરી થતી હતી, ત્યાં જઈને હું ઊભો રહ્યો. મારી નજીક હતા તે લોકો મારા સામું જોવા લાગ્યા, અને એમની નજરથી મારું ધ્યાન ખેંચવા લાગ્યા. એમનાં અંગ ઢાંકતા ગાભા ભાતભાતના હતા, પણ મારી ઉપર મંડાયેલી એ બધી નજરોમાં એક જ વાત વંચાતી હતી. એ બધા જાણે કે સવાલ કરી રહ્યા હતા કે, ‘‘ઓ બીજી કોઈ દુનિયાના માનવી, શા માટે તું અહીં આવીને અમારી પડખે ઊભો છે? તું કોણ છે? શું તું કોઈ ધરાઈ ગયેલો ધનવાન છે, અને તારા કંટાળાભરેલા જીવનમાંથી જરા મનફેર કરવા, અમારાં દુખો જોવાની મજા માણવા અને અમારી આંતરડી કકળાવવા અહીં

આવ્યો છે? અથવા તો શું તું — જે નથી બનતું ને નથી બનવું સંભવતું, એવો — કોઈ અમારી દયા જાણનારો આદમી છે?''

દરેક ચહેરા પર આ જ સવાલ હતો. એ લોકો મારી સામું તાકે, મારી સાથે નજર મિલાવે, અને પાછાં મોં ફેરવી લે. મને થયું કે લાવ, કોઈકની સાથે વાતચીત શરૂ કરું; પણ બહુ વાર સુધી એ વિશે નિશ્ચય ન કરી શક્યો. જોકે અમારાં મોં મૂંગાં હતાં, છતાં અમારી આંખો અમને વધુ નિકટ આણી રહી હતી. સંજોગોએ અમને ગમે તેટલા અલગ પાડેલા હોય તેમ છતાં, બે-ત્રણ વાર નજરો મળી એટલે અમે સૌ મનુષ્ય તરીકે સમાન છીએ એવી લાગણી હૃદયમાં પ્રગટી, અને એકબીજાનો ડર અમારા દિલમાંથી ઊડી ગયો. મારી સાવ પાસે એક ગામડીઓ ઊભો હતો. તેનું મોં સૂજેલું હતું, દાઢી લાલ હતી. તેણે ફાટેલો ડગલો પહેરેલો હતો, અને ફાટેલા જોડા સોંસરા એના પગ દેખાતા હતા. ઠંડીનો પારો એકદમ નીચે ઊતરી ગયો હતો. અમારી નજર ત્રણચાર વાર મળી પછી મેં એટલી નિકટતા અનુભવી કે તેની સાથે વાત કરવાની શરમ આવવાને બદલે, મને ઊલટું એમ લાગ્યું કે આની સાથે કાંઈ નહીં બોલું તો એ શરમની વાત ગણાશે.

''ક્યાં રહેવું?'' કરીને મેં શરૂઆત કરી. એણે મોકળા મનથી જવાબ દીધો અને વાતો કરવા માંડી, ત્યાં બીજાઓ પણ અમારી નજીક આવવા લાગ્યા. એ કાંઈક કામ શોધવા મોસ્કો આવ્યો હતો. ગામડે ઘરમાં દાણા નહોતા અને મહેસૂલ ચડી ગયું હતું, અહીં બે પૈસા રળી લેવા આવેલો. પણ, એણે કહ્યું કે, ''મજૂરી શોધી જડતી નથી, એટલે આમતેમ ભટકું છું; બે દિવસ થયાં પેટમાં કોળિયો ધાન પડ્યું હોય તો ભગવાન સાક્ષી!'' આ વચનો તેણે જરાક શરમાતાં, મોં મલકાવવાનો યત્ન કરતાં કહ્યાં.

કાવો વેચનારો કોઈ બુઢ્ઢો સિપાઈ પાસે ઊભો હતો, તેને મેં બોલાવ્યો. ગરમાગરમ કાવાનો પ્યાલો તેણે ભર્યો. પેલા ગામડીઆએ તે હાથમાં લીધો, અને મોઢે માંડતાં પહેલાં તેના વડે પોતાનાં આગળાં જરા શેકી લીધાં — એની મોંઘી ગરમી જરા પણ નકામી કેમ જવા દેવાય? હાથ એમ શેકતાં શેકતાં તેણે પોતાના અનુભવોની વાત કરવા માંડી. (આ લોકોના અનુભવ,

અથવા અનુભવની એમણે જોડી કાઢેલી વાતો હમેશાં લગભગ એકસરખી જ હોય છે.) પહેલાં તેને એક નાનુંસરખું કામ મળેલું, પણ તે પૂરું થયું. પછી, જે કાંઈ પૈસા એની પાસે હતા તે અને પાસપોર્ટ સહિત તેનું પાકીટ અહીં ધરમશાળામાંથી ચોરઈ ગયું. હવે હાલત એવી થઈ પડી છે કે એનાથી મોસ્કો છોડીને જઈ પણ ન શકાય. એ કહે કે દિવસે કોઈ હોટલોમાં આંટા મારતો રહેતો અને ક્યારેક રોટીના ટુકડા મળે તે ખાઈ લેતો હતો. ક્યારેક વળી હોટલવાળા એને તગેડી મૂકતા. અહીં ધરમશાળામાં એ વગરપૈસે રાતવાસો કરી શકતો હતો. ‘‘હું તો રાહ જ જોઉં છું કે ક્યારે પોલીસની ધાડ આવે અને મારી પાસે પાસપોર્ટ નથી એટલે મને પકડી જાય ને મારે ગામડે ધકેલી દે. કહે છે કે ગુરુવારે પોલીસની ધાડ પડવાની છે. (જેલ તથા પોલીસપહેરા હેઠળ ગામડે જવાનું એને મન તો જાણે સ્વર્ગની સફર હતી!)

તેની વાત ચાલતી હતી તેવામાં ટોળામાંથી બે-ત્રણ જણા વાતમાં ભળ્યા. પેલાની વાત સાચી છે, એમ તેમણે શાખ પૂરી અને કહેવા લાગ્યા કે, અમારા પણ બરાબર એ જ હાલ છે. ટોળામાંથી મારગ કરીને એક દૂબળો, ફીકો, લાંબા નાકવાળો જુવાનિયો મારી નજીક આવી પહોંચ્યો. તેના શરીર પર એક પહેરણ સિવાય કાંઈ નહોતું, અને પહેરણમાંયે બાકાં પડેલાં હતાં. સખત ઠંડી ન ખમાવાથી તે સતત ધ્રૂજતો હતો. તેને પણ મેં કાવાનો પ્યાલો અપાવ્યો. પ્યાલો લઈને તેણે પણ પોતાના હાથ શેકવા માંડ્યા, અને મારી સાથે વાત કરવા જતો હતો ત્યાં એક કદાવર, શ્યામવર્ણા માણસે ધક્કો મારીને તેને બાજુએ હઠાવી દીધો. એણે પણ કાવો માગ્યો. પછી એક ગટ્ટો માણસ આવ્યો. તેનું મોં સૂજેલું હતું ને આંખમાં પાણી હતું. તેણે પહેરેલા પાટલૂનનાં કાણાંમાંથી ટાઢથી થરથરતા ને એકબીજા સાથે ભટકાતા તેના ગોઠણ દેખાતા હતા. તે એટલો ધ્રૂજતો હતો કે પ્યાલો પણ બરાબર પકડી શક્યો નહીં અને કાવો તેના શરીર પર ઢોળાયો. બધા તેને ઠપકો દેવા લાગ્યા. એ બિચારો દયામણે ચહેરે હસ્યો ને ધ્રૂજતો ઊભો રહ્યો. ત્યાર પછી વાંકાંચૂકાં અંગવાળો એક લઘરો આવ્યો. ઉઘાડા પગે તેણે ચીંથરાં વીંટાળેલાં હતાં. પછી તો ચિત્રવિચિત્ર વ્યક્તિઓ આવવા લાગી. ટાઢ અને ભૂખથી પીડાતો

એ આખો સમુદાય, દયામણો ને ગરીબડો, મારી ફરતો ટોળે વળ્યો અને કાવો માગવા લાગ્યો. વેચનારાનો કાવો ખલાસ થઈ ગયો ત્યાં સુધી સૌએ તે પીધો.

પછી એક જણે થોડા પૈસા માગ્યા, તે મેં આપ્યા. ત્યાં તો બીજાએ માગ્યા, ત્રીજાએ હાથ લંબાવ્યો. આખા ટોળાએ મને ઘેરી લીધો. ધક્કામુક્કી ને કચડાકચડી ચાલી. ટોળામાંથી કેટલાક જણ તરત જ સ્વયંસેવક બની ગયા ને મારું રક્ષણ કરવા બહાર પડ્યા. તેઓ મને આ કચડાકચડીમાંથી બહાર કાઢવા માગતા હતા. પણ ટોળું તો ધક્કામુક્કી કરીને મને ઘેરી વળ્યું હતું. મારી સામે તાકીતાકીને એ બધાં કાંઈક માગતાં હતાં. બધાંના ચહેરા એકબીજાથી ચડે તેવા નિસ્તેજ, ગરીબડા, દયામણા હતા. મારા ખીસામાં જે કાંઈ હતું, તે બધું મેં તેમને આપી દીધું. જો કે એ કોઈ ઝાઝી રકમ નહોતી — વીસેક રુબલ હશે. પછી એ લોકોની સાથે હું પણ ધરમશાળામાં પેઠો.

ધરમશાળા વિશાળ છે. તેના ચાર વિભાગ પાડેલા છે. માળ ઉપર પુરુષો માટેના ખંડ છે, ભોંયતળિયે સ્ત્રીઓ માટે વ્યવસ્થા છે. પ્રથમ હું સ્ત્રીઓના વિભાગમાં ગયો. ત્યાં એક મોટા ઓરડામાં સૂવાના બાંકડા હારબંધ ગોઠવેલા છે. રેલગાડીનો ત્રીજા વર્ગનો ડબ્બો હોય તેવો દેખાવ છે. બાંકડાની ઉપર-નીચે એવી બે હાર કરેલી છે. પહેરેલાં વસ્ત્ર સિવાય જેમની પાસે બીજું કશું જ ન મળે એવી, વિચિત્ર વેશવાળી સ્ત્રીઓ, જુવાન ને બુઢ્ઢી, અંદર આવીઆવીને પોતપોતાની જગાનો કબજો લેવા લાગી; કોઈ નીચે, કોઈ ઉપર. ઘરડી સ્ત્રીઓ હાથથી ક્રૂસની મુદ્રા કરીને ઈશ્વરની પ્રાર્થના કરવા અને ધરમશાળા બંધાવનારને દુવા દેવા લાગી. બીજીઓ હસાહસ ને ગાળાગાળી ચલાવવા મંડી.

ત્યાંથી હું ઉપલે માળે ગયો. અહીં પુરુષો બાંકડાઓમાં ગોઠવાઈ ગયા હતા. જેને મેં થોડા પૈસા આપેલા તેવો એક જણ તેમની વચ્ચે દેખાયો. તેને જોતાં જ મારું પોતાનું મોં એકદમ પડી ગયું અને ઝટ ઝટ હું ત્યાંથી બહાર નીકળી ગયો. મેં જાણે કોઈ મોટું પાપ કર્યું હોય એવી લાગણી સાથે

હું ઘેર ચાલ્યો ગયો.

ઘરમાં દાદર પર બિછાવેલી જાજમ પર પગ માંડતો હું ઓરડામાં દાખલ થયો. આખા ઓરડામાં ગાલીચો બિછાવેલો હતો. ત્યાં મારો હૂંફાળો ગરમ ઓવરકોટ ઉતારીને હું ભોજન લેવા બેઠો. પાંચ જાતનાં પકવાન પીરસાયાં. ખાસ પોશાક, સફેદ નેકટાઈ અને શ્વેત હાથમોજાંમાં સજ્જ બે બબરચીઓ તહેનાતમાં હતા.

ત્રીસ વરસ પર પેરિસમાં હજારો જોનારાઓની સમક્ષ એક આદમીનો શિરચ્છેદ થતો મેં જોયેલો, તેની યાદ તાજી થઈ. એ માણસ ભયંકર ગુનેગાર હતો, તે હું જાણતો હતો; એવી સજાના બચાવમાં સૈકાઓથી જે જે લખાણો લોકો લખતા આવ્યા છે, તેનાથી પણ હું વાકેફ હતો. આ સજા ઇરાદાપૂર્વક, જ્ઞાનપૂર્વક કરવામાં આવે છે તે પણ હું જાણતો હતો. પરંતુ માથું અને ધડ જુદાં થઈને પેટીમાં પડ્યાં, તે ક્ષણે મારું હૃદય રડેલું. તે વખતે હું સમજેલો – બુદ્ધિથી નહીં, હૃદયથી નહીં પણ — મારા રોમરોમથી સમજેલો કે દેહાંતદંડના બચાવમાં થતી તમામ દલીલો વાહિયાત છે. ત્યારે હું સમજેલો કે જગતમાં મોટામાં મોટો ગુનો જે ખૂન છે, તે કરવા માટે ભલે ગમે તેટલા લોક ભેગા થયા હોય, તેઓ તેને ભલે ગમે તે નામ આપતા હોય, પણ ખૂન તે ખૂન જ રહે છે; અને એ મહાપાપ આજે મારી આંખ સામે આચરવામાં આવ્યું છે, મારી હાજરીથી અને અવિરોધથી તે પાપમાં મેં સંમતિ આપી છે, ને તેમાં મેં ભાગ લીધો છે.

તે જ રીતે આજે આ હજારોનાં ભૂખ, ટાઢ અને અવદશાનાં દર્શનથી હું સમજ્યો — મારી બુદ્ધિથી કે હૃદયથી નહીં પણ મારા પરમાણુએ પરમાણુથી સમજ્યો — કે મોસ્કોમાં આવા હજારો મનુષ્યો હોય, અને હું મારા જેવા સેંકડોની સાથે માલમલીદા ઉડાવતો રહું, મારા ઘરની ભોંય પર ચિત્રમય ગાલીચા બિછાવું, એ મોટો ગુનો છે — ભલે જગતના ડાહ્યા માણસો આવી અસમાનતાની આવશ્યકતા વિશે મને મોટાં મોટાં વ્યાખ્યાનો સંભળાવે. વળી આ ગુનો એક જ વાર થઈને અટકતો નથી, પણ નિરંતર થતો જ રહે છે; અને એ ગુનો હું કેવળ સાંખી જ લઉં છું એમ નથી, પણ મારા

મોજશોખો વડે તેમાં હું સીધો ભાગ ભજવું છું.

એ બે ગુનાઓમાં ભેદ હોય તો મારે મન તે આટલો જ છે : પેલા શિરચ્છેદ પ્રસંગે મારાથી બહુ બહુ તો એટલું બની શક્યું હોત કે વધયંત્રની પાસે ઊભા રહીને વધની ક્રિયા કરનારા પેલા ખૂનીઓને રાડ પાડીને કહેવું કે તમે લોકો ખોટું કરો છો, તથા તેમના કામમાં હરેક રીતે મારે વિઘ્ન નાખવું. પણ એટલું કરત તોયે તે પ્રસંગે હું સમજતો હતો કે મારા એ કૃત્યથી ખૂન અટકી ન શક્યું હોત.

આ પ્રસંગે તો મેં ગરીબ લોકોને કાવો પાયો ને મારા ગજવામાં થોડાક પૈસા હતા તેટલા આપી દીધા. પણ એટલેથી મારે અટકવું જોઈતું નહોતું. ધારત તો મારો ઓવરકોટ હું તેમને ઉતારી આપી શક્યો હોત, ઘેર મારી પાસે જે કંઈ હતું તે પણ આપી દઈ શક્યો હોત. પણ તે મેં ન આપ્યું. તેથી મને લાગ્યું — આજે પણ લાગે છે અને એ લાગણી કોઈ દિવસ મટનાર નથી — કે જ્યાં સુધી મારી પાસે વધારે પડતું ખાવાનું છે અને બીજા કોઈક પાસે જરાયે નથી, જ્યાં સુધી મારી પાસે બે વસ્ત્ર છે ને બીજા કોઈક પાસે એકેય નથી, ત્યાં સુધી એક નિરંતર ચાલી રહેલા પાપમાં હું ભાગીદાર છું.

# 3 : કંગાલિયતની નાબૂદી કાજે

ધરમશાળામાંથી આવીને તે જ રાત્રે મેં મારા વિચારો એક મિત્રને કહ્યા. મારો એ શહેરી મિત્ર મને ઠંડે પેટે સમજાવવા લાગ્યો કે, ‘‘આ તો શહેરી જીવનનું રોજનું દૃશ્ય છે, તમે ગામડામાં રહેનાર, તેથી તમને એમાં વિશેષતા દેખાય છે. અહીં તો પરાપૂર્વથી એમ જ ચાલતું આવ્યું છે અને હંમેશા એમ જ ચાલતું રહેવાનું. એ તો સુધારાનું એક અનિવાર્ય લક્ષણ છે. લંડનમાં તો અહીંથીયે વધુ ભયંકર કંગાલિયત છે. તેમાં કશું જ બૂરું નથી, માટે જીવ બાળવાનું કાંઈ કારણ નથી.’’

એ મિત્રના જવાબમાં હું દલીલો કરવા લાગ્યો, પણ હું એટલો બધો તપીને અને તાણીને દલીલ કરતો હતો કે બાજુના ઓરડામાં મારી પત્ની હતી, તે ‘‘શું છે? શું છે?’’ કરતી દોડી આવી. પછી મને ભાન થયું કે અજાણમાં જ હું ગળગળા અવાજે બરાડતો હતો અને મારા મિત્રના મોં તરફ હાથ ઉગામતો હતો. મેં ચીસ પાડેલી, ‘‘કેમ, કેમ, આ રીતે તે શેં જીવ્યું જાય?’’ લાગણીના આવા અતિરેક માટે મને સૌએ શરમિંદો કરી મૂક્યો. ‘‘તમને તો કોઈ દિવસ ધીમેથી વાત કરતાં જ ન આવડી! વાતવાતમાં એવા તપી જાઓ છો કે સામા માણસને માઠું લાગી જાય.’’ એવું એવું મને સંભળાવવામાં આવ્યું. અને એ બધાથી વિશેષ તો એ થયું, કે એવાં અક્કર્મી લોકો ગામમાં હોય તેમને આપણા ઘરના સ્નેહમય જીવનમાં કંકાસ દાખલ કરવાનું કારણ ન બનાવવાં જોઈએ, એમ સૌએ ભેગાં થઈને મને સિદ્ધ કરી આપ્યું.

મને લાગ્યું કે એમનું કહેવું તદ્દન ખરું હતું. એટલે હું ચૂપ રહ્યો. પણ મારા અંતરના ઊંડાણમાંથી સૂર આવતો હતો કે સાચો તો હું જ છું. એટલે મને શાન્તિ ન વળી.

જે શહેરી જીવન પહેલાં પણ મને અડવું અડવું લાગતું હતું, તે હવે તો એટલું અકારું થઈ પડ્યું, કે આજ સુધી મેં ભોગવેલાં વિલાસમય જીવનનાં સર્વ સુખ હવે મને સંતોરવા લાગ્યાં. એવા એક પણ વિલાસને જોઈને હવે હું ઊકળ્યા વગર રહી શકતો ન હતો. મારું પોતાનું દીવાનખાનું શું, કે બીજા કોઈનું શું, ચળકતાં સ્વચ્છ વાસણોમાં પીરસેલાં સ્વાદિષ્ટ ભોજન શું, ગાડી શું, કે તેના ઉપર બનીઠનીને બેઠેલો ગાડીવાન ને ઘોડા શું, દુકાનો, નાટકશાળાઓ કે મેળાવડાઓ શું — કશાની સામે ઉકળાટ વગર મારાથી જોઈ શકાતું ન હતું, આ બધું જોતાં તેને પડખે જ પેલી ધરમશાળાનાં ટાઢે ઠૂંઠવાતાં, ભૂખે મરતાં ને હડે હડે થતાં અનાથોને મારી નજર સામે તરી આવતાં હું રોકી શકતો ન હતો. આ બે વસ્તુઓ એકબીજાની સાથે સંબંધ ધરાવે છે, એકની ઉત્પત્તિ બીજામાંથી જ છે, એ ખ્યાલને હું મગજમાંથી કાઢી શકતો ન હતો. પહેલી જ ક્ષણે જે અપરાધીપણાની લાગણી મારામાં પેદા થયેલી, એ લાગણી તેવી ને તેવી મારામાં જડાઈ રહેલી, એ મને યાદ છે.

પરંતુ થોડી જ વારમાં એક બીજી લાગણી આની અંદર ભળી, અને તેણે પહેલી લાગણીને ઢાંકી દીધી. ધરમશાળાની મારી પર પડેલી છાપ વિશે નિકટના મિત્રોને અને ઓળખીતાઓને જ્યારે હું વાત કરતો ત્યારે, તેઓ મને સમજાવતા કે, એ તો તમે, લિયો ટોલ્સટોય એટલા ભલા અને દયાળુ છો, કે તે દેખાવની તમારા ઉપર આટલી બધી અસર પડી. તેમની વાત મને તરત ગળે ઊતરી ગઈ. શરમ ને પશ્ચાત્તાપની જે લાગણીએ મને પહેલાં ઘેર્યો હતો તે એક પલકમાં ઊડી ગઈ, અને તેને ઠેકાણે મારા પોતાના પરોપકારીપણા વિશે સંતોશની અને તેનું પ્રદર્શન કરવાની વૃત્તિ પેદા થઈ.

મેં મારા મનને કહ્યું, ‘‘બેશક, મારા પોતાના એશઆરામનો આમાં દોશ નથી, દોશ તો જગતની અનિવાર્ય પરિસ્થિતિનો છે. હું મારા જીવનમાં પરિવર્તન કરું તેટલાથી, મેં જે દુઃખદારિદ્રય જોયું તે ઓછું જ ફીટવાનું હતું? મારા જીવનમાં ફેરફાર કરીને તો હું કેવળ મને પોતાને ને મારા પરિવારને દુખી કરી મૂકીશ. પેલા અભાગિયાં તો તોપણ જેવાં છે તેવાં જ રહેવાનાં.

"એટલે મેં પહેલાં ધારેલું તેમ મારું કામ મારા પોતાના જીવનમાં ફેરફાર કરવાનું નથી, પણ મારા દિલમાં કરુણા ઉત્પન્ન કરનાર પેલાં અભાગિયાં લોકોની સ્થિતિ સુધારવા માટે યથાશક્તિ કાંઈ કરવું, એ છે. હું પોતે બહુ સારો ને દયાળુ માણસ છું અને મારા પાડોશીઓનું કંઈક ભલું કરવાની ઇચ્છા ધરાવું છું."

એટલે પછી મેં કંઈક પરોપકારની પ્રવૃત્તિની યોજના વિચારવા માંડી, જેમાં મારા આ સદાશયને પ્રગટ કરવાનો મને અવસર મળે. તે છતાં, હું આ પરોપકારની પ્રવૃત્તિનું ચિંતન કરી રહ્યો હતો ત્યારે પણ, મારા અંતરમાં તો ઊંડે ઊંડે એમ જ લાગતું હતું કે, 'ના, ના, આ વાત સાચી નથી.' પરંતુ વારંવાર બને છે તેમ તર્ક અને કલ્પનાનાં મોજાંઓએ મારી ધર્મબુદ્ધિના અવાજને અંદર ને અંદર ડુબાવી દીધો.

તે જ અરસામાં નવા વસ્તીપત્રકની તૈયારીઓ ચાલતી હતી. મારા સદાશયને પરોપકારકૃત્યમાં પ્રગટ કરવાની મને ઇચ્છા થઈ હતી, તેને અવકાશ આપવા માટે એ તક મને સરસ જણાઈ. મોસ્કોમાં ઘણી ધર્માદા સંસ્થાઓ અને મંડળીઓ મારી જાણમાં હતી; પણ તેમની પ્રવૃત્તિઓ ખોટી દિશામાં વહે છે અને જે કામ મેં ઉપાડવા ધાર્યું છે તેના પ્રમાણમાં તદ્દન ક્ષુલ્લક છે એમ મને દેખાયું. એટલે મેં નીચે પ્રમાણે કાર્યક્રમ રચ્યો.

શહેરની કંગાલિયત વિશે મારે ધનિક વર્ગની અંદર દયાની લાગણી ઉત્પન્ન કરવી, ફાળો ઉઘરાવવો અને આ કામમાં સહકાર આપવા ઇચ્છતા માણસોને એકઠા કરવા; વસ્તીપત્રક ભરનારાઓની સાથે ગરીબ લત્તાઓના ખૂણેખૂણાની મુલાકાત લેવી, અને પત્રક ભરવા ઉપરાંત દીનદુખીઓની સાથે સંબંધ બાંધવો; તેમને કઈ કઈ બાબતની તંગી છે તે શોધી કાઢવું; અને પૈસા આપીને, રોજી મેળવી આપીને, મોસ્કોમાં નાછૂટકે ફસાઈ પડેલાઓને પોતાને ગામ જવાની સગવડ કરી આપીને, છોકરાઓને નિશાળોમાં બેસાડીને અને ઘરડાં-બુઢ્ઢાંઓને આશ્રય આપીને, અથવા ધરમશાળાઓમાં પહોંચાડીને; — એમ અનેક રીતે તેમને મદદ કરવી. મારી કલ્પના આથી પણ વધારે હતી. મારો વિચાર એવો હતો કે આ

કાર્યમાં જોડાયેલાં માણસોમાંથી એક કાયમનું મંડળ બાંધવું; તે મંડળના સભ્યો મોસ્કોના બધા લત્તાઓ માંહોમાંહે વહેંચી લે અને ગરીબાઈ કે કંગાલિયત જન્મવા જ ન પામે એવી પોતપોતાના લત્તામાં સૌ ખબરદારી રાખે. તેનાં બીજને ઊગતાં જ દાબી દે. આ શહેરી દારિદ્ર્યરોગને મટાડવા કરતાં તેને પેદા ન થવા દેવા પાછળ જ તેઓ અધિક ધ્યાન આપે. મારી એવી પણ કલ્પના હતી કે મારી યોજના સફળ થાય તો પેલા ભિખારીઓ તો શું, પણ શહેરમાં કોઈ પણ માણસ તંગી ભોગવતું ન રહેવા પામે. અને આ બધું હું કરી શકીશ એમ મેં માન્યું. પછી અમે તવંગર લોકો નિરાંતે અમારાં દીવાનખાનામાં બેસીશું, પાંચ પકવાનનાં ભોજન આરોગીશું, ગાડીઓ દોડાવી નાટકશાળાઓ અને મેળાવડાઓમાં જઈશું, કારણ અનાથાલયમાં મેં જોયેલાં તેવાં, અમારા જીવને સંતોરનારાં દૃશ્યો પછી જોવાનાં રહેશે નહીં.

આવા અનેક ઘોડા ઘડ્યા પછી મેં તેના ઉપર એક લેખ લખી કાઢ્યો અને તે છાપવા માટે મોકલતાં પહેલાં, જે જે મિત્રો પાસેથી મદદ મળવાની મને આશા હતી તેમને મળ્યો. તે દિવસે હું જેટલા જેટલાને મળ્યો (મુખ્યત્વે ધનિકોને જ મળવા ગયેલો) તેમની આગળ એકના એક જ શબ્દો, લગભગ લેખમાં લખ્યા હતા તે જ શબ્દો, હું બોલી ગયો. મોસ્કોમાં કેટલા ગરીબો છે તેની માહિતી ભેગી કરી કાર્ય અને ધનથી તેમને મદદ કરવાના હેતુથી મોસ્કોમાં ચાલતી વસ્તીગણતરીનો ઉપયોગ કરવો અને મોસ્કોમાં કોઈ ગરીબ જ રહે નહીં એમ કરી નાખવું, એ અમારો ઉદ્દેશ મેં સમજાવ્યો; પછી આપણે શ્રીમન્ત લોકો જીવનમાં જે સુખોથી જન્મથી ટેવાયા છીએ તેનો શાંત હૃદયે ઉપયોગ કરી શકીશું. સૌએ ધ્યાનપૂર્વક અને ગંભીરતાથી મારું કહેવું સાંભળ્યું, પણ સૌને વિશે મને એકસરખો જ અનુભવ થયો. આ બધાનો શો ઉદ્દેશ છે, એ જે પળે મારા શ્રોતાઓના મગજમાં ઊતરતું, તે જ પળે તેઓ ઊંચાનીચા થવા માંડતા અને શરમિંદા દેખાતા. આવી મૂર્ખાઈભરેલી વાતો હું કેમ કરતો હોઈશ એ જોઈ તેઓ મારે માટે શરમાતા. છતાં મારી મૂર્ખાઈભરેલી વાતો એવી હતી કે જેને છડેચોક મૂર્ખાઈભરેલી કહેવાની

કોઈની હિંમત નહોતી. સાંભળનારાઓને મારી આ બેવકૂફી દરગુજર કરી લેવી પડતી હોય, એમ લાગતું હતું.

"હા, હા, જરૂર જરૂર, વિચાર બહુ સુંદર છે," તેઓ મને કહેતા. "તમારી યોજનામાં અમારી સહાનુભૂતિ તો વગર પૂછ્યે સમજી જ લેવી. મને પણ આવો જ વિચાર આવેલો, પણ સાધારણ રીતે આપણા લોકો એટલા બેપરવા હોય છે કે આવા કામમાં બહુ સફળતાની આશા ભાગ્યે જ રાખી શકાય. પણ કંઈ નહીં, હું પોતે તો અલબત્ત મદદ કરવાને તૈયાર જ છું."

બધાએ લગભગ આવું જ કહ્યું. બધાય હા તો ભણ્યા પણ, મારા ધારવા પ્રમાણે, સ્વેચ્છાથી નહીં, અથવા આ યોજના પર તેમને કોઈને ભારે શ્રદ્ધા હતી તેને કારણે પણ નહીં; પરંતુ કોઈ બાહ્ય બળના દબાણથી ના પાડવી તેમને અશક્ય લાગતી હતી તેથી તેઓ હા ભણ્યા. આ મેં એ પરથી જોયું, કે ફાળામાં નાણાં ભરીને મદદ કરવાનું મને વચન આપનાર એક પણ જણ પોતે કેટલી રકમ આપવા ધારે છે તેનું નામ પાડતો નહીં; ને અંતે મારે પોતાને જ તે નક્કી કરવા પૂછવું પડતું, "ત્યારે આપના 300 અથવા 200 અથવા 100 અથવા 25 રૂબલ લખું?" અને કોઈએ મને રોકડા પૈસા તો આપ્યા જ નહીં. આ હું એટલા માટે કહું છું, કે સાધારણ રીતે કોઈ કામમાં પૈસા આપવાનો માણસોનો ઇરાદો હોય, ત્યારે તેઓ કેમ વહેલા આપી છુટાય તેની ઉતાવળમાં હોય છે. કોઈ ગાનારીના જલસા માટે ટિકિટ લેવી હોય તો માણસ તરત પૈસા કાઢી આપે છે. પણ આ કામમાં તો એક પણ માણસે તરત પૈસા ન આપ્યા; મેં જે આંકડો સૂચવ્યો, તે તેમણે માત્ર ચૂપચાપ સ્વીકારી લીધો.

તે રાત્રે ઘેર પાછો આવીને હું પથારીમાં પડ્યો ત્યારે, મારી યોજનામાંથી કશું જ નીપજવાનું નથી એવી નિરાશા એકલી જ મને પીડતી નહોતી. પણ આજે આખો દિવસ મેં કંઈક ભારે હીણું અને શરમભરેલું કામ કર્યું છે, એવી એક લાગણી પણ મને બાળતી હતી. છતાં મેં વાત છોડી ન દીધી. એક તો, એ વાત જાહેર થઈ ચૂકી હતી એટલે ખોટી શરમથી

હું તેને પડતી મૂકી શકતો નહોતો; બીજું, આ કાર્યને જ્યાં સુધી હું ચાલુ રાખું ત્યાં સુધી તો જે ઢબે હું જીવન ગાળી રહ્યો હતો તે ઢબને જ ચાલુ રાખવી શક્ય હતી. આ કાર્ય જો પડી ભાંગે તો તો મારે આ ચાલુ જીવનનો ત્યાગ કરીને જીવનપલટો કર્યે જ છૂટકો હતો. પણ કોણ જાણે કેમ, તેમ કરતાં હું ડરતો હતો. એટલે મારા આંતરિક અવાજને મેં ન ગણકાર્યો અને આરંભેલું કામ આગળ ચલાવ્યું.

મેં મારો લેખ છાપવા મોકલી દીધો, અને શહેરની નગરપાલિકા સમક્ષ વાંચી સંભળાવ્યો. વાંચતાં વાંચતાં મારું હૈયું ભરાઈ આવ્યું, અવાજ તૂટી જવા લાગ્યો, અને આંખમાં આંસુ આવી ગયાં. મારા બધા શ્રોતાઓ પણ ગમગીન થઈ ગયા હતા એ હું જોઈ શક્યો. ત્યાર પછી બે સભ્યોએ ભાષણો કર્યાં. તેમણે મારા વિચાર પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી, પણ મારી કલ્પના કેવી અવહેવારુ છે તે સમજાવ્યું, અને તેમાં સૌ સમંત થયા, ને સભાજનોને કાંઈક હાશ વળી.

પરંતુ આથી જરા પણ મોળા ન પડતાં મારો મુદ્દો ખરો કરવાની ઇચ્છાથી હું વસ્તીપત્રકમાં કામ કરવા નીકળનાર વિદ્યાર્થીઓને મળ્યો ને તેમને કહ્યું કે આપણા કામમાં આપણે કેવળ પત્રક ભરીને જ બેસી રહેવાનું નથી, પણ પરોપકારનો હેતુ પણ ધ્યાનમાં રાખવાનો છે. મેં જોયું કે હું તેમની સમક્ષ બોલી રહ્યો હતો તે વખતે તેઓ મારી સાથે આંખ મેળવતાં શરમાતા હતા; કોઈ સારો માણસ કંઈક અર્થ વગરનું બોલતો હોય તેની સામે જોતાં સૌ કોઈ શરમાય તેમ. વર્તમાનપત્રના અધિપતિને મેં મારો લેખ આપ્યો તેના ઉપર પણ તે જ અસર ઉત્પન્ન થઈ; મારા પુત્ર પર, મારી પત્ની પર અને જેટલાં જેટલાંને મેં એ લેખ બતાવ્યો તેમના ઉપર એ જ અસર થઈ. કોણ જાણે કેમ મારી વાત સાંભળી સઘળાં મૂઝવણમાં પડી જતાં, છતાં મારી કલ્પના પસંદ કરવી જરૂરી છે એમ સૌ માનતાં અને તેવી પસંદગી બતાવીને પછી તરત સફળતા વિશે પોતાની શંકાઓ પ્રગટ કરવા લાગતા. વળી, એક પણ અપવાદ સિવાય, સૌ કોઈ આપણા સમાજની અને પોતાના સિવાય બીજા સૌની બેપરવાઈને વખોડી કાઢતાં.

હૃદયના ઊંડાણમાં હજુ પણ લાગતું હતું કે હું સાચું કામ કરી રહ્યો નથી, તેમાંથી કશું ફળ નીપજવાનું નથી; છતાં લેખ છપાયો અને મેં વસ્તીપત્રકના કામમાં ભાગ લેવો શરૂ કર્યો. પ્રવૃત્તિને ચાલતી મેં કરેલી; હવે તે મને ચલાવવા લાગી.

# 4 : ઘેટાંની જેમ નહીં

વસ્તીગણતરી માટે સ્મોલેંસ્ક બજારની પાસે આવેલી ગલી પરનો લત્તો મેં માગી લીધો. ઝાનોવ કિલ્લાના નામથી જે ચાલીઓ ઓળખાવવામાં આવે છે તે આ જ લત્તામાં આવેલી છે. આ ચાલીઓ પૂર્વે ઝાનોવ કરીને એક વેપારીની હતી, પણ હમણાં ઝિમિનોના કબજામાં છે. આ સ્થાન અત્યંત ભયંકર દારિદ્રય અને દુરાચારનો અડ્ડો છે એવું મેં બહુ વખત થયાં સાંભળ્યું હતું, તેથી આ લત્તો મારે માટે રાખવાની માગણી મેં વસ્તીપત્રકના વ્યવસ્થાપકો પાસે કરી, અને તે માન્ય રાખવામાં આવી.

નગરપાલિકા પાસેથી સૂચનાઓ મળી ગઈ હતી, પણ વસ્તીપત્રક ભરવાને થોડા દિવસની હજુ વાર હતી. દરમ્યાન મારા લત્તામાં એક આંટો મારી આવું, એમ કહી હું એક દિવસ ત્યાં ઊપડ્યો. બજાર પાસેથી ગલી પૂરી થાય છે ત્યાં ડાબે હાથે ભૂતખાના જેવું એક મકાન આવેલું છે. મેં અનુમાન કર્યું કે આ જ ઝાનોવ ચાલ હોવી જોઈએ.

ગલી ઉપર બે મોટા દરવાજા અને કેટલાંક બારણાં પડે છે; તેમાં એક હોટેલ, એક પીઠું, કેટલીક દુકાનો છે. અહીં જે જુઓ તે મકાન, દુકાનો, ફળિયાં, માણસો બધું જ ઝાંખું, ગંદું ને ગંધાતું હતું. અહીં મને જેટલાં માણસો મળ્યાં તે બધાં ચીંથરેહાલ અને અર્ધનગ્ન હતાં. કેટલાંક સીધે મોઢે ચાલ્યાં જતાં હતાં, તો કેટલાંક એક બારણેથી બીજે બારણે દોડાદોડ કરતાં હતાં. બે જણ એક ગાભાના કટકા માટે રકઝક કરતાં હતાં. મેં આખા મકાનની પ્રદક્ષિણા કરી અને પછી એક દરવાજા પાસે આવીને ઊભો. એ લોકો શું કરે છે તે અંદર જઈને જોવાનું મન થયું. પણ કેમ આવ્યા છો કરીને એ લોક પૂછે, તો શો જવાબ દેવો એ વિચારે મન પાછું પડ્યું. તો પણ મન સાથે થોડી આનાકાની પછી હું ચાલમાં દાખલ થયો.

દાખલ થતાં જ માથું ફાડી નાખે એવી દુર્ગંધ આવી. ચોગાનમાં ભયંકર ગંદકી હતી. ખૂણો આવ્યો ને હું વળ્યો તે જ ક્ષણે મારી ઉપરના સાંકડા છજામાં માણસો દોડતાં હોય તેવો ખડખડાટ સંભળાયો, પહેલાં છજાની ગચ્ચી ઉપર અને પછી દાદરનાં પગથિયાં પર. પ્રથમ દોડભેર ઊતરી તે એક પાતળી સ્ત્રી હતી. પોલકાની બાંયો ચડાવેલી હતી, તેના કિરમજી વસ્ત્રનો રંગ ઊડીને ઝાંખો પડી ગયો હતો. તેની પાછળ કોઈ જીંથરિયા વાળવાળો માણસ લાલ બદન અને ચણિયા જેવું પહોળું પાટલૂન પહેરેલો ઊતર્યો.

દાદરને તળિયે એ માણસે પેલી બાઈને પકડી પાડી. ''એમ મારા હાથમાંથી છટકી નથી શકવાની!'' તેણે હસતાં હસતાં કહ્યું.

''ત્યારે તારા જેવા બાડિયા બદમાસનું માનવાની હતી?'' એ બાઈએ જવાબ આપ્યો. આમ પોતાની પાછળ કોઈ પડ્યો છે તે જોઈ મનમાં તો તે ફુલાતી લાગતી હતી. પણ એટલામાં મને જોઈને તેણે બૂમ મારી : ''કોનું કામ છે?''

મારે તો ખાસ કોઈનું કામ નહોતું એટલે હું ગભરાયો ને બહાર નીકળી ગયો. આમાં ખાસ ધ્યાન ખેંચે તેવું તો કશું નહોતું, પરંતુ અંદરના આ દેખાવે મારી સામે મારા કાર્યની એક નવી જ દિશા ખુલ્લી કરી.

મોસ્કોના ધનિકોની મદદથી આ લોકોનાં દુઃખ દૂર કરવાનું કાર્ય મેં માથે લીધું હતું. આજે મેં પહેલી વાર જોયું, કે જેમને હું મદદ કરવા માગતો હતો તે આ કમનસીબ લોકોનું આખું જીવન કંઈ ભૂખ ને ટાઢથી પીડાવામાં જ પર્યાપ્ત નથી થતું. બીજી વસ્તુઓ માટે પણ તેમાં અવકાશ છે. મેં અત્યાર સુધી નહોતું ધાર્યું, પણ તેમના દિવસનેય પૂરા ચોવીસ કલાક હોય છે અને તેમનેયે ઈશ્વરની આપી આવરદા હોય છે. આજે પહેલી વાર હું સમજ્યો કે ભૂખ ને ટાઢથી જાતનું જતન કરવું એટલી એક જ વાસના આ બધાં માણસોને છે એમ કાંઈ નથી, તેમને પણ આપણા બધાની જેમ દરેક દિવસના ચોવીસે ચોવીસ કલાક ગમે તેમ કરીને ગાળવાના હોય છે. આ લોકોને પણ ક્રોધ ચડે છે અને કંટાળો આવે છે. તેમને પણ હર્ષ અને શોક હોય

છે અને તેમને પણ દિલ બહલાવવાની જરૂર જણાય છે. આ વાત ગમે તેટલી વિચિત્ર લાગે, – પણ આજે હું પહેલી વાર સમજ્યો કે જે કાર્ય મેં ઉપાડ્યું હતું તે અમુક હજાર માણસને, જેમ ઘેટાંને ખવડાવીએ કે એક વાડામાં રાખીએ તેમ ખવડાવવા ને આશરો આપવામાં સમાપ્ત ન થઈ શકે. પણ મારું કાર્ય તો એ લોકોનું કલ્યાણ કરવાનું છે. જેવો હું માણસ છું તેવાં આ બધાં પણ માણસ જ છે; મારાં જેવાં જ તેમનેયે જૂનાં સુખદુઃખનાં સ્મરણો છે, તેવા જ વિકારો છે, તેવી જ લાલચો છે, તેવી જ કુટેવો છે, તેવા જ વિચારો છે, તેવી જ શંકાઓ છે અને તેવી જ આશાઓ અને આકાંક્ષાઓ છે. આમ મેં જાણ્યું ત્યારે મારું કાર્ય મને એટલું બધું દુશ્કર લાગ્યું કે મારી અશક્તિ મારી આંખ સામે તરવા લાગી.

પણ આરંભ થઈ ચૂક્યો હતો અને મેં ગાડું ગબડવા દીધું.

## 5 : દુઃખનું નિવારણ પૈસાથી અશક્ય

વસ્તીપત્રકના કામમાં જોડાયેલા વિદ્યાર્થીઓ નિશ્ચિત થયેલે દિવસે સવારમાં નીકળી પડ્યા; પરંતુ હું, પરોપકારી સદ્ગૃહસ્થ, બપોર પહેલાં તેમની સાથે જોડાયો નહીં. હું વહેલો શી રીતે પહોંચી શકું? કારણ, દસ વાગ્યે તો હું ઊઠ્યો, પછી કોફી પીધી, અને પછી ખાધેલું પચાવવા માટે બીડીના ગોટા કાઢ્યા. એટલે ઝાનોવ ચાલને દરવાજે બાર વાગ્યે પહોંચ્યો.

નદીકાંઠા પરના રસ્તા પર આવેલી એક હોટેલમાં એક પોલીસ મને લઈ ગયો; કોઈ આવે તો તેને ત્યાં લઈ આવવો, એમ વસ્તીપત્રકવાળા કહેતા ગયા હતા. હું અંદર પેઠો. અંધારી ગંધાતી મેલી જગા હતી. ડાબે હાથે નાની ઓરડી હતી. તેમાં ટેબલો હતાં ને તેના પર મેલા રુમાલો પાથરેલા હતા. ચીંથરેહાલ તેમ જ રીતસર બન્ને જાતનાં કપડાં પહેરેલાં માણસો ત્યાં ચા પીતાં બેઠાં હતાં. તેમાં મજૂરો, નાના વેપારીઓ ને કેટલીક સ્ત્રીઓ પણ હતી. હોટેલ ઘણી ગંદી હતી, પણ તેનો ધંધો સારો ચાલતો હોય એમ લાગ્યું. ગલ્લા પાછળ બેસીને જે માણસ પૈસા લેતો હતો તે ચહેરા પરથી હોશિયાર દેખાતો હતો. મેં વસ્તીપત્રકવાળા વિશે પૂછ્યું.

''વાન્યા!'' જર્મન ઢબનો પોશાક પહેરેલા એક ઠીંગણા માણસે બૂમ મારી. તે આ હોટેલનો માલિક હતો. તેનું નામ ઇવાન ફેડોટિચ. તે ગામડાનો વતની હતો. આ ઝાનોવ ચાલોમાંની અડધી તેણે પોતાને નામે ભાડે લઈ રાખી હતી, અને તેમાં તે પેટાભાડૂતો રાખતો. અઢારેક વરસનો, પાતળો, પોપટિયા નાકવાળો ને બેઠેલા ગાલવાળો એક નોકર દોડી આવ્યો. ''પેલા વસ્તીપત્રકવાળાઓ આવ્યા છે તેમની પાસે આ સાહેબને લઈ જા. એ લોકો કૂવા તરફના માળામાં ગયા છે.''

છોકરા પાસે ટેબલ સાફ કરવાનો કકડો હતો તે તેણે નીચે મૂકી દીધો,

અને ઝડપથી પગ ઉપાડતો એક પાછલે બારણેથી મને અંદર દોરી ગયો. અંદરના ખંડમાં ચીકણું, ગંધાતું રસોડું હતું તેમાં એક ઘરડી બાઈ હાથમાં વાસ મારતું માંસ લઈને બેઠેલી જોવામાં આવી. ત્યાંથી અમે એક ચોગાનમાં દાખલ થયા. આ ચોગાનમાં નાક ફાટી જાય એવી દુર્ગંધ હતી. દુર્ગંધનું કેન્દ્ર હતું એક જાજરૂ. જાજરૂ એ જ કંઈ શૌચ માટેનું સ્થાન નહોતું, પણ કઈ જગાની આસપાસ શૌચ માટે બેસવાનો રિવાજ હતો તેના એક સંકેતરૂપ જ તે હતું. તેમાંથી છૂટતી દુર્ગંધભરી હવામાં પેસતાં કંપારી વછૂટતી.

આ જગાની નજીક થઈને, પોતાના સફેદ પાટલૂનને સંકોરતો અને જામી ગયેલા ગંદવાડને ઓળંગતો, પેલો છોકરો મને એક બીજા મકાન તરફ લઈ ચાલ્યો. ચોગાનમાં કે ચાલીઓમાં જેટલા મળ્યા તે બધા ઊભા રહીને મને ધારી ધારીને જોતા હતા. મારા જેવાં સારાં કપડાં પહેરેલો માણસ આ લત્તામાં કૌતુક રૂપ જ હતો.

છોકરાએ એક બાઈને પૂછ્યું : ‘‘વસ્તીપત્રકવાળાઓને ક્યાંયે જોયા?’’ ત્રણ જણે એકસામટો જવાબ આપ્યો. એક કહે કૂવા ઉપર છે; બીજો કહે ત્યાંથી તો એ લોકો નીકળી ગયા છે અને હવે નિકિટા ઈવાનોવિચને ત્યાં ગયા છે. શરીરે માત્ર એક કુડતાવાળો એક ડોસો જાજરૂ પાસે ઊભો ઊભો પોતાની લેંઘી ઠીક કરતો હતો. તે કહે : ‘એ લોકો તો નંબર 30માં છે.’ આ છેલ્લી બાતમી સૌથી વિશેષ વિશ્વાસપાત્ર છે એમ નિર્ણય બાંધીને છોકરો મને ભોંયતળિયાના માળ હેઠળના અંધારિયા ભંડકિયામાં થઈને નંબર 30 તરફ લઈ ચાલ્યો. પેલા ચોગાન કરતાં અહીંની દુર્ગંધ વળી જુદી જ જાતની હતી. નીચે ઊતરીને અમે એ ભંડારિયાની અંધારી પરસાળ પર થઈને જતા હતા, તેવામાં અચાનક બાજુની એક ઓરડીનું કમાડ ઊઘડ્યું અને એક પીધેલો ડોસો — એક પહેરણ જ પહેરેલો — ઓરડીમાંથી બહાર ધસી આવ્યો. બાંયો ચડાવેલી અને સાબુભર્યા હાથવાળી એક ધોબણ કારમી ચીસો પાડતી ઓરડીમાંથી તેને ધક્કા મારીને બહાર કાઢતી હતી.

અમે નંબર 30ને દરવાજે પહોંચ્યા. વાન્યાએ બારણું ધકેલ્યું. કિચૂડ કિચૂડ કરતું બારણું ઊઘડ્યું. સાબુની અને ખરાબ તમાકુના ધુમાડાની વાસમાં

અમે ઘેરાઈ ગયા. અંદર ગીચ અંધારું હતું. બન્ને તરફ ઓરડીઓનાં ઝૂમખાં હતાં. ડાબા હાથની એક ઓરડીમાં એક બાઈ કૂંડામાં કંઈક ધોતી હતી. જમણા હાથ તરફની ઓરડીમાં કોઈ ડોસી દેખાતી હતી. પડખેની એક બીજી ઓરડીમાં કોઈ દાઢીવાળો, લાલ મોંવાળો ગામડિયો કંતાનના જોડા પહેરીને ભીંત સાથે જડેલા સૂવાના પાટિયા પર બેઠેલો હતો. તે ગોઠણ પર હાથ મેલીને પગ હલાવતો હતો અને તેની સામે ઉદાસીથી જોઈ રહ્યો હતો.

આ ઓરડીઓના જંગલને છેડે એક નાનું બારણું હતું તેમાંથી, વસ્તીપત્રકવાળાઓ બેઠા હતા તે ઓરડીમાં જવાતું હતું. નંબર 30ની માલિક બાઈ આ ઓરડીમાં રહેતી. ઇવાન ફેડોટિચ પાસેથી આખો નંબર તેણે ભાડે રાખ્યો હતો, અને તેમાંથી તે કાયમના અથવા રાતપૂરતા સૂવા આવનાર ભાડૂતોને જગાઓ ભાડે આપતી. અહીં વસ્તીપત્રક ભરનાર એક વિદ્યાર્થી પોતાનાં પત્રકો પાથરીને બેઠો હતો અને, ન્યાયાધીશ કોઈની જુબાની લેતો હોય તેમ, ખમીસ-વાસ્કોટ પહેરેલા એક માણસને સવાલો પૂછી રહ્યો હતો. તે માણસ પેલી માલિક બાઈનો ઓળખીતો હતો ને તેના તરફથી બધા જવાબ આપતો હતો. ઘરની માલિક પેલી ડોસી અને બીજા બે ભાડૂતો ત્યાં ઊભાં હતાં. હું આવ્યો ત્યારે ઓરડીમાં સમાય તેટલાં માણસો ભરાયેલાં જ હતાં. લોકોને ખસેડતો હું ટેબલ પાસે પહોંચ્યો. મને નમસ્કાર કરી લઈને વિદ્યાર્થીએ પાછા સવાલો ચાલુ કર્યા. મેં આસપાસ નજર નાખી ને પછી ત્યાં હાજર હતા તેમને મારા પોતાના હેતુની દૃષ્ટિએ કેટલાક પ્રશ્નો પૂછ્યા.

પરિણામે માલૂમ પડ્યું કે મારો પરોપકાર હું જેના પર ઠાલવી શકું એવું કોઈ આ વિભાગમાં તો નહોતું. વિભાગની માલિક બાઈની નાની, ગંદી અને દળદરી ઓરડી, હું રહેતો તે આલેશાન હવેલી સાથે સરખાવતાં બહુ ખરાબ ગણાય. છતાં શહેરના બીજા ગરીબ લોકોના મુકાબલામાં તો આ વિભાગની માલેક બહુ સુખસગવડમાં રહેતી હતી; અને ગામડાની ગરીબી સાથે સરખાવીએ તો તો વિલાસમાં પણ રહેતી કહેવાય. તેને ત્યાં પીંછાનું સુંવાળું બિછાનું છે, ઓઢવાનું ગોદડું છે, એક કીટલી છે, ગરમ કોટ છે, અને ચલાણાંઓનું એક કબાટ પણ છે. એ બાઈના પેલા ઓળખીતાનો દેખાવ

જોતાં તે પણ તેવો જ સુખી જણાતો હતો; તેના ખીસામાં ઘડિયાળ અને અછોડો હતાં. ભાડૂતો બધા ગરીબ હતા ખરા, પણ તેમનામાંથી તત્કાલ મદદ કરવા જેવું કોઈ નહોતું. મદદ માગનારમાં એક પેલી ધોબણ હતી. તેનો ધણી ત્રણ છોકરાંનો બોજો તેના ઉપર નાખી, તેને છોડીને નાસી ગયો હતો. બીજી એક ઘરડી ડોસી હતી, જેને તેના કહેવા પ્રમાણે કોઈનો આધાર નહોતો. અને ત્રીજો પેલો કંતાનના જોડાવાળો ગામડિયો, જેણે આખો દિવસ કંઈ ખાધું નહોતું. પણ જરા વધારે ચાંપીને તપાસ કરતાં માલૂમ પડ્યું કે આમાંથી એકેને ખાસ મદદ આપવાની જરૂર નહોતી. મારી મદદ સુપાત્રને પહોંચે એટલા ખાતર મારે આ લોકોના વધારે પરિચયમાં આવવું જોઈએ એમ મને જણાયું.

ધણીએ તજેલી બાઈને મેં કહ્યું કે એનાં છોકરાંને હું કોઈ બાળાશ્રમમાં દાખલ કરાવી દઉં, ત્યારે તે મૂંઝવણમાં પડી ગઈ. થોડો વિચાર કરીને તેણે મારો ખૂબ આભાર માન્યો. પણ તેને એવી કશી જરૂર લાગતી નહોતી; તેણે તો રોકડા પૈસા પસંદ કર્યા હોત. તેની મોટી છોકરી તેને ધોવામાં મદદ કરતી અને વચેટ છોકરી નાના છોકરાને રાખતી હતી. પેલી ઘરડી ડોસી અનાથાલયમાં જવા બહુ ખુશી હતી. પણ જરા આડીઅવળી તપાસ કરી તો માલૂમ પડ્યું કે તે એવી કંઈ મુશ્કેલીમાં આવી પડેલી નહોતી. તેના ઘરમાં કપડાંલત્તાં વગેરેથી ભરેલો ટ્રંક હતો, એક ચાદાની અને ખાંડ વગેરેના ડબ્બા પણ હતાં. તે મોજાં ગૂંથતી અને કોઈ દાતા કનેથી દર મહિને તેને કંઈક રકમ પણ મળતી. હવે રહ્યો પેલો ગામડિયો. તેને ખાવાના કરતાં પીવાનાની જરૂર જ વધારે હતી, એટલે તેને જે કંઈ આપીએ તે સીધું પીઠામાં જ પહોંચે એમ હતું.

આમ આ વિભાગની વસ્તી હું જેવી ધારતો હતો તેવી તો એકે ચાલમાં ન નીકળી, કે જેને પૈસાનું દાન દઈને હું સુખી કરી શકું. મને જણાયું કે આ ગરીબ લોકોની ગરીબી શંકાસ્પદ હતી. ઘરડી ડોસી, છોકરાંવાળી બાઈ તેમ જ ગામડિયો એ ત્રણેની મારી નોંધપોથીમાં મેં નોંધ કરી લીધી, અને નિશ્ચય કર્યો કે તેમને માટે કાંઈક કરવાની તો જરૂર છે જ; પરંતુ જે ખરા

દુખી માણસો જોવાની આશાથી હું અહીં આવેલો તેવાઓને મદદ કર્યા પછી જ. મેં નક્કી કર્યું કે અમુક ધોરણ ચોક્કસ કરી ઠરાવેલા ક્રમમાં જ મદદ આપવી જોઈએ. પ્રથમ જેમને વધારેમાં વધારે જરૂર છે તેમને, અને ત્યાર પછી આવા લોકોને. પછી અમે બીજી ચાલમાં ગયા, અને ત્યાંથી ત્રીજીમાં ગયા, પણ બધે એ જ સ્થિતિ. જ્યાં ગયા ત્યાં એવા જ લોકો મળ્યા કે તેમને કંઈ પણ મદદ આપતાં પહેલાં પૂરી તપાસ કરવી આવશ્યક હતી. એવાં દુખિયાં કોઈ જોવામાં ન આવ્યાં કે જેમને તરત પૈસા આપી શકું, અને પૈસા મળે કે તરત જેઓ દુખી મટીને સુખી થઈ જાય.

મારે શરમની સાથે કહેવું જોઈએ કે, આ ચાલીઓમાં મેં ધારેલું તેવું કશું મારા જોવામાં ન આવ્યું તેથી હું નિરાશ થવા લાગ્યો. મેં ધાર્યું હતું કે અહીં કોઈ જુદી જ જાતનાં માણસો હશે. પણ બધી ચાલીઓ ફરી વળ્યા પછી મારી ખાતરી થઈ કે આ ચાલીઓના રહીશો કોઈ ખાસ જુદી જાતનાં માણસો બિલકુલ નહોતાં, પણ જેવાં માણસો મારી આસપાસ હમેશાં રહે છે તેવાં જ આ માણસો પણ હતાં. આ લોકોમાં પણ કેટલાક વધારે ભલા તો કેટલાક ઓછા ભલા; કેટલાક વધારે ભૂંડા તો કેટલાક ઓછા ભૂંડા; કેટલાક વધારે સુખી તો કેટલાક ઓછા સુખી; કેટલાક વધારે દુખી તો કેટલાક ઓછી દુખી એમ બધી જાતના લોકો હતા. અહીંના દુખી લોકો મારી આસપાસનાં દુખી માણસોના જેવા જ હતા. તેમના દુઃખનું મૂળ બાહ્ય સંજોગોમાં નહોતું પણ તેમના પોતાના અંતરમાં જ હતું. તે દુઃખનું નિવારણ પૈસાથી થવું અશક્ય હતું.

## 6 : પેલા લોકો : આ લોકો

આ બધી ચાલીઓમાં શહેરની હલકી ગણાતી કોમના લોક રહે છે. મોસ્કોમાં તેમની સંખ્યા લાખેકની હશે. નાના વેપારી અને નાના કારીગર, મોચી, સુતાર, સરાણિયા, ચમાર, દરજી, ઘોડાવાળા ફેરી કરનારાં, ધોબણો, જૂનો માલ-સામાન વેચનારા, નાણાંની ધીરધાર કરનારા, દહાડિયા મજૂરો, તેમ જ કોઈ પણ ચોક્કસ ધંધા વગરનાઓ તથા માગણો તેમ જ વેશ્યાઓ બધાં અહીં જોવામાં આવે છે.

તે દિવસે ધરમશાળાના દરવાજે ઊભેલા જેમને મેં જોયેલા, તેમાંના જ કેટલાક તો અહીં હતા. પરંતુ અહીં બીજા મજૂરોમાં તેઓ ભળી ગયેલા હતા. બીજું, મેં ત્યાં જોયેલા તે વખતે તેઓની બિચારાઓની બૂરી વેળા હતી, તેમની પાસે ખાવા કે પીવાનું કંઈ જ સાધન રહ્યું ન હતું. ટાઢે ધ્રૂજતા ને ભૂખે પીડાતા તેઓ કોઈ હોટેલમાં ઘૂસવાનું કરતા, તો ત્યાંથીયે તેમને હાંકી મેલવામાં આવતા. આવી દશામાં ધરમશાળામાં રાત પૂરતો આશરો મેળવવાની આશામાં તેઓ સ્વર્ગદ્વાર માટે કોઈ તપ કરે તેમ ત્યાં તપ કરી રહ્યા હતા. અને ત્યાંથી તેમની અમર આશારૂપ જેલની અથવા સરકાર તરફથી પોતાને ગામે પહોંચાડનારી પોલીસ ટુકડીની તેઓ રાહ જોતા હતા. તે જ લોકોને અહીં તો કારીગર વર્ગમાં ભળી ગયેલા મેં જોયા. ઓરડીનું રાતનું ભાડું આપવા જ્યાંત્યાંથી ચાર-પાંચ કોપેક તેમના ખીસામાં પડ્યા હશે; અથવા ખાવાપીવા માટે થોડા રૂબલો પણ તેમની પાસે એકઠા થયા હશે.

મારું કહેવું ગમે તેટલું વિચિત્ર લાગે, પણ જે લાગણી મેં ધરમશાળામાં અનુભવેલી તેવી લાગણી અહીં મારા અનુભવવામાં ન આવી. ઊલટું આ સ્થળની આ પહેલી મુલાકાતથી તો મેં તેમ જ વિદ્યાર્થીઓએ લગભગ

પ્રસન્નતાની જ લાગણી અનુભવી. અમારા ઉપર પહેલી છાપ એ પડી, કે અહીં રહેનારા લોકોનો મોટો ભાગ મજૂરી કરનારાનો છે અને તે બધા સારા માણસો છે.

આ ચાલીઓમાં વસનારાઓનો મોટો ભાગ પોતપોતાના કામમાં પરોવાયેલો અમે જોયો. ધોબણો કપડાં ધોતી હતી, સુતારો વાંસલો ચલાવતા હતા, મોચી લોકો જોડા સીવતા હતા. સાંકડી ઓરડીઓ લોકોથી ભરેલી હતી, અને તેમાં આનંદ ને ઉત્સાહભેર કામ ચાલી રહ્યું હતું. પરસેવાની વાસ બધે જ આવતી. મોચીને ત્યાં ચામડાંની તથા સુતારને ત્યાં લાકડાના છોલની વાસ આવતી. ક્યાંક ક્યાંક ગીતો પણ સાંભળવામાં આવતાં, અને ક્યાંક ક્યાંક પોતાનું કામ ઝડપથી ને કસબથી કરવાને ટેવાયેલા, સ્નાયુવાળા હાથ પણ અમારા જોવામાં આવતા. જ્યાં ગયા ત્યાં અમને હસીને અને માયાથી બોલાવવામાં આવ્યા.

અમે જે પ્રશ્નો પૂછીએ તેના એ લોકો સીધા જવાબો આપતા. પ્રશ્ન પાછળ શો ભેદ રહ્યો હશે તેના વિચારમાં તેઓ પડતા નહીં. અમારા પ્રશ્નો તેમને માટે તો એક ગમ્મતનો વિશય જ થઈ પડતો; તેઓ અંદર અંદર વિનોદ કરતા, કે જુઓ ફલાણાનું નામ પત્રકમાં કેવું લખાયું, ફલાણો તો બે ગણાવાને લાયક છે, અને ફલાણા બે મળીને એક જ ગણાવો જોઈએ વગેરે.

જ્યાં લોકો ચા પીતા હતા કે કાંઈક ખાતા હતા, ત્યાં જતાં જ ''ચાલો જમવા!'' એવો આવકાર અપવાદ વગર અમને મળતો; અને કેટલાક તો પોતે જરા ખસીને અમારે માટે જગા કરવાની પણ ખટપટ કરવા મંડી જતા. એક મોચીને ત્યાં ગંદકી તેમ જ ગરદી બહુ હતી, છતાં કામ કરનારાઓ ખૂબ મોજમાં હતાં.

એક કોટડીમાં કોઈ બુઢ્ઢો અને તેની ધણિયાણી રહેતાં હતાં. તે લોકો ફળ વેચવાનો રોજગાર કરતાં. તેમની ઓરડી સ્વચ્છ હતી, હૂંફાળ પણ હતી અને બધી સુખસગવડોથી ભરેલી હતી. જમીન પર ઘાસની ચટાઈ બિછાવેલી હતી. ઘરમાં ટ્રંકો હતી, કબાટ હતાં, સ્ટવ હતો અને ચાદાની ને ચલાણાં

પણ હતાં. એક ખૂણામાં બેચાર મૂર્તિઓ હતી અને તેમની સામે દીવા બળી રહ્યા હતા. ભીંતે ખીંટીઓ પર હૂંફાળા ઓવરકોટ ચાદરથી ઢાંકીને ટિંગાડી રાખ્યા હતા. ડોસીના મોં પર કરચલીઓ પડેલી હતી. તે ભલી અને વાતૂડી હતી; પોતાના શાંત, સુવ્યવસ્થિત સંસારથી સંતુષ્ટ દેખાતી હતી.

પેલી હોટેલનો માલિક તેમ જ આ બધી ઓરડીઓનો ઘરધણી ઇવાન ફેડોટિચ અમારી સાથે આવ્યો હતો. તે ખુશદિલીથી ભાડૂતોની સાથે વિનોદ કરતો હતો. દરેકને તેના નામથી કે પોતે પાડેલા નામથી બોલાવતો જતો હતો અને દરેકનાં ચરિત્ર અમને ટૂંકમાં સંભળાવતો હતો. બીજા લોકોના જેવા જ આ લોકો હતા. કોઈ પોતાને દુખી માનતા નહોતા અને બીજા લોકોથી પોતાને જુદા પણ ગણતા નહોતા.

અમે નીકળેલા તે અતિશય કરુણ અને ભયંકર એવું જ કંઈક જોવાની તૈયારીથી; પણ અહીં તો જે જોયું તે રાજી થવા જેવું જ જોયું. એ જોઈને સહજ અમારા મનમાં માનની લાગણી ઊપજી. ત્યાં સારા માણસો એટલા બધા હતા કે કોઈ ચીંથરેહાલ, પતિત, આળસુ માણસો ક્યાંય નજરે પડતા તેનાથી સમગ્ર ચિત્રમાં કંઈ વિક્ષેપ આવતો નહીં.

હું પરોપકારી માણસ તો આ ચાલીઓમાં દીન, દુખી, અનાથ, પતિત લોકો રહેતા હશે એમ ધારી, તેમને મદદ કરવા અહીં આવતો હતો. પણ અહીં તો એવાં લોકોને બદલે શાંત, સંતોશી, સુખી, ભલા અને મહેનતુ માણસો અચાનક મારા જોવામાં આવ્યા.

મદદ માટે સુપાત્ર લાગે એવાં અતિશય ગરીબ કોઈક કોઈક મારા જોવામાં આવ્યાં. પણ તેમને લીધે તો અહીંની સ્થિતિનું ચિત્ર વિશેષ આકર્ષક બનતું. કારણ આવા કોઈ પણ દુખી વિશે તપાસ કરતાં મને ખબર પડતી કે તેના દુખમાં મદદ કરનાર કોઈ હરિનો લાલ મળી જ ગયો છે. જે મદદ હું આપવા માગતો એ તેને મારા પહેલાં જ કોઈએ પહોંચાડી દીધી છે. મારા પહેલાં પહોંચીને આ મદદ કોણ અને કેવી રીતે આપી ગયું? એવાં જ દીન, પતિત મનુષ્યો આપી ગયાં, જેમને મદદ કરવાને હું તત્પર થયો હતો; અને હું મદદ કરી શકું તે કરતાં ઘણી ઉત્તમ રીતે તેમણે મદદ કરેલી હતી.

એક ભંડકિયામાં કોઈ ડોસો ત્વરિદોશજ્વરથી પીડાતો હતો. ડોસાને કોઈ સગુંવહાલું નહોતું. પડોશમાં એક વિધવા બાઈ પોતાની એક છોકરી સાથે રહેતી. તેને ને ડોસાને કશી ઓળખાણ નહીં, છતાં તે એની માવજત કરતી અને ગાંઠના પૈસા ખરચીને તેના ચા તથા દવાદારૂ લાવી આપતી. બાજુની ઓરડીમાં એક સુવાવડી બાઈ તાવમાં પડેલી હતી. વેશ્યાવૃત્તિથી ગુજારો કરનારી એક સ્ત્રી તે બાઈના બાળકને રાખતી અને તેને શીશી વડે દૂધ પાતી; બે દિવસથી પોતાનો ધંધો પાડીને એની સેવા તે કરતી હતી. એક છોકરીને અનાથ મૂકીને માબાપ ગુજરી ગયેલાં. પડોશમાં દરજી રહેતો હતો, તેને ઘેર ત્રણ છોકરાં હતાં છતાં, તેણે અનાથ છોકરીને પોતાના ઘરમાં રાખી. એટલે ખરાં દુખિયાં તો હવે આટલાં જ બાકી રહેતાં હતાં : આળસુ માણસો, કામ વગર રખડતા કારકુનો, ભિખારીઓ, દારૂડિયાઓ, વેશ્યાઓ અને બાળકો. આ લોકોને એમ ને એમ પૈસાની મદદ ન કરી શકાય; તેમની સ્થિતિની બરાબર તપાસ કરીને તેમને આશ્રય આપવો જોઈએ અને કામ મેળવી આપવું જોઈએ.

પણ હું તો જેઓ ગરીબાઈને કારણે જ દુખી હોય એવાની શોધમાં હતો. જેમને અમારા ધનના ઢગલામાંથી મૂઠી આપીને મદદ કરી શકાય એવાં મારે જોઈતાં હતા. પરંતુ એવાં દુખિયાં મેળવવા હું ભાગ્યશાળી થયો નહીં. જે દુખિયાં મને મળ્યાં તે બધાં એવાં હતાં કે તેમને મદદ કરવી હોય તો ઘણી કાળજી રાખી કામ કરવું જોઈએ અને તેમની પાછળ ઠીક ઠીક વખત પણ આપવો જોઈએ.

# 7 : બગડેલી હોજરીઓ

મેં જે દુખીઓની નોંધ કરી લીધી તેમના મારી દૃષ્ટિએ સ્વાભાવિક રીતે ત્રણ વર્ગો પડી જાય છે. એક વર્ગ અગાઉનું પ્રતિષ્ઠિત સ્થાન ગુમાવી બેઠેલા અને ફરી તે મેળવવાની ઇચ્છાવાળાનો. બીજો વર્ગ વેશ્યાઓનો, તેમની સંખ્યા આ ચાલીઓમાં મોટી હતી. ત્રીજો વર્ગ બાળકોનો. મારી નોંધપોથીમાં સૌથી મોટી સંખ્યા પહેલા વર્ગના માણસોની હતી. તેમાં ઉજળિયાત વર્ગના અને સારી નોકરી ગુમાવી બેઠેલા ઘણા હતા. ઇવાન ફેડોટિચની સાથે અમે જેટલી ચાલીઓમાં ફર્યા ત્યાં લગભગ બધી જગાએ તે અમને કહેતો, ‘‘અહીં વસ્તીપત્રક તમારે જાતે ભરવાની તસ્દી નહીં લેવી પડે. ફલાણો અહીં રહે છે તે ભરી આપશે — પણ તે જો પીધેલો નહીં હોય તો.’’

પછી ઇવાન ફેડોટિચ તેવા માણસને તેનું નામ પુકારી બોલાવતો. દરેક માણસ પહેલાં બહુ સારી સ્થિતિ ભોગવનારો જ માલૂમ પડતો.

પીધેલ ન હોય તે માણસ બહુ તત્પરતાથી કામ ઉપાડી લેતો અને પોતાની મોટાઈ દેખાડવા માથું ધુણાવીને તથા ભવાં ચડાવીને બોલવામાં પોતાનું પાંડિત્ય પણ કંઈક ઠાલવતો.

આવા માણસને તેના પૂર્વચરિત વિશે જ્યારે જ્યારે હું પૂછતો ત્યારે ત્યારે સ્તોત્ર ગોખી રાખ્યું હોય તેની માફક તરત તે ઉત્સાહભેર પોતાને માથે પડેલી વિપત્તિઓનો ઇતિહાસ સંભળાવી જતો, પોતાની ઊંચી કેળવણીને કારણે પહેલાં જે દરજ્જો તે ભોગવતો તે વાત ખાસ કરીને.

આવા માણસો ઝાનોવ ચાલીઓમાં જ્યાં જુઓ ત્યાં પથરાયેલા હતા. એક વિભાગમાં તો બધા જ આવાં સ્ત્રીપુરુષો રહેતાં હતાં. બધા ભાડૂતો ઘેર જ હતા. આખી ચાલમાં એમનાથી વિશેષ પતિત અને દુખી કોઈ નહોતું. બુઢ્ઢાઓ છેક ખખડી ગયેલા અને જુવાનિયા ફિક્કા મુડદાલ હતા. મેં

કેટલાકની જોડે વાત કરી. બધાની કથની એકસરખી જ હતી. દરેક જણ કાં તો પોતે પૈસાદાર હતો યા તો તેનો બાપ કે ભાઈ કે કાકો પૈસાદાર હતો અથવા હજુ છે, અથવા તો તે પોતે કે તેનો બાપ એક દિવસ કોઈક ઊંચો હોદ્દો ભોગવતો, પછી કોઈ ઈર્ષાળુ માણસના કારસ્તાનથી અથવા પોતાના કમનસીબથી કે કંઈક અકસ્માતથી આફત આવી પડી અને તે સર્વસ્વ ગુમાવી બેઠો, અને હવે આવા દળદરી અને નષ્ટ સ્થાનમાં — જ્યાં જૂ-માંકડનો પાર નહીં, પહેરવામાં ગાભા, પડોશીઓ દારૂડિયા ને ચોરટા, ખાવામાં લૂખી રોટી ને ગંધાતું માંસ, કરમમાં હાથ લાંબો કરી ભીખ માગવી — આવી બૂરી સ્થિતિમાં સબડવાનું નસીબે લખાયું.

આ લોકોના વિચારો, વાસનાઓ, સ્મૃતિઓ બધું ભૂતકાળ તરફ જ. વર્તમાન એ તેમને કંઈક અસ્વાભાવિક, તિરસ્કારપાત્ર, ઉપેક્ષા યોગ્ય લાગતો. કોઈને વર્તમાન હતો જ નહીં. બધાને ભૂતનાં સ્મરણ અને ભવિષ્યની આશા હતાં. એ આશા કોઈ પણ ક્ષણે પૂર્ણ થઈ શકે એવી હતી. એ આશાપૂર્તિ માટે જરા જેટલાની જ જરૂર હતી. અને આ જરા જેટલાના અભાવથી જ તેની બિચારાની જિંદગી બગડી રહી હતી.

બધાનું કહેવું એવું હતું કે તેમને થોડી સરખી બહારના ટેકાની જ જરૂર હતી, તેટલું મળી જાય તો તરત તેઓ પોતાની અસલ સારી સ્થિતિએ પહોંચી શકે, અને તે સ્થિતિ જ તેમની સ્વાભાવિક સ્થિતિ હતી, જેમાં તેઓ સુખી રહી શકે.

જો મારા દાનેશ્વરીપણાના ગુમાનમાં હું ઘેરાયેલો ન હોત, તો એ જુવાનિયા તેમ જ બુઢ્ઢાઓને જરા હલાવવાથી હું સમજી શકત કે તેમનું દુઃખ બહારના ઇલાજોથી ટાળ્યું ટળે તેમ નહોતું. હું સમજી શકત કે તેમની રહેણીકરણી જ્યાં સુધી છે તેવી ને તેવી જ રહે, ત્યાં સુધી ગમે તેવી સ્થિતિમાં મુકાય તોપણ તેઓ સુખી થઈ શકે જ નહીં; હું સમજી શકત કે ખાસ આ લોકો જ એવા કોઈ અસાધારણ કમનસીબ સંજોગોમાં આવી પડેલા નહોતા, પણ આપણી આસપાસ જોઈએ છીએ તેમના જેવા જ આ લોક પણ હતા. આ વર્ગના દુખી લોકો સાથે સંબંધ બાંધતાં મને કેમ કઠણ થઈ પડેલુ તે

હું હવે સમજું છું. એ લોકોને જોતાં આરસામાં હું મને પોતાને જ જાણે જોતો. હું પોતે અને મારા વર્ગના માણસો કેવું જીવન ગાળીએ છીએ તે મેં એ વખતે વિચારી લીધું હોત, તો હું દેખી શક્યો હોત કે અમારી અને આ લોકોની વચ્ચે એવો અગત્યનો કશો જ ભેદ નહોતો.

મારી આસપાસ જે લોકો રહે છે તેઓ ઝાનોવ ચાલમાં ન રહેતાં શહેરના સુંદર લત્તાઓમાં પોતાની આલેશાન હવેલીઓમાં રહે છે અને રોટી તથા ખરાબ માંસને બદલે ભાતભાતની સ્વાદિષ્ટ વાનીઓ ખાય છે. પણ તેટલાને કારણે તે લોકો પેલાઓના જેટલા જ દુખી ન હોય એવું કશું નથી. તેઓને પણ પોતાની ચાલુ સ્થિતિનો પેલાઓના જેટલો જ અસંતોશ છે, તેઓ પણ પેલાઓની જ જેમ ભૂતનો અફસોસ અને ભવિષ્યમાં સારી સ્થિતિની ઝંખના કરે છે. આ સારી સ્થિતિની તેમની કલ્પના પેલા ઝાનોવ ચાલના રહેવાસીઓના જેવી જ હોય છે. અર્થાત્ એવી સ્થિતિ કે જેમાં પોતાને ઓછામાં ઓછું કામ કરવું પડે અને બીજાઓની મહેનતનો વધારેમાં વધારે પ્રમાણમાં લાભ લેવો શક્ય બને. ફેર કેવળ પ્રમાણનો જ છે.

તે વખતે મેં બરાબર વિચાર કરી લીધો હોત, તો આ બધું હું સમજી શક્યો હોત; પણ હું વિચાર કરવા થોભ્યો જ નહીં. એ લોકને પાછળથી મદદ પહોંચાડવાની ધારણાથી મેં તેમનાં નામ નોંધી લીધાં. તે વખતે હું ન સમજ્યો કે આવા માણસોને મદદ કરવી હોય, તો તેમની જીવન વિશેની ભાવના બદલાવવી જોઈએ. પરંતુ બીજા માણસોની જીવન વિશેની ભાવના બદલાવતાં પહેલાં માણસે પોતાની ભાવના સુધારી લઈ તે અનુસાર પોતાનું જીવન ચલાવવું જોઈએ. જ્યારે મારી ભાવનાઓ તો બરાબર એ લોકોના જેવી જ હતી. જીવન વિશેની આપણી ભ્રામક કલ્પના સુધારીએ તો જ આવાં માણસોનાં દુઃખ દૂર કરી શકાય. પણ હું તો એ ભ્રામક કલ્પનાને અનુસરીને જ મારું જીવન ગાળી રહ્યો હતો.

આલંકારિક ભાષામાં બોલીએ તો આ લોકો એટલા માટે દુખી નહોતા કે તેમને પોશક ખોરાક મળતો નહોતો. તેમની હોજરીઓ જ એટલી બધી બગડી ગઈ હતી કે તેઓ પોશક ખોરાક માગતા જ નહોતા. જીભને સ્વાદ

લાગે એવો જ ખોરાક તેમને જોઈતો હતો. હું નહીં સમજેલો કે તેમને મદદ કરવી હોય તો મારે તેમને ખોરાક આપવાનો નહોતો; પણ તેમની બગડેલી હોજરીને સુધારવાની હતી.

# 8 : કોણ કોને સુધારી શકે?

દુખીઓનો બીજો વર્ગ, જેને મદદ કરવાની મેં આશા બાંધેલી, તે બદચાલ સ્ત્રીઓનો હતો. ઝાનોવ ચાલીઓમાં આવી અનેક જાતની સ્ત્રીઓ વસે છે; ઉંમરે નાની પણ સ્ત્રીવેશમાં આવી ગયેલીથી માંડીને તે, જેમનું મોં જોતાં ચીતરી પડે એવી કુબજા બુઢ્ઢીઓ સુધીની. આ ઘરડી ઠચરીઓમાં તો મનુષ્ય આકાર પણ રહ્યો નહોતો.

વસ્તીગણતરીનું કામ કરતાં કરતાં જ આ લોકોને મદદ કરવાનું પણ જરૂરી જણાયું. આટલા વખતમાં અમારો રોજનો કાર્યક્રમ સંચાની જેમ ગોઠવાઈ ગયો હતો. કોઈ નવા મકાનમાં દાખલ થઈએ કે પહેલું ઘરધણી કોણ તે પૂછી લઈએ. પછી અમારી ટોળીમાંથી એક જણ થોડી જગા સાફ કરીને ત્યાં લખવાનાં બધાં સાજ ગોઠવીને બેસે અને એક જણ ખૂણે ખૂણે ફરી વળીને દરેક માણસને અલગ અલગ પોતપોતાની ઓરડીમાં જ પ્રશ્નો પૂછે ને બધી માહિતી પેલા લખનારને પહોંચાડે.

આ રીતે ભોંયતળિયાના એક વિભાગમાં અમે દાખલ થયા કે એક વિદ્યાર્થી ઘરધણીની શોધમાં નીકળી પડ્યો, અને હું આ વિભાગમાં રહેનાર દરે જણને પ્રશ્નો પૂછવા લાગ્યો. આ વિભાગની રચના આવી હતી : ચૌદ ફૂટનો એક ચોરસ ઓરડો અને તેની વચ્ચોવચ એક ચૂલો હતો. ત્યાં આગળથી ચાર પડદા ભરીને ચાર ઓરડીઓ બનાવી લીધી હતી. પહેલી ઓરડીમાં પડદાની ભીંતને જડેલાં ચાર સૂવાનાં પાટિયાં હતાં. એ ઓરડીમાં બે જણાં — એક બુઢ્ઢો પુરુષ અને સ્ત્રી હતાં. તે પછી એક લાંબી ઓરડી હતી, તેમાં ઘરધણી રહેતો હતો. તે જુવાન હતો, પણ સાવ ફિક્કો. તેણે કપડાં ગૃહસ્થ જેવાં પહેર્યાં હતાં. પહેલા ખૂણાની ડાબી તરફ ત્રીજી ઓરડી હતી. તેમાં કોઈ એક સૂતેલો હતો : પીધેલો હશે. એ જ ઓરડીમાં બીજી

એક બાઈ હતી. તેણે ફૂલગુલાબી રંગનું ફરાક પહેરેલું હતું. તે આગળથી ખૂલતું અને પાછળથી તંગ હતું. ચોથી ઓરડી પડદાની પછવાડે હતી. ઘરધણીવાળી ઓરડીમાંથી તેમાં દાખલ થવાતું હતું.

વિદ્યાર્થી ઘરધણીની ઓરડીમાં ગયો, અને હું પહેલી જ ઓરડીમાં થોભીને પેલાં વૃદ્ધ સ્ત્રી ને પુરુષને સવાલ પૂછવા લાગ્યો. પુરુષ કોઈક હોશિયાર છીપો હતો, પણ હમણાં નિરાધાર સ્થિતિમાં હતો. સ્ત્રી કોઈ રસોઈયાની ઓરત હતી. પછી હું ત્રીજી ઓરડીમાં ગયો અને પેલી ફરાકવાળી બાઈને, ત્યાં સૂતેલા માણસ વિશે પૂછવા લાગ્યો. તે બાઈ કહે, એ તેનો મહેમાન છે. મેં બાઈને પૂછ્યું, ''તમે કોણ છો?'' તે કહે, ''હું મોસ્કોની ખેડૂત છું.''

ધંધો પૂછતાં તે હસી, અને મને કંઈ જવાબ ન આપ્યો.

મારો પ્રશ્ન એ સમજી નહીં હોય એમ ધારી મેં ફરી પૂછ્યું, ''તમે ગુજરાન શી રીતે ચલાવો છો?'' તે કહે, ''હું હોટેલમાં બેસું છું.'' હું કંઈ ન સમજ્યો, એટલે મેં પાછું પૂછ્યું, ''ના, ના, તમારો નિર્વાહ શી રીતે ચાલે છે?'' તેણે કશો ઉત્તર ન વાળ્યો ને માત્ર હસી.

ચોથી ઓરડીમાં અમે લોકો હજુ ગયા નહોતા, ત્યાંથી પણ સ્ત્રીઓના હસવાના અવાજ સંભળાવા લાગ્યા. ઘરધણી પોતાની ઓરડીમાંથી નીકળીને અમારી તરફ આવ્યો. મારા પ્રશ્નો અને બાઈના ઉત્તરો તેણે સાંભળ્યા હોય એમ જણાતું હતું. પેલી સ્ત્રી તરફ એક કરડી નજર ફેંકી તે મારી તરફ ફર્યો ને કહે, ''વેશ્યા છે, વેશ્યા.'' મને આટલું કહી તે બાઈની તરફ ફર્યો. બાઈ તરફ ફરતાંવેંત તેનો આખો ચહેરો એકદમ પલટાઈ ગયો. તેની સામું પણ જોયા વિના એ તિરસ્કારયુક્ત તોછડાઈના અવાજથી બોલ્યો :

''આવાં ગપ્પાં શાં મારે છે? 'હું હોટેલમાં બેસું છું!' ખરી હોટેલમાં બેસનારી! સીધેસીધું કહી દેને કે, વેશ્યા છું.''

તેના આવા વર્તનથી હું બહુ દુભાયો. મેં કહ્યું, ''તેને આમ શરમાવવી એ આપણને શોભતું નથી. જો આપણે બધા નીતિથી ચાલતા હોય તો આવી સ્ત્રીઓ હોત જ નહીં.''

''ખરું, એમ તો ખરું,'' કંઈક પરાણે આણેલા સ્મિત સાથે ઘરધણી

બોલ્યો.

"તો પછી આપણે તેમનો તિરસ્કાર ન કરતાં તેમની દયા ખાવી જોઈએ. તેમનો શો વાંક?"

મેં શી રીતે મારા ઊભરા કાઢ્યા તે યાદ નથી, પણ એટલું યાદ છે કે જેને તે વેશ્યા કહેતો હતો તેવી સ્ત્રીઓને પોતાના મકાનમાં રાખી તેમના ભાડા ઉપર રહેનારા આ જુવાન ઘરધણીનાં તિરસ્કારભર્યાં વચનથી હું ઊકળી ઊઠ્યો હતો. વળી આ બાઈની હાલત જોઈ હું ખિન્ન થયો હતો, અને એ બન્ને ભાવો મેં તે વખતે પ્રગટ કરેલા. હું આ ઉદ્ગારો કાઢું એટલામાં તો પડખેની ઓરડી, જ્યાંથી સ્ત્રીઓના હસવાના અવાજ આવેલા, ત્યાં પાટિયાં કિટૂડ કિચૂડ થવા લાગ્યાં; પડદાની ભીંત છત સુધી પહોંચતી નહોતી. તેની ઉપરથી એક સ્ત્રીનું વીખરાયેલા વાંકડિયા વાળવાળું માથું ડોકાયું. તેની આંખો ઝીણી અને સૂણેલી જેવી હતી. ચહેરો ચળકતો લાલ હતો. તેની પછી બીજીએ ને પછી ત્રીજીએ ડોકિયું કર્યું. તેઓ પોતપોતાના સૂવાના પાટિયા પર ઊભી થઈ હતી, અને એકીટસે ગુપચુપ અમારી તરફ જોઈ રહી હતી.

થોડી વાર કઢંગી સ્તબ્ધતા જામી. અમારો વિદ્યાર્થી પહેલાં હસતો હતો, તે ગંભીર બની ગયો હતો; ઘરધણીએ શરમાઈ જઈને આંખો ઢાળી દીધી હતી; સ્ત્રીઓ ઊંચે શ્વાસે મારી સામું તાકી રહી મારા વચનની રાહ જોઈ રહી હતી. મારી ગભરામણ વળી એ સૌના કરતાં અધિક હતી. વાતવાતમાં બોલાઈ ગયેલું વચન આટલી અસર નિપજાવશે એવી મેં આશા નહીં રાખેલી.

તેઓ મારી પ્રત્યે નિહાળી રહ્યાં હતાં, મારા મોંમાંથી હવે શું નીકળે છે તેની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં.

પણ મને લાગ્યું કે જે આશા મેં પ્રગટાવી હતી તેને પૂરી કરવાને માટે જેવી જોઈએ તેવી વાણી અને ક્રિયા તો મારામાં નહોતાં. મારા હૃદયના ઊંડાણમાં મને લાગ્યું કે મેં અસત્ય ભાશણ કર્યું હતું. સૌ વાતે હું બરાબર તેમના જેવો જ હતો. મારે કાંઈ પણ વિશેષ કહેવાનું નહોતું. એટલે હું પત્રકમાં બધાં માણસોનાં નામ અને ધંધા ભરી લેવાને કામે વળગી પડ્યો.

આ પ્રસંગને લીધે વળી હું એક નવા જ ભ્રમમાં પડ્યો. આ

દુર્ભાગીઓને પણ સહાય કરવી શક્ય છે એમ મેં ધાર્યું. આત્મવંચનામાં મને તે વખતે લાગ્યું કે એ સહેલું કામ છે. મેં મનમાં કહ્યું, ''આ સ્ત્રીઓનાં નામો પણ હમણાં લખી લઈએ અને પાછળથી અમે (આ 'અમે' કોણ તેનો ખુલાસો મેં મારા દિલને આપ્યો નહોતો.) તેમનું કામ હાથ ધરીશું. મેં કલ્પના કરી કે અમે — એટલે કે અનેક જમાનાઓ થયાં આ સ્ત્રીઓને આવી દુર્દશામાં આણનારા જ લોકો, — કોઈ એક શુભ મુહૂર્તે જાગ્રત થઈ જઈને એકદમ એમની સ્થિતિ સુધારી નાખીશું. પરંતુ પેલી પતિત ગણાતી સ્ત્રી, પોતાની મરવા પડેલી પડોશણનું બાળક હીંચોળી રહી હતી તેની સાથે થયેલો મારો સંવાદ જો મેં યાદ કર્યો હોત, તો મારા આ મનોરથમાં કેટલું ગાંડપણ રહેલું છે તે હું સમજી શક્યો હોત.

તે સ્ત્રીની પાસે બાળક જોયું ત્યારે પ્રથમ તો એ તેનું જ બાળક હશે એમ મેં ધારેલું. ''તું કોણ છે?'' એવા સવાલના જવાબમાં તેણે સરળ ઉત્તર આપ્યો કે, ''છોકરી છું.'' 'વેશ્યા છું,' એમ તે ન બોલી. એ તો પેલો શહેરી સભ્યતાવાળો ઘરધણી જ એવો ભયંકર બોલ ધડ દઈને બોલી પડેલો. આ બાળક તેનું હશે એવા અનુમાનથી તેને એ દશામાંથી ઉગારી લેવાનો વિચાર મને સૂઝ્યો. મેં પૂછ્યું : ''આ તમારું બાળક છે?''

''ના, બાળક તો આ બાઈનું છે.''

''ત્યારે તમે કેમ એને હીંચોળો છો?''

''એણે મને કહ્યું છે તેથી; બિચારી મરવા પડી છે.''

મારું અનુમાન ખોટું પડ્યું હતું, છતાં મેં તેવા ને તેવા જ ભાવમાં વાત ચાલુ રાખી. તું કોણ છે, અને કેમ કરતાં આવી દશામાં આવી પડી, એવા સવાલો મેં પૂછ્યા. તેણે ખુશીથી અને સરળભાવે પોતાની કથની સંભળાવી. મોસ્કોના રહીશ એક કારખાનાના કામદારની તે દીકરી હતી. તેને અનાથ મૂકી માબાપ મરણ પામ્યાં. તેની ફોઈએ પોતાને ઘેર લઈ જઈ તેને ઉછેરી. ફોઈને ઘેરથી તે વારંવાર હોટેલમાં જતી-આવતી થઈ. ફોઈ હાલ મરી ગઈ છે. ''આ જાતનું જીવન છોડી દેવાની તમને ઇચ્છા નથી થતી?'' એવું મેં પૂછ્યું. પણ એ પ્રશ્ન તેને અર્થ વગરનો લાગ્યો. ખરે જ સાવ અશક્ય

વાત કોઈ કરે, તો માણસને તેમાં શો અર્થ લાગે? મોં મલકાવી તે બોલી : ''પણ આ પીળી ટિકિટ*વાળી મને કોણ સંઘરે?''

''ધારો કે હું તમારે માટે ક્યાંક રસોઈયણની જગા મેળવી આપું?'' મેં કહ્યું.

આ વિચાર મને સૂઝ્યો, તેનું એ કારણ કે તે બાઈ શરીરે જબરી દેખાતી હતી; તેનું મોં ગોળ, ભોળિયું, ભલું લાગતું હતું. આવી રસોઈયણો મેં ઘણી જોઈ હતી. મારાં વચન સાંભળીને તે નારાજ થઈ દેખાઈ.

''રસોઈયણ! પણ મને રોટી બનાવતાં આવડતી નથી!'' તેણે હસતાં હસતાં કહ્યું. આવડતું નથી એમ તેણે કહ્યું, પણ તેના ચહેરા પરથી હું જોઈ શક્યો કે રસોઈયણ થવું તેને ગમતું જ નહોતું, કારણ કે તે ધંધા અને તે સ્થિતિ પ્રત્યે તેને અણગમો હતો.

આ બાઈ, જે પેલી બીમાર પડોશણને ખાતર પોતાના સર્વસ્વનો ભોગ આપતી હતી તે, પોતાના વર્ગની બીજી સ્ત્રીઓની માફક, મજૂરીને હલકી અને તિરસ્કારને પાત્ર ગણતી હતી. મહેનત મજૂરી કર્યા વગર નિર્વાહ કરતી જ તે નાનેથી મોટી થઈ હતી, અને તેની આસપાસ રહેનારા સૌને એ સ્વાભાવિક લાગતું હતું. આ માન્યતા એ જ તેનું ખરું દુર્ભાગ્ય હતું. એ જ દુર્ભાગી માન્યતાને વશ થઈ તે વર્તમાન દુર્દશાને પામી હતી, અને દુર્દશામાં રહેવાની ઇચ્છતી હતી. એ માન્યતાએ જ તેને હોટેલોમાં ભટકતી કરી મૂકી હતી. આપણામાંથી કયો પુરુષ કે કઈ સ્ત્રી આ બાઈની જીવન વિશેની આ ખોટી માન્યતા સુધારી શકે એમ છે? સુસ્તીમાં જીવન ગાળવા કરતાં કોઈ પણ પ્રકારની મજૂરી કરવી એ વધારે આબરૂવાળું છે, એવી પાકી માન્યતાવાળા માણસો આપણામાં ક્યાં છે? એ માન્યતાની કસોટીએ જ લોકોની હિંમત અને આબરૂ આંકવાવાળા માણસો આપણામાં ક્યાં છે? જો તે વખતે હું આ વિચાર કરવા જરા થોભ્યો હોત, તો હું સમજી શક્યો હોત કે હું પોતે અથવા જેમને હું ઓળખું છું તેમનામાંથી બીજો કોઈ પણ આ

* રશિયામાં ઝારના વખતમાં પોલીસખાતા તરફથી વેશ્યાઓને પરવાના આપવામાં આવતા.

રોગનું નિવારણ કરી શકે નહોતું.

લોકો તેમને ધિક્કારે છે, ગાળો દે છે એ આવી સ્ત્રીઓ જુએ છે, પણ શા માટે લોકો તેમને ધિક્કારે છે તે તેમને સમજાતું નથી. બાળપણથી આવી સ્ત્રીઓની વચ્ચે જ ઊછરીને તેઓ મોટી થઈ છે. તેઓ જાણે છે કે બધે કાળે અને બધા સમાજમાં આવી સ્ત્રીઓ હતી અને આજે છે. સમાજમાં તેમની આવશ્યકતા એટલી બધી છે કે તેઓ યોગ્ય રીતે રહે તેની દેખરેખ માટે સરકાર તરફથી ખાસ અમલદારો રાખવામાં આવે છે.* તે ઉપરાંત તેમને એ પણ ખબર છે, કે તેઓ બીજી સ્ત્રીઓ કરતાં વિશેષે પુરુષોને પોતાના હાથમાં રમાડી શકે છે, અને વશ રાખી શકે છે. તેઓ જુએ છે કે તેમને ગાળો દેવા છતાં સૌ સ્ત્રીઓ-પુરુષો તેમ જ સરકાર પણ સમાજમાં તેમની આવશ્યકતા સ્વીકારે છે. એટલે શી બાબતનો તેમણે પસ્તાવો કરવો અથવા શા સારુ તેમણે પોતાના જીવનમાં કંઈ સુધારો કરવો, એ તેમની બુદ્ધિમાં ઊતરી શકતું નથી.

એક દિવસ એક વિદ્યાર્થીએ મને ખબર આપ્યા કે એક ઓરડીમાં કોઈ બાઈ રહે છે તે તેની 13 વરસની ઉંમરની દીકરી પર વેપાર ચલાવે છે. એ બાળાને બને તો ઉગારું એવી ઇચ્છાથી હું તરત તે ઓરડીએ ગયો. મા અને દીકરી બન્ને કંગાલ હાલતમાં રહેતાં હતાં. મા ચાળીસેક વરસની ઠીંગણી, શામળી વેશ્યા હતી — એવી કદરૂપી કે જોવી ન ગમે. છોકરી પણ તેના જેવી જ વરવી હતી. મેં ફેરવી ફેરવીને અનેક સવાલો પૂછ્યા. તે બધાના માએ તોછડા અને ઉડાઉ જવાબો આપ્યા. મને તેણે દુશ્મન જેવો જોયો. છોકરી તો પ્રથમ મા સામું જોયા વિના કશું બોલતી જ નહોતી. પોતાની મા ઉપર તેને પૂર્ણ વિશ્વાસ જણાતો હતો. એમને વિશે મારા હૃદયમાં દયા ન નીપજી, ઊલટી ઘ્રુણા પેદા થઈ. છતાં મેં નિશ્ચય કર્યો કે આ છોકરીને ઉગારી લેવી જોઈએ. તે માટે, આવી પતિત સ્ત્રીઓની હાલત માટે લાગણી ધરાવનારી સન્નારીઓને મળી, તેમને અહીં મોકલવાનો મેં વિચાર રાખ્યો.

પરંતુ આ માની આખી ઉંમર કેવી રીતે ગઈ છે; છોકરી તેને કેમ

---

* રશિયામાં ઝારના સમયમાં વેશ્યાગૃહો ઉપર સરકારી નિરીક્ષણ રહેતું અને તેમાં રહેતી સ્ત્રીઓની દાકતરી તપાસ થતી.

પેદા થઈ, તેને કેમ ઉછેરી અને મોટી કરી, તથા કોઈની પણ મદદ વગર અને ભારે કષ્ટ વેઠી આ બધું તેણે કેમ કર્યું એનો વિચાર કરવા હું જરા થોભ્યો હોત, તેના મનમાં જીવન વિશે જે ખ્યાલ બંધાયો હતો તે ઓળખવા હું જરા થોભ્યો હોત, તો હું દેખી શક્યો હોત કે માના કૃત્યમાં એવું ખરાબ કે અનીતિમય કશું નહોતું : પોતાની દીકરીને સારુ પોતાથી જેટલું બને તેટલું — એટલે કે તેને પોતાને જે સૌથી ઉત્તમ લાગે તેટલું — તે કરી છૂટતી હતી. બળજોરીથી છોકરીને મા પાસેથી લઈ લેવી એ શક્ય હતું, પણ છોકરીનું શિયળ વેચવામાં કંઈ બૂરાઈ છે એની માને ખાતરી કરી આપવી એ શક્ય નહોતું. દીકરીને ઉગારવા જતાં પહેલાં માને ઉગારી લેવાની જરૂર હતી. જીવન વિશેની જે માન્યતા સૌએ પસંદ કરી લીધી છે, જેને આધારે સ્ત્રીઓ લગ્ન કર્યા વગર એટલે કે સંતાન ધારણ કર્યા વગર, અથવા તો કશું કામ કર્યા વગર, માત્ર વિષયવૃત્તિનું ભાજન બનીને જીવન ગુજારી શકે છે, એ માન્યતામાંથી માને ઉગારી લેવાની જરૂર હતી.

જો આ વિશય ઉપર વિચાર કરવા હું થોભ્યો હોત તો હું સમજી શક્યો હોત, કે આ છોકરીને ઉગારવા માટે જે સન્નારીઓને હું મોકલવા માગતો હતો, તેમનો મોટો ભાગ પોતે જ સંતાન ધારણ કર્યા વગર અથવા તો કામ કર્યા વગર, વિષયવૃત્તિનું ભાજન બનીને જીવન ગુજારતી હતી, એટલું જ નહીં પણ પોતાની દીકરીઓનેય એવા જ જીવન માટે પળોટતી હતી. એક મા પોતાની દીકરીને હોટેલમાં લઈ જાય છે; તો બીજી મા રાજદરબારમાં અથવા નાચના મેળાવડામાં લઈ જાય છે. પણ જીવન વિશેની માન્યતા તો બન્ને માતાઓની એક જ છે. તે એ કે સ્ત્રીએ પુરુષની વિષયવૃત્તિનું ભાજન બનવું, અને તેના બદલામાં સ્ત્રીને અન્નવસ્ત્ર ને આશ્રય મળે. આપણી સન્નારીઓની જ્યાં આ દશા છે ત્યાં પેલી બાઈને અને તેની દીકરીને તેઓ શી રીતે સુધારી શકે?

# 9 : ઊંધું શિક્ષણ

પરોપકારી સજ્જનને નાતે મેં બાળકો પ્રત્યે પણ ધ્યાન વાળ્યું. પાપના અખાડામાં સડતાં એ ગરીબડાં પ્રાણીઓને ઉગારી લેવાનું મેં ઇચ્છ્યું. ખાસ કરીને બાર વરસની વયના એક સેરેઝા પર મારું મન ચોટ્યું. આ ચપળ, તેજસ્વી બાળક પહેલાં કોઈ મોચીને ત્યાં રહેતો, પણ તેનો માલિક કેદખાનામાં પડવાથી તે આશ્રય વગરનો થઈ પડ્યો હતો. તેનું કંઈક ભલું કરવું જ જોઈએ, એમ મને લાગ્યું.

એ છોકરાને હું મારે ઘેર તેડી ગયો, અને ત્યાં તેને રસોડામાં રાખ્યો — પાપના અખાડામાંથી ઉપાડી આણેલા અને જૂ-લીખોથી ભરેલા આવા એક છોકરાને મારાં પોતાનાં બાળકો સાથે તો કેમ રખાય? એ છોકરાનો ત્રાસ મારે બદલે મારા નોકરો ઉપર નાખીને મેં માની લીધું કે હું બહુ ભલો ને પરોપકારી છું.

એ છોકરો એકાદ અઠવાડિયું મારા ઘરમાં રહ્યો તે દરમ્યાન હું તેને એકબે વાર મળેલો અને બેચાર શબ્દો તેની સાથે બોલેલો, તેમ જ એક ઓળખાણવાળા મોચીને બોલાવી એ છોકરાને તેને ત્યાં ઉમેદવાર તરીકે મૂકવાની વાત મેં કરેલી. એક ખેડૂત મારે ત્યાં રહેતો હતો, તેણે છોકરાને ગામડે લઈ જઈ મજૂરી આપવાની ખુશી બતાવી; પણ છોકરાએ ના પાડી, અને અઠવાડિયામાં તો એ ક્યાંક પલાયન કરી ગયો. મેં ઝાનોવ ચાલમાં જઈને તેની તપાસ કરી. તે ત્યાં જ પાછો પહોંચ્યો હતો, પણ હું ગયો ત્યારે તે ઘેર નહોતો. બે દિવસ થયાં તેણે પ્રાણી-ઘરમાં રોજના 30 કોપેકની રોજી મેળવી હતી. ત્યાં કાંઈક ભવાઈ જેવું થવાનું હતું, તેમાં વેશધારી જંગલી લોકોના સરઘસમાં હાથી દોરનારનો પાઠ તેણે ભજવવાનો હતો. મેં તેની ફરી તપાસ કાઢી, પણ તે જાણી જોઈને મારી નજર ચુકાવી જતો.

આ છોકરાના તેમ જ મારા જીવનની તુલના કરવા જો તે વખતે હું થોભ્યો હોત, તો તે શાથી બગડ્યો તેનું કારણ હું સમજી શક્યો હોત. એ છોકરાએ શોધી કાઢ્યું હતું કે મહેનત કર્યા વગર અને કામ કરવાની ટેવ વગર માણસ સુખમય જીવન ગુજારી શકે છે. અને તેમાં પાછો તેનું કલ્યાણ કરવા નીકળેલો હું, તેને સુધારવા સારુ મારે ઘેર લઈ ગયો. ત્યાં તેણે શું જોયું? તેના કરતાં મોટાં ને નાનાં અને તેના જેવડી જ ઉમ્મરનાં મારાં છોકરાં — જેમણે જન્મ ધરીને કદી હાથપગ હલાવીને પોતાનું કામ કર્યું નહોતું, ઊલટાં બની શકે તેટલું બીજાને વધારે કામ કેમ અપાય એ જ જોનારાં જે થઈ ગયેલાં હતાં, વળી આસપાસ જે કાંઈ હડફેટે આવ્યું તેને બગાડતાં અને ઢોળતાં-ફોડતાં તેઓ — આખો દિવસ માલમલીદા ઉડાવતાં ને રકાબી-પ્યાલા ફોડતાં. આ છોકરાને મન જે પકવાન્ન લાગે તેવી ચીજો તેઓ ઢોળી નાખતાં કે કૂતરાંને નાખી દેતાં. એક ગંધાતી જગામાંથી કાઢીને હું તને સારા ઘરમાં લઈ આવ્યો; તો તે સારા ઘરમાં જે રહેણીકરણી એ જુએ તે ગ્રહણ કર્યા વિના છોકરો કેમ રહી શકે? તેણે જોયું કે સારા ઘરમાં રહેવું એટલે જાતે કશું કામ ન કરવું, મિષ્ટ પદાર્થો ખાવાપીવા અને મોજ માણવી.

એ ખરું કે મારાં છોકરાં ગ્રીક અને લૅટિન જેવી પ્રાચીન ભાષાનાં રૂપાખ્યાનો ગોખવામાં કેટલો ભારે શ્રમ ઉઠાવતાં હતાં, તેની એને ખબર નહોતી. એવી મહેનતનો હેતુ શો હશે તે તો એના મગજમાં ઊતરી પણ ન શકત. પરંતુ કદાચ એ હેતુ તેના મગજમાં ઊતર્યો હોત, તો તો મારાં છોકરાંઓના દ્રષ્ટાંતની અસર તેના ઉપર વધારે ખરાબ થાત. એ સમજી જાત કે મારાં છોકરાંને એવી પદ્ધતિએ ભણાવવામાં આવે છે કે હાલ તેમને કાંઈ કામ કરવું ન પડે, અને ભવિષ્યમાં પણ પોતાની પદવીઓને પ્રભાવે ઓછામાં ઓછું કામ કરતાં છતાં તેઓ સંસારનાં સુખ વધારેમાં વધારે ભોગવી શકે. જો કે છોકરો આ વાત સમજી ગયો હશે, એટલે જ તે પેલા ખેડૂત જોડે તેનાં ઢોર ચારવા અને ખીચડી ખાઈને જીવવા ન ગયો, પણ પ્રાણીઘરમાં કાબરચીતરો વેશ કાઢીને હાથીને દોરવાના કામે રોજના 30 કોપેકથી રહી ગયો.

મારાં પોતાનાં છોકરાંને પૂરેપૂરી આળસ અને મોજશોખની કેળવણી હું

આપતો હોઉં, અને હું જેને નરક ગણાવતો હતો તે ચાલીમાં કામધંધા વગર ભૂખે મરતાં લોકોને અને તેમનાં છોકરાંઓને સુધારવાની આશા રાખવી, એ મારી કેવી મૂર્ખાઈ કહેવાય, તે મારે સમજવું જોઈતું હતું. વળી એ નરકવાસમાં વસનારાં પોણાભાગનાં લોકો તો પોતાની જાત માટે અને બીજાઓને કાજે મહેનત કરનારાં હતાં. પરંતુ એમાંનું કશું હું તે વખતે સમજ્યો નહીં.

ઝાનોવ ચાલમાં તે વખતે ઘણાં બાળકો કંગાળ દશામાં હતાં : વેશ્યાઓનાં બાળકો, માબાપ વગરનાં બાળકો તેમ જ ભિખારી લોકો રસ્તામાં ફેરવે છે તેવાં બાળકો. બધાંની હાલત બહુ દયાજનક હતી. પણ સેરેઝાના અનુભવે મને શીખવ્યું હતું કે હું જે જાતનું જીવન જીવતો હતો તે જોતાં એમને મદદ કરી શકું તેમ નહોતો. સેરેઝા અમારી સાથે રહેતો હતો ત્યારે અમારું જીવન, અને ખાસ કરીને અમારાં બાળકોનું જીવન તેનાથી છુપાવવાની ઇચ્છા મારા મનમાં ઉદ્ભવેલી. મને એમ લાગતું હતું કે અમારાં મોટેરાંઓનાં તેમ જ અમારાં છોકરાંઓનાં જીવન તેની આગળ દ્રષ્ટાંતરૂપે હોય, ત્યાં સુધી તેના જીવનને શ્રમપરાયણ કરીને સુધારવાના જેટલા યત્ન હું કરું તે બધા પર પાણી ફરી વળવાનું. કોઈ વેશ્યા કનેથી કે ભિખારી પાસેથી છોકરું છોડાવવું બહુ સહેલું છે. પાસે પૈસા હોય તો તેને નવડાવી-ધોવડાવી સાફ કરવું, સારાં કપડાં પહેરાવવાં, બરાબર ખવરાવવું-પીવરાવવું, તેમ જ તેને વિદ્યા ભણાવવી એ બધું પણ સહેલું છે. પણ પોતાનો રોટલો રળવાનો જેમને કદી અભ્યાસ નથી એવા આપણે માટે તેને પોતાનો રોટલો કમાઈ લેતો કરવો મુશ્કેલ છે, બલકે અશક્ય છે. કારણ કે આપણા દ્રષ્ટાંતથી તો આપણે એનાથી ઊંધું શિક્ષણ જ આપીએ છીએ.

એકાદ ગલૂડિયું આપણે પાળીએ, તેને ખવડાવી-પીવડાવી ને કશુંક લાવતાં-લઈ જતાં શીખવીએ અને તે જોઈને હરખાઈએ. પરંતુ કોઈ બાળકને ઉછેરીએ, ખવડાવીએ-પીવડાવીએ અને એકાદ પ્રાચીન ભાષા શીખવીએ, તેટલું બસ નથી. એને તો જીવતાં શીખવવાનું છે, એટલે કે બીજા પાસેથી ઓછું લેતાં ને વધારે આપતાં શીખવવાનું છે. તેને ચાહે આપણા ઘરમાં રાખીએ કે ચાહે કોઈ ખાસ સંસ્થામાં રાખીએ, આપણે તો તેને એથી ઊલટું જ શીખવ્યા વિના રહી શકીએ નહીં.

# 10 : ઉપચાર વૃથા છે

લોકો પ્રત્યે કરુણાની અને મારી પોતાની પ્રત્યે તિરસ્કારની જે લાગણી મેં ધરમશાળામાં અનુભવેલી, તે હવે રહી નહોતી. ઉપાડેલું કામ પાર પાડવું, દીનદુખી લોકોનું કલ્યાણ કરવું એ જ વાસનાથી હું ઘેરાયો હતો.

તપાસને પહેલે જ દિવસે સાંજે એક ઓરડીમાં કોઈ દુખિયું પડ્યું હતું, તેને તત્ક્ષણ સહાયની જરૂર હતી. તે ભૂખે પીડાતી એક બાઈ હતી. બે દિવસથી તે કંઈ ખાવા પામી નહોતી.

બન્યું આમ : એક મોટો, સૂવાનાં પાટિયાંવાળો, ખાલી ઓરડો હતો. ત્યાં એક ડોસી મળી. તેને મેં પૂછ્યું કે અહીં કોઈ ભૂખે મરતું હોય એવું માણસ છે? એ ડોસીએ થોડી વાર વિચાર કરીને બે જણનાં નામ કહ્યાં. ત્યાર પછી વળી કંઈક સાંભરી આવ્યું હોય તેમ બોલી :

''હા, હા, જુઓ પેલી બાઈ પડી છે તે.'' એમ કહી એક પાટિયા ઉપર સૂતેલી બાઈ તરફ તેણે આંગળી ચીંધી. ''એ બાઈ બાપડીએ કાંઈ ખાધું નથી.''

''એમ? એ કોણ છે?''

''હતી તો વેશ્યા, પણ હવે કોઈને તેનો ખપ નથી. એટલે તેની પાસે મૂઠી ધાન લેવાના પૈસા પણ નથી. ઘરની માલેક આજ સુધી તેના ઉપર દયા રાખતી, પણ હવે તેને કાઢી મૂકવાની છે.'' એટલું કહી તેણે પેલીને હાંક મારવા માંડી. ''અગાફ્યા, ઓ અગાફ્યા!''

અમે તેના પાટિયા પાસે ગયા. પાટિયા ઉપર કશુંક ઊંચું થતું દેખાયું. અરધાં પળિયાં, અને ગૂંચાઈ ગયેલા વાળવાળું ડોકું દેખાયું. એ સ્ત્રીની કાયા હાડપિંજર જેવી હતી. તેના ઉપર મેલા ફાટેલા બદન સિવાય કાંઈ નહોતું. ઊંડા ખાડામાંથી તેની આંખ ચમકતી હતી. આંખો ફાડીને તેણે અમારી

ભણી જોયું. પાંસળાં નીકળેલી તેની છાતી ફાટેલા બદનમાંથી દેખાતી હતી તેને એણે ધ્રૂજતે હાથે પાલવ પકડીને ઢાંકી, અને પછી બેબાકળા, ખોખરા અવાજે બોલી : ‘‘શું છે? શું છે?’’

મેં પૂછ્યું, ‘‘કેમ છો?’’ બહુ વાર સુધી મારો સવાલ જ તેના મગજમાં ન ઊતર્યો. અંતે તે બોલી :

‘‘શી ખબર? જુઓને આ લોકો મને કાઢી મૂકે છે.’’ મેં તેને પૂછ્યું (આ લખતાં મને શરમ આવે છે, પણ મેં પૂછ્યું) ‘‘તમને કંઈ ખાવા મળ્યું નથી એ સાચું છે?’’ મારી સામું જોયા વગર જ પહેલાંના જેવા જ ગભરાયેલા અવાજે તે બોલી :

‘‘ગઈ કાલેય કંઈ મળ્યું નથી ને આજ પણ મળ્યું નથી.’’

આ બાઈને જોઈને મારા હૃદય પર અસર થઈ, પણ ધરમશાળામાં થયેલી તેવી નહીં. ત્યાં લોકો ઉપર દયા આવેલી અને મારી જાત ઉપર શરમ ઊપજેલી. જ્યારે અહીં જે વસ્તુની ખોજમાં હું હતો તે — ભૂખ્યું માણસ — મને છેવટે હાથ લાગ્યું એથી હું ખુશ થયો.

મેં તેને એક રૂબલ આપ્યો, અને એ આપતાં બીજાઓએ મને જોયો તેથી હું બહુ રાજી થયેલો એમ મને સાંભરે છે. પેલી ડોસીએ જ્યારે એ જોયું ત્યારે તેણે પણ થોડા પૈસા માગ્યા. પૈસા આપવામાં મને એટલો આનંદ લાગ્યો કે મેં તે બાઈને તરત થોડા પૈસા આપી દીધા. તે ડોસી મને બારણા સુધી વળાવવા આવી; આ બાઈએ મને આશીર્વાદ આપ્યા તે બહાર ઓશરીમાં ઊભેલા લોકોએ સાંભળ્યા. ગરીબાઈ વિશે મેં જે પૂછપરછ કરેલી તેનાથી લોકોમાં કંઈક આશા પેદા થઈ હતી, તેથી કેટલાક માણસો અમારી પાછળ પાછળ ચાલ્યા. ઓશરીમાં ઊભેલાંઓ કાંઈક આપો કહીને માગવા લાગ્યાં. આ માગણોમાં કેટલાક અઠંગ દારૂડિયાઓ પણ હતા; તેમને જોઈને મારા મનમાં સૂગ આવતી હતી. પણ પેલી ડોસીને જો મેં પૈસા આપ્યા, તો આ લોકોને ના પાડવાનો મને હક નહોતો. તેથી, હતા તેટલા મેં વહેંચી માર્યા. પૈસા વહેંચતો હતો તે દરમિયાન બીજાઓ આવી પહોંચ્યા, અને આખા લત્તામાં એ વાત ફેલાઈ ગઈ. દાદર પર અને છજામાં લોકો દેખાવા

લાગ્યા ને તેઓ મારી પાછળ આવવા લાગ્યા.

હું રસ્તા પર આવ્યો. દરેક જાતના લોકો પૈસા માગતા મારી પાછળ ચાલતા હતા. મારા ખીસામાં પરચૂરણ હતું તે બધું મેં વહેંચી દીધું અને પછી બાજુમાં એક દુકાન ખુલ્લી હતી ત્યાં જઈ દસ રૂબલની એક નોટ વટાવી લીધી. અહીં પણ ધરમશાળાના જેવું જ બન્યું. ભયંકર પડાપડી થઈ. ડોસીઓ, ઉજળિયાત વર્ગના માણસો, ગામડિયા લોકો, છોકરાંઓ સૌ તે દુકાન પાસે હાથ લંબાવતાં ટોળે વળ્યાં. મેં તેમને પૈસા આપ્યા, કેટલાકને તેમની જિંદગીનાં વૃત્તાંત પૂછ્યાં અને તેમનાં નામ મારી નોંધપોથીમાં ઉતારી લીધાં.

ધરમશાળામાં લોકોનાં દારિદ્રય અને અવદશા જોઈને હું હેબતાઈ ગયો હતો. અને એ સ્થિતિ માટે દોશપાત્ર હું છું એમ મને લાગેલું; કાંઈક કરવાની ઇચ્છા મારા મનમાં ઉદ્ભવેલી અને કાંઈક કરી શકીશ એમ પણ લાગેલું. પરંતુ અહીં તેવું જ દશ્ય જોઈને મને ઘેરી વળેલા લોકો પ્રત્યે અણગમાની લાગણી થઈ, અને મન સ્વસ્થ બન્યું.

તે દિવસે ઘેર પાછો આવ્યો ત્યારે મને કંઈ ચેન ન પડ્યું. હું કરતો હતો તે બધું બેવકૂફી અને અનીતિથી ભરેલું મને લાગ્યું. પરંતુ મગજમાં ગોટાળો હોય ત્યાર હંમેશાં બને છે તેમ, મારા કાર્ય વિશે મેં વાતો ખૂબ કરી, કાર્યમાં સફળતા મળવા વિશે જાણે મને લેશ પણ શંકા જ હોય નહીં એમ વાતો કરી.

બીજે દિવસે, જેમનાં નામ મેં નોંધી લીધાં હતાં તેમાંથી જેઓ બીજા કરતાં વધારે દીન દરિદ્રી હતાં, જેમને બીજા કરતાં વધુ સહેલાઈથી મદદ પહોંચાડી શકાશે એમ મેં ધારેલું, તેમનાં નામ નક્કી કરી હું એકલો તેમની તપાસ માટે નીકળી પડ્યો. તપાસને પરિણામે મેં જાણ્યું કે, હું માનતો હતો તે કરતાં તેમને મદદ કરવી ઘણી અઘરી હતી. મદદ કેમ કરવી એ આવડ્યું નહીં તેથી, કે પછી બીજું કંઈ થવું અશક્ય જ હશે તેથી, હું કોઈને મદદ કરી શક્યો નહીં અને સૌને મેં છોડ્યાં. વસ્તીપત્રકની છેલ્લી ગણતરી સુધીમાં હું અનેક વાર ઝાનોવ ચાલમાં જઈ આવ્યો. દર વખત એકસરખો જ અનુભવ

થયો. દર વખત મારી ફરતાં માગણોનાં ટોળાં ભેગાં થઈ જતાં ને તેમની વચ્ચે હું અટવાઈ જતો. મને એમ લાગ્યું કે આ લોકોની સંખ્યા એવડી મોટી છે કે હું કંઈ જ કરી નહીં શકું. એટલે તે લોકોની મોટી સંખ્યા જોઈ હું ચિડાવા લાગ્યો. વળી દરેકને અલગ અલગ તપાસતો ત્યારે તેમનામાં કોઈને માટે કશું કરવા જેવું લાગતું નહીં.

દરેક જણ જૂઠું બોલતો હતો, અથવા પૂરું સત્ય તો નહોતો જ બોલતો. દરેક જણ મને પૈસાની એક થેલીરૂપે જ દેખતો હતો અને એ થેલીમાંથી પડાવાય એટલું પડાવવા માગતો હતો. અનેક વાર મને દેખાતું કે મારી પાસેથી પૈસા કઢાવી જનાર માણસ એ પૈસાથી પોતાની હાલત સુધારવાનો નથી, પણ બગાડવાનો જ છે. આ મકાનમાં જેમ જેમ હું વિશેષ જતો ગયો, અને એ લોકો જોડે જેમ જેમ વિશેષ ભળતો ગયો, તેમ તેમ મને સ્પષ્ટ ભાસતું ગયું કે કંઈ જ બનવું શક્ય નથી. પરંતુ વસ્તીપત્રકની છેલ્લી રાતના ફેરા સુધી હું મારા ઉપાડેલા કાર્યમાંથી ડગ્યો નહીં.

આ છેલ્લા દિવસના ફેરાનું સ્મરણ કરતાં મને સવિશેષ શરમ આવે છે. તે પહેલાં હું એકલો જતો, પણ આજે તો વીસ જણ ભેગા મળીને ગયા. અમે પેલી અંધારી હોટલમાં પહોંચ્યા અને ત્યાંના નોકરોને જગાડીને અમારાં કાગળિયાં ગોઠવવા લાગ્યા. અમારા આવવાની ખબર જાણી લોકો બહાર ચાલ્યા જવા મંડ્યા છે એવું સાંભળ્યું, એટલે અમે ઘરધણીને દરવાજે તાળાં મારવાનું કહી દીધું અને પછી ચોગાનમાં જઈને લોકોને સમજાવવા લાગ્યા. અમે તેમને ખાતરી આપી કે અમે તમારા પરવાના* તપાસવા નથી આવ્યા. ગાભરા બનેલા ત્યાંના એ ભાડૂતોને જોઈને મારા દિલ પર કેવી વિચિત્ર અને વિશાદની લાગણી થયેલી તે મને યાદ છે. અરધાં નાગાં અને ચીંથરિયાં. એ લોકો તે અંધારિયા ચોગાનના ઝાંખા દીવાના અજવાળામાં ભૂતડાં જેવાં દેખાતાં હતાં. બીધેલાં અને ગભરાયેલાં એવાં તે લોકો પેલા દુર્ગંધ મારતા જાજરૂની નજીક ટોળે વળીને ઊભાં હતાં. અમે ઘણીયે ખાતરી આપતા હતા,

---

* રશિયાના કાયદા પ્રમાણે, કોઈની પાસે શહેરમાં રહેવાનો પરવાનો ન હોય તે ગંભીર ગુનો ગણાતો.

અને તે બધી એ સાંભળતાં હતાં, પણ કોઈને વિશ્વાસ બેસતો નહોતો. જીવ પર આવેલા જાનવરની પેઠે તેઓ અમારી પાસેથી નાસી છૂટવા ખાતર ગમે તે કરવાને તૈયાર હોય એવાં જણાતાં હતાં.

પોલીસ અમલદારો, મેજિસ્ટ્રેટો અને ન્યાયાધીશો શહેરમાં કે ગામડામાં, શેરીમાં કે મોટા રસ્તા પર જ્યાં મળે ત્યાં તેમને આખી જિંદગી કનડતા આવ્યા હતા. તેમાં વળી આ નવા સદ્‌ગૃહસ્થો અચાનક આવીને કેવળ તેમને ગણવાને ખાતર દરવાજા વાસી તેમને પૂરી દે એટલે, સસલાંઓને એવું કહેવામાં આવે કે આ કૂતરા તમને મારવા નહીં પણ ગણવા આવ્યા છે, એ વાતમાં તેમને જેટલો વિશ્વાસ બેસે તેટલો વિશ્વાસ આ લોકોને અમારી વાતમાં પડતો હતો. પરંતુ દરવાજે તાળાં હતાં, એટલે ત્રાસેલા ભાડૂતો પોતપોતાને ઠેકાણે જઈને ભરાઈ ગયા, અને અમે ટોળીઓમાં વહેંચાઈ જઈને અમારે કામે વળગી ગયા.

મારી સાથે મારા બે ઓળખીતા તથા બે વિદ્યાર્થીઓ હતા. અમારી આગળ અંધારામાં વાન્યા હાથમાં ફાનસ ઝાલીને ચાલતો હતો. જે વિભાગ મને જાણીતો હતો ત્યાં જ અમે ગયા. ત્યાંની ઓરડીઓ અને કેટલાંક માણસો પણ મને પરિચિત હતાં. પરંતુ મોટા ભાગનાં માણસો મને નવતર જ દેખાયાં. આખો દેખાવ જુદો જ અને ભયાનક જણાયો; ધરમશાળામાં મેં જોયેલો તેના કરતાં પણ વિશેષ ભયાનક. બધા ઓરડા ભરેલા હતા, બધાં પાટિયાં રોકાયેલાં હતાં. ઘણામાં તો બબ્બે જણ હતાં. અને સ્ત્રીઓ તથા પુરુષો એવાં ભેળસેળ ખડકાયેલાં હતાં, કે દેખાવ જુગુપ્સા ઉપજાવતો હતો. દારૂથી તર થયેલી નહોતી તેવી બધી જ સ્ત્રીઓ પુરુષોની સાથે પડેલી હતી. ઘણી બચ્ચાંવાળી સ્ત્રીઓ પણ સાંકડાં પાટિયાં પર અજાણ્યા પુરુષો સાથે પડી હતી. આ લોકોની દીનતા, મલિનતા અને ભયભીતતા એ બધું અત્યંત કરુણ હતું, અને આવી દશામાં આટલાં બધાં માણસો એકસામટાં પડેલાં હતાં એ વળી વિશેષ હૃદયદ્રાવક હતું. પહેલો ઓરડો, બીજો, ત્રીજો... દસમો ને વીસમો — બધા જ ઓરડા આવા ને આવા સરખા. દરેકમાં તે જ દુર્ગંધ, તે જ મલિન વાતાવરણ, તે જ ભીડ, તે જ દારૂથી ટેં થયેલાં સ્ત્રીપુરુષો, તે જ

સ્ત્રીપુરુષોની ભેળસેળ. દરેકના ચહેરા પર એકસરખી દીનતા, બીક અને અપરાધીપણું. આ બધું જોયું, ને હું દુખી અને લજ્જિત થયો. હું સમજ્યો, કે મેં ઉપાડેલું કાર્ય ગંદું, બેવકૂફીનું અને તેથી અસંભવિત હતું. લોકોનાં નામ લખી લેવાનું અને તેમને પ્રશ્નો પૂછવાનું મેં બંધ કર્યું. તેમાંથી કંઈ જ નીપજવાનું નથી એવી મારી ખાતરી થઈ.

મને તીવ્ર વેદના થઈ. ધરમશાળામાં તો બીજા માણસના અંગ પર ભારે જખમ જોઈને જેવું થાય તેવું મને થયું હતું. તેમને વહેલી મદદ ન કરી તેનું પણ મને દુઃખ થયું હતું. પણ જખમનો ઉપચાર કરવાની તે વખતે મને આશા હતી. પરંતુ, અહીં મારી સ્થિતિ એવા વૈદ્યના જેવી હતી, જે પોતાની વૈદ્યકીય સામગ્રી લઈને દરદી પાસે જાય છે, જખમ ખોલે છે, તેને ધુએ છે; પણ તેની સ્થિતિ જોઈ મનમાં તેને કબૂલ કરવું પડે છે કે આ બધું કર્યું તે વૃથા છે; પોતાની બધી વૈદ્યકીય સામગ્રી દર્દીને બિલકુલ રાહત આપી શકે તેમ નથી.

## 11 : પરોપકાર-પ્રવૃત્તિનો ફેસ્તો

આ છેલ્લી મુલાકાતે મારી આત્મવંચનાને આખરી ફટકો માર્યો. મને સ્પષ્ટ ઊગી ગયું કે મેં ઉપાડેલું કાર્ય માત્ર મૂર્ખાઈભરેલું જ નહીં, પણ ઘ્રુણાસ્પદ પણ હતું. પરંતુ આમ સમજવા છતાં મને લાગ્યું કે એમ આખું કાર્ય ફેંકી દઈ ન શકાય. આ કામ ચાલુ તો રાખવું જ જોઈએ એમ મને લાગ્યું. એક તો મારા લેખથી અને મુલાકાતોથી મેં ગરીબ લોકોમાં આશા પેદા કરી હતી; બીજું, મેં દાતાઓમાં આ કામ માટે સહાનુભૂતિ ઉત્પન્ન કરી હતી.

મદદ માગનારાંઓ તરફથી મને સૌથી વધુ પત્રો અને અરજીઓ મળ્યાં. આ બધી અરજીઓનાં લખનારાં, જો એક વિચિત્ર શબ્દપ્રયોગ વાપરું તો, 'તવંગર-ગરીબ' લોક હતાં. તેમાંથી કેટલાંકને હું મળ્યો. બધી અરજીઓ એવા માણસો તરફથી આવી હતી કે જે એક વાર સારી સ્થિતિમાં એટલે કે, જે સ્થિતિમાં માણસો બીજા પાસેથી લે વધારે અને આપે ઓછું તેવી સ્થિતિમાં — હતા. તેમની એ સ્થિતિ બગડી હતી, અને હવે તેને પાછી પ્રાપ્ત કરવા તેઓ ચાહતા હતા. એક જણને પોતાનો પડી ભાંગતો ધંધો પગભર કરવા સારુ બસો રૂબલ જોઈતા હતા. બીજા એક જણને દેવાં ચૂકવીને ગીરો મૂકેલાં પોતાનાં સારાં કપડાં પાછાં મેળવવાં હતાં.

મોટા ભાગના અરજદારોએ મદદનો ચોક્કસ આંકડો દર્શાવ્યો નહોતો. તેઓ બાંધેભારે મદદ જ માગતા હતા, પણ તેમને કેટલી મદદ જોઈતી હતી તેની તપાસ કરતાં માલૂમ પડ્યું કે મદદના આંકડાના પ્રમાણમાં તેમની ભૂખ વધ્યે જ જતી હતી. તેમને કોઈ રીતે સંતોશી શકાય એમ હતું નહીં.

હવે પરોપકારી સજ્જનોના સહકાર વિશે તો મેં ધારેલું જ નહીં તેવું બન્યું. જે લોકોએ ફાળામાં પૈસા આપવાનું કબૂલ કર્યું, અને કેટલી રકમ

તેનું નામ પણ પાડ્યું હતું, તેમનામાંથી એક પણ જણે ગરીબ લોકોમાં વહેંચવા સારુ રૂબલ સરખો પણ આપ્યો નહીં. જો કોઈએ મને કંઈ પણ આપ્યું હોય તો તે પેલા વિદ્યાર્થીઓએ. વસ્તીપત્રકના કામને સારુ તેમને જે કંઈ પેસા મળ્યા તે તેમણે મને આપી દીધા. તે રકમ, હું ધારું છું, બાર રૂબલની હતી. આમ મારા જે કાર્યમાં શ્રીમંત લોકો પાસેથી હજારો રૂબલના ફાળા થવાના હતા અને જે વડે હજારો હજારો લોકોને દારિદ્રય અને વેશ્યાવૃત્તિમાંથી ઉગારવામાં આવવાનાં હતાં, તે કામ આટલામાં જ પતી ગયું. મારી પાસે જેમણે માગ્યા તેમને થોડી કોડી રૂબલ મેં જેમ તેમ વહેંચી માર્યા. છેવટે મારી પાસે વિદ્યાર્થીઓએ આપેલા બાર રૂબલ, તેમ જ વ્યવસ્થાપક તરીકેની મારી સેવા બદલ નગરપાલિકાએ મને આપેલા પચીસ રૂબલ, એટલા પૈસા સિલક રહ્યા. આ પૈસાનો શી રીતે ઉપયોગ કરવો તે મને સમજાતું નહોતું.

આખા કાર્યનો અંત આવ્યો. હવે હું મારે ગામ ચાલ્યો જાઉં તે પહેલાં, પેલા સાડત્રીસ રૂબલ મારી પાસે સિલકમાં પડ્યા હતા તેને ઠેકાણે પાડવા માટે — ગરીબોને વહેંચી દેવા માટે — એક રવિવારે સવારે હું ઝાનોવ ચાલમાં ગયો. મારા જાણીતા બધા વિભાગ હું ફરી વળ્યો. એક માંદો માણસ ત્યાં જોયો તેને મેં પાંચ રૂબલ આપ્યા. બીજો કોઈ સુપાત્ર ત્યાં જડ્યો નહીં. જોકે ઘણા લોકો મારી પાસે માગવા તો લાગ્યા. પણ તેમને હું ઓળખતો નહોતો. તેથી મેં વિચાર કર્યો કે ઘરના માલિક ઇવાન ફેડોટિચની સલાહ લઈને જ વધેલા બત્રીસ રૂબલ વહેંચી નાખવા.

તહેવારોનો આ પહેલો દિવસ હતો. સૌએ સારાં સારાં કપડાં પહેર્યાં હતાં, ખાધું પણ ખૂબ હતું અને કેટલાંક તો પીને તર પણ બન્યાં હતાં. ચોગાનમાં એક બુઢ્ઢો પણ તંદુરસ્ત માણસ ઊભો હતો. તે હાડકાં અને ચીંથરાં એકઠાં કરીને વેચવાનો ધંધો કરતો હતો. તેણે ફાટેલ ખમીસ અને કંતાનના જોડા પહેર્યા હતા. પોતાની ટોપલીમાંથી ચીંથરાંના ટુકડા જુદા પાડી તેણે ચામડાના, લોઢાના કે એવા બીજા ટુકડાઓના અલગ અલગ ઢગલા કર્યા અને પહાડી રાગે તે ગાયન લલકારવા લાગ્યો. હું તેની જોડે વાતે

વળગ્યો. તેની ઉંમર સિત્તેર વરસની હતી, એકલો જીવ હતો; ધંધો કરી ગુજરાન ચલાવતો હતો, તેને મદદથી જરૂર નહોતી; ઊલટું તેણે તો કહ્યું કે, ઈશ્વરકૃપાથી ખાઉં એટલું છે, અને જરા દારૂનો 'ટેસ' લગાવવો હોય તોયે વાંધો આવે તેમ નથી. મેં પૂછ્યું કે, "કોઈ બહુ જ ગરીબ અહીં છે?" તે ગુસ્સે થઈને બોલ્યો, "ગરીબ કોણ હોય? દારૂડિયા ને હરામ હાડકાંના લોકો સિવાય ગરીબ તે વળી કોણ હોય?' પણ જ્યારે મેં મારો હેતુ જણાવ્યો, ત્યારે જરા પ્યાલી ચડાવવા સારુ થોડા કોપેક તેણે માગી લીધા, અને મેં આપ્યા તેવો લઈને તે હોટેલમાં દોડ્યો. પછી બચેલા પૈસા વહેંચવાની વ્યવસ્થા કરવા સારુ હું પોતે હોટેલમાં ઇવાન ફેડોટિચ પાસે ગયો. આખી હોટેલ ચિકાર હતી; ટેબલ બધાં ભરાઈ ગયાં હતાં; કેટલાક પીધેલા અહીંતહીં લથડિયાં ખાતા હતા; એક નાની ઓરડીમાં બે જણ નાચતાં હતાં. મારી અદબ ખાતર ઇવાન ફેડોટિચે નાચ બંધ રાખવાનો હુકમ કર્યો, અને તે મારી સાથે એક ખાલી ટેબલ પર બેઠો. મેં તેને કહ્યું કે, તમે તમારા બધા ભાડૂતોને ઓળખો, એટલે સૌથી દીન દશામાં કોણ છે તે મને બતાવી શકો. એક નાનીસરખી રકમ ગરીબગુરબાંઓમાં મારે વહેંચી નાખવાની છે. ભલો ઈવાન ફેડોટિચ બહુ કામમાં હોવા છતાં મને મદદ કરવા ખાતર થોડી વાર ધંધો છોડી મારી સાથે બેઠો. તે વિચારમાં પડ્યો અને કાંઈક મૂંઝાયો. એક વૃદ્ધ નોકરે મારી વાત સાંભળેલી, તે ચર્ચામાં સામેલ થયો.

કેટલાયે માણસોનાં નામ યાદ કરી કરીને બન્ને તેમની સમાલોચના કરી ગયા. તેમાંના કેટલાકને હું પણ ઓળખતો હતો. પણ કોઈને વિશે અમારું મન માને નહીં.

"પારામોનોવ્ના," નોકરે સૂચવ્યું.

"હા, એ ઠીક છે. ઘણી વાર ભૂખી પડી રહે છે. પણ એનો દારૂનો ચસકો ક્યાં ઓછો છે?"

"એમાં શું થઈ ગયું? તો પણ—"

"ઠીક ત્યારે, ઇવાનોવિચ? – તેને ટોળું તો છોકરાં છે."

પણ ઇવાન ફેડોટિચને ઇવાનોવિચ પસંદ ન પડ્યો.

‘‘ત્યારે અકુલીના?’’ ‘‘પણ તેને તો મદદ મળે છે.’’ ‘‘હં, ત્યારે પેલો આંધળો છે ને!’’ પણ એ આંધળા વિરુદ્ધ તો મારે વાંધો હતો. તેને મેં હમણાં જ જોયો હતો. એંસી વરસની એ ડોસાની અવસ્થા છે, સગુંવહાલું કોઈ ન મળે. એના કરતાં વધારે દુખિયો બીજો કોણ હોઈ શકે, એવો કોઈને પણ વિચાર આવે. પણ મેં તેને જરાક વાર પહેલાં જ જોયો હતો. પીછાંના મોટા ગાદલા પર તે સૂતો હતો ને પીધેલ હતો. તેણે મને દીઠેલો નહીં, તેથી પ્રમાણમાં નાની ઉંમરની તેની એક રખાત હતી તેને કાનમાંથી કીડા ખરે એવી ગંદી ગાળો આપતો હતો. મેં જોયું કે ઇવાન ફેડોટિચની મૂંઝવણનું કારણ તેની સચ્ચાઈ હતી. કારણ, તે જાણતો હતો કે ચાહે તેને મદદ આપવામાં આવશે, પણ આખરે તો તેની હોટેલના ગલ્લામાં જ તે પૈસા આવવાના હતા. પણ મારે તો જ્યાંત્યાંથી બત્રીસ રૂબલ કાઢવા જ હતા. તેથી મેં વાત છોડી નહીં ને છેવટે હા-ના કરતાં બધા પૈસા માટે અમે પાત્રો શોધી લીધાં. જેમને પૈસા મળ્યા તેમણે મોટે ભાગે સારાં કપડાં પહેરેલાં હતાં; તેમ તેમને શોધવા જવું પડે એમ પણ નહોતું. તેઓ એ હોટેલમાં જ ક્યાંક હતાં.

આ રીતે પરોપકારની મારી આખી પ્રવૃત્તિ સમાપ્ત થઈ. બીજાઓ પર ધૂંઆપૂંઆ થતો હું મારે ગામ ચાલ્યો ગયો. બને છે એવું કે આપણે પોતે કંઈ બેવકૂફીનું કે બૂરું કામ કરી બેસીએ છીએ, ત્યારે તેનો રોશ હમેશાં બીજાઓ પર ઉતારીએ છીએ. મારી પરોપકાર-પ્રવૃત્તિનો ફેસ્તો થયો અને સમૂળગી બંધ થઈ ગઈ.

પરંતુ જે વિચાર અને લાગણીઓનો ધોધ તે પ્રવૃત્તિએ મારા મનની અંદર પ્રગટાવ્યો હતો તે બંધ ન થયો, એ તો બમણા વેગથી ઊલટ્યો.

# 12 : ખરાબીનું ખરું મૂળ

એ ધોધનું થોડું પૃથક્કરણ કરું.

હું ગામડામાં રહેલો, એટલે ગામડાની ગરીબાઈ મેં જોયેલી. નમ્રતાને લીધે નહીં — કારણ તેમાં અને અભિમાનમાં કશો ફરક નથી — પણ મારા વિચારો અને લાગણીઓની પરંપરા સમજાય તે માટે સત્ય કહેવું આવશ્યક છે તેથી હું કહું છું કે, ગામડાંમાં ગરીબો માટે મેં જે કાંઈ કરેલું તે બહુ થોડું હતું. છતાં ગરીબો મારી પાસે મદદ માગતા તે જ એટલી નજીવી હતી, કે જે થોડું હું કરતો તેનું કાંઈક પરિણામ આવતું અને મારી આસપાસના લોકોમાં પ્રેમ અને સંતોશનું વાતાવરણ પેદા કરતું. વળી મારી ગેરવાજબી રહેણીકરણી જે હંમેશાં મારા દિલને ડંખ્યા કરતી તેને પણ એ વાતાવરણને લીધે કંઈક શાંતિ વળતી. શહેરમાં રહેવા ગયો, ત્યારે પણ આ જ રીતે રહેવાશે એવી આશા રાખી હતી. પરંતુ ત્યાં તો તદ્દન જુદા જ પ્રકારની ગરીબાઈ જોવામાં આવી. શહેરી ગરીબાઈ ઓછી સાચી, પણ ગામડાની ગરીબાઈ કરતાં વિશેષ કઠણ અને કરુણ. તે ઉપરાંત, એટલી બધી ગરીબાઈ એક જ સ્થળે એકત્રિત થયેલી કે, મારી ઉપર તેની મહા ભયાનક છાપ પડી. ધરમશાળામાં થયેલા દર્શને, મારું જીવન કેટલું તિરસ્કારપાત્ર છે તેનો મને સાક્ષાત્કાર કરાવ્યો. ત્યાં ઉદ્ભવેલી લાગણી સાચી અને બળવાન હતી. પણ ગમે તેટલી સાચી અને બળવાન હોવા છતાં તે લાગણી મારા જીવનમાં જે પરિવર્તન માગતી હતી તેના વિચારથી હું થથરી ગયો. મારી નિર્બળતાને લીધે કંઈક મધ્યમ માર્ગ કાઢવાને હું તત્પર થયો. લોકો મને જે કહેતા, અને દુનિયાના આરંભથી સૌ જે કહેતા આવ્યા છે, તે વાત મેં માની લીધી કે ધનવૈભવમાં કશી બૂરાઈ નથી; તે ઈશ્વરની બક્ષિસ છે; વૈભવી જીવન ગાળવા છતાં ગરીબોને મદદ કરવી એ શક્ય છે. આ વાત મેં માની લીધી અને

એવું જ જીવન ગાળવાની મેં ઇચ્છા રાખી.

મેં પેલો લેખ લખી કાઢ્યો અને તેમાં પણ સૌ શ્રીમંત લોકોને યથાશક્તિ મદદ આપવાની વિનંતી કરી. શ્રીમંત લોકોએ કબૂલ કર્યું કે મારી સાથે આ બાબતમાં સંમત થવાની તેમની નૈતિક ફરજ હતી. પરંતુ ગરીબોને અર્થે કંઈ કરવાની કે આપવાની તેમની ઇચ્છા નહોતી અથવા શક્તિ નહોતી. હું ગરીબ લોકોને તેમના વાસમાં મળવા જવા લાગ્યો અને ત્યાં મેં કદી ધારેલું નહીં તેવું જોયું. જેને હું ગંદાં ઘોલકાં કહેતો તેવાં ઘરોમાં મેં જે માણસો જોયાં તેમને મદદ કરવાની મારી ગુંજાશ નહોતી એ મેં અનુભવ્યું.

કારણ કે તેઓ સૌ શ્રમજીવી હતા. કામ કરવાનો અને દુઃખ વેઠવાનો તેમને અભ્યાસ હતો. એટલે જીવનનું રહસ્ય મારા કરતાં તેઓ વધારે જાણતાં હતાં. ત્યાં બીજાં પણ દુખિયાં મેં જોયાં, પણ તેમનેય હું મદદ કરવાને અસમર્થ હતો; કારણ કે તેઓ મારી જ કોટિનાં હતાં. જે દુખિયાં મેં ત્યાં જોયાં તેમનો મોટો વર્ગ એવી દુખી દશામાં એટલા જ કારણે હતો કે તે મહેનત કરીને રોટલો રળવાની શક્તિ, ઇચ્છા અને આદત ગુમાવી બેઠો હતો. અર્થાત્ મારા જેવાં જ તેઓ હતાં તે વાંકે જ તેમની એવી દીન દશા હતી.

જેમને તરત મદદ પહોંચાડી શકું એવાં દુખિયાંઓ — માંદાં, ટાઢે ઠરતાં કે ભૂખે પીડાતાં — એવાંમાં તો એક ભૂખે રિબાતી અગાફ્યા સિવાય કોઈ જ મને ન મળ્યું. મેં ખાતરી કરી લીધી કે જેઓને સહાય કરવાની મારી ઇચ્છા હતી, તેઓના જીવનથી જ્યાં સુધી હું વેગળો રહું, ત્યાં સુધી તેવાં દુખિયાંઓ ખોળી કાઢવા એ મારે માટે લગભગ અશક્ય હતું. કારણ, કોઈને સાચી ભીડ હોય તો તે તેઓ માંહોમાંહે જ ભાંગી લેતાં; અને સૌથી મોટી વાત તો એ હતી કે એ લોકોનાં ભ્રષ્ટ જીવન પૈસાની મદદથી હું પલટી શકું એમ નહોતું. મને ખાતરી ક્યારનીયે થઈ ગઈ હતી; પરંતુ ખોટી શરમથી, ઉપાડેલું કાર્ય છોડી દેવાની હિંમત મેં ન કરી. હું ભારે પરોપકારવૃત્તિવાળો છું એમ મનને મેં મનાવ્યા કર્યું. અને અંતે કાર્ય આપોઆપ બંધ પડ્યું.

હા, હું ધારત તો આ કામ આગળ ચલાવી શકત અને તેને મોટા ધર્મકાર્યનું સ્વરૂપ પણ આપી શકત; ધારત તો જે લોકોએ પૈસાનાં વચન આપેલાં તેમની પાસેથી તેટલા પૈસા કઢાવી શકત; ધારત તો વધારે પૈસા

પણ ભેગા કરી શકત; તે પૈસા ગરીબોમાં વહેંચી નાખીને મારા પોતાના ભલાપણાથી ચિત્તનું સમાધાન કરી શકત. પરંતુ મને માલૂમ પડ્યું કે અમારા ધનમાંથી ગરીબોને ભાગ આપવાની અમારી ધનિક લોકોની વૃત્તિ જ નહોતી, અને આપી શકીએ તેમ પણ નહોતું. અમારી પોતાની જરૂરિયાતો જ એટલી બધી હતી. વળી મેં થોડા પૈસા વેરી નાખ્યા તેમ માત્ર પૈસા વેરવા ન હોય, પણ લોકોનું ખરેખર ભલું જ કરવાની ઇચ્છા હોય, તો પૈસા આપ્યે ભલું થાય તેવા કોઈ માણસો જ નહોતા. એટલે આખરે મેં બધું કાર્ય સંકેલી લીધું અને વિશાદભર્યે હૃદયે મારે ગામ ચાલ્યો ગયો.

ગામ જઈને એક લેખ લખી તેમાં મારો બધો અનુભવ, મારું કાર્ય કેમ ભાંગી પડ્યું તે, દર્શાવવાનો મારો વિચાર હતો. વળી આ બાબતમાં સમાજની બેપરવાઈ, શહેરી ગરીબાઈનાં કારણો, તે દૂર કરવાના ઉપાયો તથા તે સંબંધમાં મારી યોજના એ બધું મારે લોક સમક્ષ મૂકવું હતું. એટલે મેં લેખ શરૂ કર્યો અને માન્યું કે તેમાં બહુ મહત્ત્વની હકીકતો હું આપીશ. પણ, એ લેખની પાછળ મેં કેટલોય શ્રમ કર્યો, મારી પાસે કેટલીયે સામગ્રી પણ હતી, છતાં લખતી વખતની મારા ચિત્તની અવસ્થા એ વખતે ઘણી ક્ષુબ્ધ હતી, અને વસ્તુને ખરા સ્વરૂપમાં જોતાં મને અટકાવનારી બધી વૃત્તિઓ હજી મારામાંથી ગઈ નહોતી, એટલે હું લેખ લખી શક્યો નહીં. મારી નિષ્ફળતાનું મુખ્ય કારણ તો એ હતું કે આ બધી ખરાબીનું ખરું કારણ સ્પષ્ટ, સરળ રૂપમાં હું હજુ સમજી શક્યો નહોતો. કારણનું મૂળ મારી પોતાની અંદર જ રહેલું હતું. આમ એ લેખ હું ત્યારે આગળ ચલાવી શક્યો નહીં. છેવટે આજે ત્રણ વરસે તે પૂરો કરી શક્યો છું.

# 13 : વૈભવી જીવનનો ચેપ

મને યાદ છે કે શહેરી ગરીબોને સહાય કરવાના મારા નિષ્ફળ અખતરા દરમ્યાન બધો વખત મને એમ જ લાગ્યા કરતું હતું કે, હું પોતે જાણે કળણ ભૂમિ પર ઊભો રહીને કળણમાં ખૂંચી ગયેલા બીજા માણસને બહાર ખેંચી કાઢવા માગું છું. તેને કાઢવાના હરેક આંચકાની સાથે મારી પોતાની ઊભા રહેવાની જમીન કેટલી બિનસલામત છે તેનું મને ભાન થતું. મને એમ લાગ્યું ખરું કે, હું કળણ ઉપર ઊભેલો છું; પણ એ જ્ઞાનથી શાણા બનીને મેં મારા પોતાના પગ તળેની જમીન કેવી છે તે જાણવા સારુ એ જમીનની પરીક્ષા કરી નહીં. સઘળા દુ:ખનું કારણ મારામાં નહીં પણ બહાર રહેલું છે એમ માનીને, દુખના નિવારણ અર્થે બધો વખત હું બાહ્ય સાધનોના વિચારમાં જ મશગૂલ રહ્યો.

તે વખતે મને એવું લાગ્યું હતું ખરું કે, મારું જીવન ખરાબ છે અને એ પ્રમાણે જીવન ગાળવું પોસાય નહીં. પરંતુ એ હકીકત પરથી જે સાદો ને સીધો સિદ્ધાંત નીકળે તે મેં ન કાઢ્યો કે, મારું પોતાનું જીવન સુધારીને મારે વધારે સારું જીવન ગાળવું જોઈએ. ઊલટો મેં તો તેમાંથી એવો વિચિત્ર સિદ્ધાંત કાઢ્યો કે હું પોતે વધારે સારી રીતે જીવી શકું એટલા ખાતર મારે બીજાઓનાં જીવન સુધારવાં જોઈએ. એટલે પછી મેં બીજાઓનાં જીવન સુધારવાનું કામ આરંભ્યું. હું પોતે શહેરમાં વસતો હતો એટલે શહેરવાસીઓનાં જીવન સુધારવા માગતો હતો. પણ એ કામ માટે હું અસમર્થ છું એવી થોડા જ વખતમાં મારી ખાતરી થઈ ગઈ; અને શહેરી જીવનની ને શહેરી ગરીબાઈની ખાસિયતો પર હું વિચાર કરવા લાગ્યો.

''આ શહેરી જીવન અને શહેરી ગરીબાઈ કેવી છે? શહેરમાં રહેતાં છતાં હું શહેરી ગરીબ લોકોને કાં મદદ ન કરી શકું?'' મેં મનમાં સવાલ

કર્યો. મનમાંથી જવાબ મળ્યો કે તેમને માટે હું કંઈ નહીં કરી શકું. પહેલું કારણ એ કે એક જગામાં એવા અનેક લોકો ભેગા થયેલા હોય છે, અને બીજું એ કે આ શહેરી ગરીબ લોકો ગામડાના ગરીબ લોકો કરતાં જુદી જ જાતના હોય છે. આ લોકો એટલા બધા કેમ ભેગા થયા હશે? અને ગામડાના ગરીબ લોકોથી આ લોકો શી રીતે જુદા પડતા હશે? આ બન્ને પ્રશ્નોનો ઉત્તર એક જ હતો. અહીં એ લોક આટલા બધા એકઠા થયા છે તેનું કારણ એ કે, ગામડામાં જેઓ રોટલો ન મેળવી શકે તેવા બધા અહીં આવીને શહેરના ધનિકો ફરતા વીંટળાઈને રહે છે. એ બધાયની એક વિશેષતા એ છે કે, તે બધા પોતાનાં ગામડાં છોડી છોડીને રોટલો મેળવવા સારુ શહેરમાં ભરાય છે.

‘‘શહેરમાં રોટલો મેળવવા જવું’’ એ વચનનો શો અર્થ? જો જરા ઊંડો વિચાર કરીએ તો એ શબ્દોમાં કંઈક વિરોધ, કંઈક વિડંબના દેખાશે. ગામડાં — જ્યાં જંગલો છે, ખેતર છે, અનાજ છે, ઢોર છે, જ્યાં ભૂમિનું સમસ્ત ધન છે તે — છોડીને આ લોકો રોટલો મેળવવા સારુ શહેરમાં જાય છે, જ્યાં ન મળે ઝાડ, ન મળે ઘાસ કે ન મળે ખેતર; જ્યાં કેવળ ધૂળ ને પથરા જ ભર્યા છે! શ્રીમંત તેમ જ ગરીબ એવા સેંકડો બલકે હજારો શહેરીઓની સાથે તેમના શહેરમાં આવવા બાબત વાતચીતનો પ્રસંગ મારે પડેલો. અને મને યાદ છે કે એ સર્વેએ અપવાદ સિવાય મને કહેલું કે, અમે ગામડેથી અહીં રોટલો મેળવવા આવ્યા છીએ. મોસ્કોમાં કોઈ વાવતુંયે નથી અને લણતુંયે નથી, છતાં ઢગલા ધન છે; મોસ્કોમાં જે જોઈએ તે મબલક છે; એટલે ખોરાક, ઘર, હળ, ઘોડા વગેરે પ્રાથમિક જરૂરિયાતના પદાર્થો માટે જરૂરી પૈસા મોસ્કોમાંથી મેળવી શકાય તેમ છે. પરંતુ સર્વ ધનનું મૂળ તો ગામડાંમાં છે. સાચું ધન તો ત્યાં જ મળી શકે, — ખેતરો, જંગલો, ઘોડા વગેરે બધું ત્યાં જ છે. ત્યારે જે ગામડાંમાં છે તે મેળવવા સારુ શહેરમાં શા માટે જવું? અને સૌથી મોટો કોયડો તો એ છે કે ગામડાંમાંથી એવી ચીજો — આટો, જવ, ઘોડા, ઢોર વગેરે — શા માટે શહેર ભેગી કરવી કે જેનો ગામડાંની વસ્તીને ખપ છે?

શહેરોમાં વસતા ગ્રામવાસીઓ સાથે મેં સેંકડો વાર વાત કરી છે. તેની પરથી મને સ્પષ્ટ થઈ ગયું છે કે ગામડાંની વસતી શહેરોમાં ભરાય છે એ કેટલેક અંશે ફરજિયાત છે, કારણ કે તે સિવાય એ લોકોને રોટલાનું બીજું સાધન નથી હોતું. કેટલેક અંશે તે મરજિયાત છે, કારણ કે શહેરની લાલચો તેમને ત્યાં આકર્ષે છે. ગ્રામવાસીઓને માથે ગામડાંમાં જે ખરચાઓ આવી પડે છે, તેમને પહોંચી વળવા માટે પોતાના દાણા અને ઢોર, — એ જાણતા હોય છે કે એમના વિના તેમનું ગાડું ચાલવાનું નથી છતાં, — વેચી માર્યા વગર છૂટકો નથી થતો. એટલે પછી આ દાણા પાછા મેળવવા ખાતર, પોતાને ગમે કે ન ગમે તોપણ, તેમને શહેરનો રસ્તો લેવો પડે છે. પણ તેની સાથે એ પણ સાચું છે કે, શહેરની પ્રમાણમાં ઓછી મહેનતની કમાણી અને મોજશોખથી પણ તે શહેર ભણી અકર્શાય છે. શહેરમાં રોટલો મેળવવાના મિશ નીચે, ઓછી મહેનત કરવી પડે, સારું ખાવાનું મળે, દહાડામાં ત્રણ વાર ચા પીવા મળે, ફૂલફૂલાં કપડાં પહેરીને હરવાફરવા મળે, દારૂનો પણ 'ટેસ' લગાવવા મળે, અને સ્વચ્છંદી જિંદગી ગુજારવા મળે, એટલા ખાતર પણ તે શહેરમાં જાય છે.

બન્ને સ્થિતિમાં કારણ એક જ છે : ધન ઉત્પાદકોના હાથમાંથી અનુત્પાદકોના હાથમાં ખેંચાઈ જાય છે, અને શહેરોમાં એકઠું થાય છે. શિયાળામાં તો ખરેખર ગામડું ધનથી છલકાય છે. પણ તરત મહેસૂલ, ગણોત, વગેરે જેવાં તરેહવાર ખરચો આવીને ઊભાં રહે છે. વળી દારૂ, લગનગાળો, વારતહેવારો, જાતજાતની ચીજો લઈને ગામેગામ ફરનારા ફેરિયાઓ તથા અનેક પ્રકારની મોજમજાઓ પણ હાજર થાય છે. આમ એક કે બીજે રસ્તે ગામડાંનું સઘળું ધન – ઘેટાં, બકરાં, ગાય, ઘોડા, ડુક્કર, મરઘાં, ઈંડાં, માખણ, શણ, કપાસ, જવ, તલ, ઘઉં, કઠોળ — એ સઘળું વિધવિધ રૂપે આડતિયાઓ અને દલાલોના હાથમાં ચાલ્યું જાય છે. ત્યાંથી તે કસબાઓમાં જાય છે અને કસબામાંથી મોટાં શહેરોમાં ઠલવાય છે. ગ્રામવાસીને બિચારાને આવી પડેલાં ખરચોને પહોંચી વળવા ખાતર, અથવા ફસાવનારી લાલચોને વશ થઈને, આ બધું આપી દેવું પડે છે. પોતાનું સર્વ

ધન આપી દીધા પછી પણ બિચારાની કેટલીક જરૂરિયાતો તો બાકી રહી જાય છે. એટલે જ્યાં તેનું એ સઘળું ધન ગયું ત્યાં જવાની તેને ફરજ પડે છે. ત્યાં તે ગામડાંની પોતાની પ્રાથમિક જરૂરિયાતો પૂરતો પૈસો અંશતઃ પાછો મેળવવાનો પ્રયત્ન કરે છે; અને કેટલીક વાર શહેરના મોહોમાં તણાઈ જઈને ત્યાં મળતી સુખસગવડોનો બીજાઓની સાથે ઉપભોગ કરે છે.

આખા રશિયામાં, અને હું ધારું છું આખી દુનિયામાં સર્વત્ર, એમ જ બને છે. ગામવાસીઓનું ધન વેપારી, જમીનદાર, અમલદાર, કારખાનાદાર – એ લોકોના હાથમાં સરી જાય છે; અને એ લોકો તેનો ઉપભોગ કરવા માગે છે. પરંતુ પૂરો ઉપભોગ કરવો હોય તો તો શહેરમાં જ વસવું જોઈએ. એક તો ગામડાંમાં તવંગર લોકોની બધી જરૂરિયાતો તૃપ્ત કરવી અશક્ય હોય છે. ત્યાં તેમને ન મળે બજારો કે બેન્કો, કે હોટેલો કે નાટ્યગૃહો, કે રંગરાગના મેળાવડાઓ. બીજું, ધનથી મળતો જે મોટામાં મોટો ઉપભોગ — મિથ્યાભિમાન, બીજાઓને આંજી નાખવાની, બીજાઓથી સવાયા દેખાવાની વૃત્તિ — તે ગામડાંની આછી વસ્તીને લીધે ત્યાં સંતોશાવી મુશ્કેલ છે. ગામડાંમાં મોજમજાના રસના પારખ ન મળે, તેનાથી અંજાઈ જનારા લોકો ન મળે. ગામડામાં રહેનારો શ્રીમંત પોતાનું ઘર ગમે તેટલું શણગારે, ગમે તેટલાં ચિત્રો અને રાચરચીલાં વસાવે, ગમે તેટલા ગાડીઘોડા રાખે, ગમે તેટલાં નખરાં કરે, પણ એ બધું જોઈને અદેખાઈથી બળે એવું ત્યાં કોઈ ન મળે; કારણ કે ગ્રામવાસીઓ આવી બધી બાબતોમાં કશું સમજતા નથી હોતા. ત્રીજી વાત એ કે, માણસમાં જો ધર્મબુદ્ધિ હોય અથવા ભીરુતા હોય, તો ગામડામાં રહીને ચેનબાજી ઉડાવવી એ તેને અણગમતું અને જોખમભરેલું લાગે છે. આસપાસના લોકો ઝૂંપડાંમાં રહેતા હોય, તેમનાં ઝૂંપડાંની ચોપાસ ખાતરના ઉકરડા પડ્યા હોય, બળતણને અભાવે એ લોકો ટાઢે ઠરતા હોય, ને તેમની વચ્ચે આપણે હવેલીઓ બાંધીએ અને મોટા બાગબગીચા બનાવીએ એ અજુગતું છે, ત્રાસદાયક છે. વળી કોઈ મૂરખ ગામડિયાઓ અજ્ઞાનમાં તમારી આ ચીજોને તોડીફોડી નાખે, તો તેનો બંદોબસ્ત રાખનાર ગામડાંમાં કોણ હોય?

આમ હોવાથી, તવંગર લોકો બધા એક સ્થળે ભેગા થાય છે, અને સમાન અભિરુચિવાળા બીજા તવંગર લોકોની નજીક શહેરોમાં જઈને રહે છે. ત્યાં હર તરેહના ભોગવિલાસ સહીસલામતપણે તેઓ ભોગવી શકે તે માટે પોલીસનો પાકો બંદોબસ્ત હોય છે. શહેરની વસ્તીના પાયારૂપ ગણીએ તો સરકારી અમલદારો હોય છે. તેમની આસપાસ વિવિધ પ્રકારના હુન્નરઉદ્યોગ કરનારા એકઠા થાય છે, અને પૈસાદાર લોકો તેમાં આવીને ભળે છે. વળી પૈસાદાર માણસને અહીં રહેવું વધારે સુખદાયક એ કારણે પણ લાગે છે કે, અહીં તેના અભિમાનને પોશણ મળી રહે છે. અહીં તે ભોગવિલાસમાં બીજાઓની સાથે હરીફાઈ કરી શકે છે, લોકોને પોતાના વૈભવથી આંજી નાખી શકે છે, બીજાઓને ઝાંખા પાડી શકે છે. આ બધા ઉપરાંત, તવંગર લોકોને શહેરમાં રહેવું ગમે છે તેનું એક કારણ એ પણ છે કે, પહેલાં ગામડાંની અંદર પોતાના ધનવૈભવને લીધે તેને ચિંતા રહેતી, અને કાંઈક અડવું પણ લાગતું. પણ અહીં તેથી ઊલટું બને છે. ચિંતા તો વેગળી જ રહે છે, પણ પોતાની આસપાસના પોતાના બધા ભાઈઓ રહે છે તેવા જ વિલાસોમાં તે જો ન રહે તો હવે તેને અડવું લાગે છે. ગામડાંમાં તેને જે ચિંતાજનક અને અડવું લાગતું તે અહીં શહેરમાં તદ્દન ઉચિત દેખાય છે.

પૈસાદાર લોકો શહેરમાં એકત્રિત થાય છે અને પછી ત્યાં સરકારના રક્ષણ તળે સુરક્ષિત રહી ગામડાંમાંથી જેટલું આવે તે બધું ખાઈ ખુટાડે છે. આ પૈસાદાર લોકોનો જ્યાં નિરંતર ઉત્સવ ઊજવાય છે, ત્યાં ગ્રામવાસીને જવું પડે છે. કેટલાક, પૈસાદારનાં ભાણામાં વધેલી એઠ ખાવા મળે એટલા માટે જાય છે. અને કેટલાક, પૈસાદાર લોકોનું શ્રમ વગરનું, સુખભર્યું અને સુરક્ષિત જીવન જોઈને, ઓછામાં ઓછું કામ કરીને બીજાંઓની મહેનતનો વધારેમાં વધારે લાભ ઉઠાવી શકાય એ ઢબે જીવન ગાળવાનું મન પોતાને પણ થાય છે તેથી જાય છે.

આમ ગ્રામવાસી શહેર તરફ ઢસડાય છે, ને ત્યાં પૈસાદાર લોકોનો આશ્રિત બને છે. પોતાને જોઈતું તેમની પાસેથી હર પ્રકારે કઢાવી લેવાનો

પ્રયત્ન કરતો, તેમ જ પૈસાદાર લોકો જે જે શરતો તેના ઉપર મૂકે તે બધીને વશ થતો, તે એમને આશરે પડી રહે છે; તેમની સર્વ વાસનાઓની તૃપ્તિમાં તે મદદરૂપ બને છે. આવી સ્ત્રી કે પુરુષ પૈસાદાર લોકોની અનેકવિધ સેવા કરે છે; તેમની હોટેલમાં, તેમના ગાડીવાન તરીકે, અથવા છેવટે વેશ્યા બનીને તેમનું કામ કરે છે. વળી તેઓ તેમને માટે ગાડીઓ, રમકડાં અને તરેહતરેહવાર કપડાં બનાવે છે. અને આમ ધીમે ધીમે તે પૈસાદાર લોક પાસેથી તેમની પેઠે રહેવાની કળા શીખી લે છે. મહેનત કરીને નહીં પણ જાતજાતની ચાલાકીથી, બીજાઓનું સંઘરેલું ધન તેમને ફોસલાવી પટાવીને હરી લેતાં તે શીખી જાય છે. આમ તે બગડે છે અને છેવટે નાશ પામે છે. શહેરના શ્રીમંતોથી બગડેલો આ વર્ગ શહેરી ગરીબી ઉત્પન્ન કરે છે. આ જ તે વર્ગ, જેનો ઉદ્ધાર કરવાનો મેં મનસૂબો કર્યો હતો, પણ સફળ ન થયો.

ગામડાંના લોકો પોતાના ગુજરાન માટે તથા કર ભરવા માટે નાણાં કમાવા શહેરમાં આવે છે. ત્યાં તેમની કેવી સ્થિતિ થાય છે તે પણ વિચાર કરવા જેવું છે. પોતાની આસપાસ હજારો રૂબલ વગર વિચારે વેડફાઈ જતા તેઓ જુએ છે, અને બહુ જ સહેલાઈથી સેંકડો રૂબલ કમાઈ શકાય એવી તકો એ નિહાળે છે. જ્યારે ગામડામાં તો એ સખત મહેનત કરે ત્યારે થોડા પૈસા જ મળી શકે એમ હોય છે. આ જોયા પછી તો આપણને નવાઈ જ લાગે કે શા સારુ લોકો મહેનત મજૂરી કરતા હશે? શા સારુ સૌ વેપાર કરીને, ભીખ માગીને, છિનાળું કરીને, બદમાશી કરીને અને છેવટે લૂંટચોરી કરીને વધારે સહેલી રીતે ધન કમાવાનું નહીં કરતા હોય? શહેરમાં મોજશોખની જે રેલંછેલ ચાલી રહેલી હોય છે, તેમાં ભાગ પડાવનારા એવા આપણે એ જીવનથી એવા ટેવાઈ જઈએ છીએ કે, એક માણસને મોટા મોટા પાંચછ ઓરડા વાપરવા જોઈએ, વીસ કુટુંબને ખોરાક રાંધવા માટે ચાલી શકે એટલું બળતણ તે ઓરડાને ગરમ રાખવા જોઈએ, અર્ધો માઈલ જવું હોય તો બે ઘોડાની ફેટન તથા બે નોકર જોઈએ, લાકડાંની કોતરકામવાળી ફરસ પર બિછાવવા ગાલીચા જોઈએ, એક નાચની મિજલસ પાછળ પાંચદસ

હજાર રૂબલ ખરચવા જોઈએ, અને આવું આવું તો કેટલુંય જોઈએ, એ બધું આપણને સ્વાભાવિક લાગે છે. પરંતુ જે માણસને પોતાના કુટુંબના ભરણપોષણ માટે દસ રૂબલ જોઈતા હોય અથવા જેની પાસેથી સાત રૂબલ કરના વસૂલ કરવા માટે તેનું છેલ્લું ઘેટું કે બકરું પણ લઈ લેવામાં આવે, અને ગમે તેટલી સખત મજૂરી કરતાં છતાં પણ જેમના આ સાત રૂબલ મળી ન શકે, તે આ બધું કેમ કરીને સમજી શકે?

આપણે એમ ધારીએ છીએ કે આ બધું ગરીબ લોકોને સ્વાભાવિક જણાતું હશે. કેટલાક એવા ઉસ્તાદો પણ પડેલા છે જેઓ ગંભીરતાપૂર્વક કહે છે કે, આપણા મોજશોખમાંથી ગરીબોને રોજી મળે છે, અને તેથી ગરીબો આપણો અહેશાન માને છે. પરંતુ ગરીબ લોકો ગરીબ છે એટલા માટે તેમનામાં સાધારણ અક્કલ પણ નથી તેવું તો નથી જ. તેઓ પણ આપણી માફક જ વિચાર કરી શકે છે. જેમ કોઈ માણસને જુગારમાં કે બીજી રીતે દસવીસ હજાર રૂબલ ગુમાવ્યાનું સાંભળીને આપણને તત્ક્ષણ જ એમ લાગે છે, ''કેવો મૂરખ, બેવકૂફ! આવડી મોટી રકમ નકામી ગુમાવી! મારા જેવા પાસે એટલી રકમ હોય તો હું તેનો કેવો સદુપયોગ કરું? મારું મકાન કેટલાક વખતથી સમરાવવાનું થયું છે તે સમરાવું, નહીં તો મારી જાગીરમાં સુધારો કરાવું અથવા એવું બીજું કશું કરું.'' પોતાની આસપાસ ધનને વગર વિચારે ઉડાવાતું જોઈને ગરીબ લોકોને પણ એ જ પ્રમાણે વિચાર આવે છે. તેમને એવા વિચાર વધારે આવે છે, કારણ તેમને ધનની જરૂર પોતાનો કોઈ શોખ પૂરો કરવા માટે નહીં, પણ પોતાની તાકીદની જરૂરિયાતો પૂરી પાડવા માટે હોય છે. ગરીબ લોકો આપણી માફક વિચાર નહીં કરતા હોય, અને પોતાની આસપાસ ચાલી રહેલા મોજશોખ પ્રત્યે કેવળ ઉદાસીન રહેતા હશે, એમ માનવું બહુ ભૂલભરેલું છે. એક વર્ગ કાયમ આરામ કરે ને માલમલીદા ઉડાવે, અને બીજો વર્ગ રોજ મહેનત કરે તથા ભૂખે મરે એ યોગ્ય છે, એવું તે લોકોએ કદી સ્વીકાર્યું જ નથી અને કદી સ્વીકારવાના નથી. પહેલાં તો એ લોકોને આવું જોઈને આશ્ચર્ય થાય છે અને રોશ પણ ચડે છે. પણ પછી તેઓ એનાથી ટેવાઈ જાય છે. આવી વ્યવસ્થા તો વાજબી ગણાય છે એમ

તેઓ જુએ છે ત્યારે પોતે પણ મજૂરીમાંથી છૂટવાનો અને પેલી કાયમની મોજમજામાં ભાગ પડાવવાનો પ્રયત્ન કરે છે. કેટલાક તેમાં સફળ થાય છે અને સતત ચેનબાજી ઉડાવનારા બને છે. કેટલાક ધીમે ધીમે એ સ્થિતિની નજીક પહોંચવા ફાંફા મારે છે. કેટલાક એ સ્થિતિએ પહોંચ્યા પહેલાં જ ભાંગી પડે છે. અને પછી, મજૂરી કરવાની ટેવ છૂટી ગયેલા હોવાથી, કૂટણખાનાનો અને પીઠાનો આશ્રય લે છે.

બે વરસ ઉપર ગામડામાંથી એક ખેડૂતના છોકરાને નોકર તરીકે કામ કરવા અમે લાવેલા. તેને ઘોડાવાળા સાથે તકરાર થઈ અને અમે તેને રજા આપી. તે એક વેપારીને ત્યાં રહ્યો અને ત્યાં એની મહેરબાની મેળવી આજે સુંદર જાકીટ પહેરે છે, સોનાના છડાવાળું ઘડિયાળ રાખે છે અને ભપકાદાર બૂટ લગાવે છે. એની જગાએ અમે બીજા ખેડૂતને રાખ્યો. તેને પીવાનો ચટકો લાગ્યો અને પૈસા ગુમાવી બેઠો. અમે ત્રીજો માણસ રાખ્યો. એ પહેલેથી જ દારૂડિયો હતો. તેણે દારૂની લતમાં જ પોતાનાં કપડાંલત્તાં વેચી માર્યાં, અને બહુ વખત સુધી ધરમશાળામાં સડ્યો. અમારો જૂનો રસોઈયો શહેરમાં પીધેલ બન્યો અને માંદો પડ્યો. અમારો ઘોડાવાળો પહેલાં હદપાર પીતો, પણ છેલ્લાં પાંચ વરસ ગામડામાં રહીને એવો સીધો થઈ ગયો કે દારૂને અડતો પણ નહીં. તે વળી તેને કાંઈક અંકુશમાં રાખનારી ઘરવાળી વિના એકલો જ ગયે વરસે મોસ્કોમાં આવ્યો, એટલે પીવાની લતમાં પડ્યો અને જિંદગી બરબાદ કરી.

આ વરસે અમારી એક અઢાર વરસની જુવાન દાસીને ગાડીવાન સાથે લફરું થયું. એને રજા આપવામાં આવી. અમારી ઘરડી આયાને મેં આ વાત કરી ત્યારે એણે મને બીજી કમનસીબ છોકરીની યાદ આપી. મને તેનું વિસ્મરણ થઈ ગયું હતું. તે પણ, દસ વરસ ઉપર અમે થોડા વખત માટે મોસ્કો રહેવા ગયા ત્યારે અમારા ઘોડાવાળા સાથે પ્યારમાં પડી હતી. તેને પણ રજા આપવામાં આવેલી. અંતે તે કૂટણખાનામાં ગઈ અને વીસ વરસની થઈ તે પહેલાં તો ચાંદીના દરદથી પીડાઈ ઇસ્પિતાલમાં મરી ગઈ.

આમ આપણા વિલાસને અર્થે ચાલતી મિલો અને કારખાનાંની વાત

બાજુએ રાખીએ તો પણ, જેને પાછળથી આપણે મદદ કરવા ઇચ્છીએ તેવા લોકોમાં આપણા વૈભવી જીવનને લીધે આપણે અનીતિનો કેવો ચેપ સીધેસીધો ને તત્કાલ ફેલાવીએ છીએ તે આંખો ઉઘાડીને આપણી આસપાસ જોઈએ, તો હેબતાઈ જ જઈએ.

એટલે, જેનો ઉપાય કરવા હું અસમર્થ હતો તે શહેરી ગરીબાઈના સ્વરૂપનો વિચાર કરતાં, પ્રથમ મને એ જણાયું કે ગામડાંમાં રહેનારા પાસેથી એમની જરૂરની બધી વસ્તુઓ ભેગી કરીને હું શહેરમાં ભરું છું તે આ દુખનું મુખ્ય કારણ છે. દુખનું બીજું કારણ એ છે કે, ગામડાંમાંથી તેમની પાસેથી જે લઈ જવામાં આવેલું તેમાંથી કાંઈક પાછું મેળવવાની આશાએ ગામડાંના જે લોકો મારી પાછળ શહેરમાં આવે છે, તેમને વગરવિચાર્યે મોજશોખ ઉડાવીને હું લલચાવું છું અને બગાડું છું.

# 14 : "એ બધું નકામું છે!"

શહેરના ગરીબોને હું મદદ ન કરી શક્યો તેનું એક કારણ મને એ લાગ્યું કે એ લોકો મારી સાથે સચ્ચાઈભરેલો સંબંધ રાખતા નહોતા. એ બધા મને માણસ નહીં પણ એક સાધન ગણતા હતા. હું એમની સાથે નિકટના સંબંધમાં ન આવી શક્યો, તેને માટે પહેલાં તો હું એમને દોશ દેવા લાગ્યો. (બીજાને દોશ દેવો એ સહેલી વાત છે.)

પણ તે વખતે મારી સાથે રહેતા સુટાવ નામના વિચક્ષણ માણસે એક દિવસ મને જે વેણ કહ્યાં, તે એ વખતે મારા દિલમાં સોંસરાં ઊતરી ગયાં હતાં, એ મને બરાબર યાદ છે. પરંતુ તેનો પૂરો અર્થ તો હું બહુ મોડો મોડો સમજી શક્યો હતો. તે દિવસે હું મારી બહેન પાસે બેઠો હતો. સુટાવ પણ ત્યાં જ હતો. મેં આરંભેલા કાર્ય વિશે મારી બહેને વાત કાઢી ને મેં તેને બધી હકીકત કહી.

પોતે ઉપાડેલા કામ વિશે માણસને જ્યારે પૂરી શ્રદ્ધા નથી હોતી ત્યારે બને છે તેમ, મારા કામનું તથા તેમાંથી કેવાં પરિણામ આવી શકે તેનું વર્ણન મેં જુસ્સાથી, ઉત્સાહથી અને છટા સાથે કર્યું. અનાથો અને વૃદ્ધોની અમે કેવી રીતે સંભાળ લેવા ધારતા હતા, તેની વાત મેં કરી. મોસ્કોમાં આવીને બેહાલ બની ગયેલા ગામડાંના માણસોને અમે પાછા ગામડામાં કેવી રીતે મોકલશું, તેની યોજના મેં જણાવી. એમનું બગડેલું જીવન સુધરે તેવું અમે શી રીતે કરશું તે પણ કહ્યું.

મારી બહેન સહાનુભૂતિથી મારી વાત સાંભળી રહી હતી. વાતચીત દરમ્યાન હું સુટાવ તરફ જોતો જતો હતો. સુટાવ ધાર્મિક વૃત્તિનો, દયાળુ માણસ હતો એટલે એને મારી યોજના ગમશે એમ હું ધારતો હતો; તેથી મારું કહેવું એ સમજી શકે તે રીતે હું વાતો કરતો હતો. બધા ખેડૂતો બહાર

જતાં અને ઘરમાં પણ પહેરે છે તેવા ઘેટાના ચામડાના કાળા કોટમાં તે સ્થિર બેઠો હતો. અમારી વાત ઉપર તેનું ધ્યાન ન હોય અને તે વિચારમાં મગ્ન હોય તેમ જણાતું હતું. તેની દૃષ્ટિ જાણે અંતરના ઊંડાણમાં ઊતરી ગઈ હતી. બધી વાત કરી લીધા પછી મેં તેને પૂછ્યું કે, ''આ બાબત વિશે તમે શું ધારો છો?''

''એ બધું નકામું છે,'' તેણે જવાબ આપ્યો.

''શું કહો છો?''

''તમે સ્થાપવા ધારેલું મંડળ નકામું છે. એમાંથી કાંઈ સાર કાઢવાના નથી.'' તેણે દ્રઢતાપૂર્વક જણાવ્યું.

''શા માટે નહીં?'' બિચારા સેંકડો કમનસીબ લોકોને અમે મદદ કરી શકીએ, તો એ શું નકામું ગણાય? 'બાઇબલ'માં કહ્યું છે તેમ, ઉઘાડાંને ઢાંકવાં ને ભૂખ્યાંને ખવડાવવું, તે શું ખોટું છે?''

''અરે, એ તો બધુંય હું સમજું છું. પણ ખરેખર જે કરવાનું છે, તે તમે કરતા નથી. આ કાંઈ તમારા મદદ કરવાના ઢંગ છે? તમે રસ્તે ચાલ્યા જતા હો અને કોઈ તમારી પાસે પંદરવીસ કોપેક માગે, અને તમે એને આપો : એ શું દાન કર્યું કહેવાય? તમે એને ધર્મનું દાન આપો, સમજણ આપો! પણ તમે તો શું કર્યું? એ બલા ટાળવા કાંઈક દઈ દીધું!''

''ના, મારી વાત તમે બરાબર સમજ્યા નથી. પહેલાં તો અમે તપાસ કરવાના કે કોને કોને ને કેટલી જરૂર છે; પછી પૈસાની મદદ કરવાના, જેને જરૂર હોય તેને રોજગાર શોધી આપવાના.''

''આ રીતે તમે એ લોકોનું કશું કરી શકવાના નથી.''

''ત્યારે શું એમને ભૂખે ને ટાઢે મરવા દેવા?''

''એ શીદને મરે? એવા તે કેટલાક છે?''

''ઘણા બધા છે,'' મેં કહ્યું. મને લાગ્યું કે એવા લોકોની સંખ્યા કેટલી મોટી છે તેનો એને ખ્યાલ ન હોવાથી તે આમ બોલતા હશે. ''આમ ભૂખે મરતા ને ટાઢે ઠરતા વીસ હજાર માણસો મોસ્કોમાં છે, એ તમે જાણો છો? અને પીટર્સબર્ગ તથા બીજાં શહેરોમાં તો...!''

‘‘વીસ હજાર! અને રશિયામાં ખેડૂતો કેટલા છે? દસેક લાખ તો હશે ને?’’

‘‘હા, પણ તેથી શું?’’

‘‘તેથી શું?’’ પછી એમની આંખો ચમકી અને એ ઉલ્લાસમાં આવ્યા. ‘‘આપણે એ બધાને વહેંચી લઈએ. હું કાંઈ મોટો તવંગર નથી, પણ એવા બે તો મારી સાથે લઈ જઈ શકું. તમે એક છોકરાને રસોડામાં નોકર રાખ્યો હતો તેને મેં મારી સાથે આવવા કહ્યું, પણ તે ન આવ્યો. તમે કહો છો એના કરતાં દસગણા હોય તોપણ આપણે તેમની વ્યવસ્થા કરી શકીએ. તેમને આપણે ઘેર લઈ જઈએ, અને તેમની સાથે આપણે કામ કરીએ. મને એ કામ કરતો જોશે એટલે રોટલો શી રીતે રળાય એ તે સમજશે. આપણી સાથે જ તેને ખાવા બેસાડીશું, અને મારી કે તમારી પાસેથી તે એકાદ સારી વાત સાંભળશે અને શીખશે. આને હું પરોપકાર કહું છું. પણ તમારું પેલું મંડળ તો નકામું જ છે.’’

આ સાદા શબ્દોએ મને ચોંકાવ્યો. તેની વાત સાચી હતી તે સ્વીકાર્યા વિના તો છૂટકો જ ન હતો. પરંતુ તે વખતે મને લાગેલું કે ખરી વાત આવી હોવા છતાં મારું કાર્ય હજી ઉપયોગી નીવડે. પણ કામ જેમ જેમ આગળ ચાલતું ગયું, જેમ જેમ હું ગરીબોના સંસર્ગમાં વધારે આવતો ગતો, જેમ જેમ આ શબ્દો હું વધારે યાદ આણતો ગયો, તેમ તેમ તેમાંથી મને વધારે ને વધારે અર્થ સમજાવા લાગ્યો.

કશો વિચાર કર્યા વિના, કેવળ મારી મરજી તેવી થઈ તેથી જ, કોઈને પાંચેક રૂબલ આપી દેતો તે મને જુએ, એટલે એ જાણે જ કે હું આ રીતે રૂબલ આપી દઉં છું કારણ મેં સારી પેઠે રૂબલ એકઠા કર્યા છે. મારી પાસે ખૂબ ફાજલ રૂબલ પડ્યા છે તે બધા હું કાંઈ આપી દેતો નથી; વળી એ સઘળા મેં સહેલાઈથી બીજા પાસેથી પડાવેલા છે. પછી મારી તરફ તે આ રીતે નહીં તો બીજી શી રીતે જુએ? હકની રીતે જે તેની પાસે હોવું જોઈતું હતું તે પચાવીને હું બેઠેલો છું. તેની પાસેથી અથવા બીજાઓ પાસેથી લૂંટેલા મારા રૂબલમાંથી બને તેટલા મારી પાસેથી પડાવવા તે સિવાય બીજી કઈ

લાગણી તેના દિલમાં હોઈ શકે? હું તેની સાથે વધારે સંબંધમાં આવવા ઇચ્છું છું અને હું ફરિયાદ કરું છું કે તેનામાં ખોટાઈ છે. પણ, સાચું કહું તો તેના ખાટલા ઉપર બેસતાં ડર તો મને લાગે છે — રખેને મારી પર માંકડચાંચડ ચડી જાય અથવા તો કોઈ ચેપ મને લાગી જાય. વળી હું એને મારી ઓરડીમાં આવવા દેતાં પણ ડરું છું. ભૂખ્યોપાખ્યો તે મને મળવા આવે છે ત્યારે હું તેને પડસાળમાં અથવા ઓટલે બેસાડું છું. છતાં હું કહું છું કે હું તેના નિકટ સંસર્ગમાં નથી આવી શકતો તે એનો વાંક છે અને એની ખોટાઈ છે!

જે અધભૂખ્યા રહેતા હોય અથવા જેઓ કાળી રોટી સિવાય બીજું કશું ખાવા ન પામતા હોય, તેમની સમક્ષ ઘાતકીમાં ઘાતકી માણસો પણ અનેક વાનીઓવાળું સુંદર ખાણું ખાવાનો પ્રયત્ન કરી જુએ. હું કહું છું કે મોંમાં પાણી છૂટતું હોય તેવા આ ભૂખ્યા લોકોની હાજરીમાં તેમાંનો એક પણ માણસ બરાબર ખાઈ નહીં શકે. એટલે અધભૂખ્યાંની વચમાં રહીને મોજથી ખાવું હોય, તો પહેલી વાત તો એ કરવી પડે કે તેમનાથી છુપાઈને, તેઓ જોઈ ન શકે એ રીતે ખાવું પડે. આપણે બરાબર આમ જ કરીએ છીએ.

પછી અમારું જીવન હું વધારે તપાસવા લાગ્યો તો મને જણાયું કે આ લોકો સાથે ગાઢા સંબંધમાં આવવું એ અમારે માટે મુશ્કેલ હતું, તે કોઈ આકસ્મિક કારણોને લીધે નહીં, પરંતુ અમે ઇરાદાપૂર્વક અમારું જીવન જ એવું ગોઠવ્યું હતું કે આવો સંબંધ બંધાઈ જ ન શકે.

અમારું જીવન એટલે શ્રીમંતોનું જીવન. એ જીવનને એક બીજી જ બાજુથી તપાસતાં મને જણાયું કે, અમારા જીવનમાં જે બધું સારું ગણાય છે તે તમામ, ગરીબોથી અમને બની શકે તેટલા અળગા રાખનારું છે. ખરેખર અમારો શ્રીમંતોનો બધો પ્રયાસ — અમારું ખાવું, અમારું પહેરવું-ઓઢવું, અમારું રહેવું, અમારી સ્વચ્છતા, અમારી કેળવણી — બધાંમાં મુખ્ય હેતુ ગરીબોથી અળગા રહેવાનો હોય છે.

## 15 : પુણ્ય કરતાં પહેલાં

મેં તદ્દન જુદી રીતે, એટલે મારી જાતને લગતો જ, આ બાબતનો વિચાર કરવા માંડ્યો.

બે વરસ પહેલાં હું બે ખેડૂતો સીમન અને પીટર સાથે લાકડાં વહેરતો, તે વાત મેં પહેલાં કરી છે. એક શનિવારે સાંજે અંધારામાં હું તેમની સાથે શહેર તરફ જતો હતો. તેઓ મજૂરીના પૈસા લેવા માટે તેમના શેઠની પાસે જતા હતા. રસ્તામાં પુલ ઉપર અમને એક ઘરડો માણસ મળ્યો. એણે કંઈક માગ્યું, અને મેં એને વીસેક કોપેક આપ્યા. સીમન એક ખેડૂત હતો અને પોતાની સ્ત્રી તથા બે છોકરાં સાથે મોસ્કોમાં રહેતો હતો. તેણે પણ ઊભા રહી ડગલાનો છેડો ઊંચો કરી પોતાની કોથળી કાઢી, થોડી વાર કોથળીમાં હાથ ફેરવી ત્રણ કોપેકનો સિક્કો બહાર કાઢ્યો અને તે પેલા ડોસાના હાથમાં મૂકી બે કોપેક પાછા માગ્યા.

ડોસાએ એને ત્રણ કોપેકના બે સિક્કા અને એક કોપેકનો એક સિક્કો બતાવ્યો. સીમને એ તરફ નજર કરી, અને એક કોપેક પાછો લેવાના વિચારમાં તે હતો; એટલામાં તેણે વિચાર ફેરવી નાખ્યો, ટોપી ઉતારી ડોસાને સલામ કરી ક્રૂસનું ચિહ્‌ન કર્યું, અને ત્રણે કોપેક તેની પાસે રહેવા દઈને ચાલવા માંડ્યું. સીમનની આર્થિક સ્થિતિ હું પૂરેપૂરી જાણતો હતો. એની પાસે રહેવાને ઘર પણ નહોતું અને કંઈ મિલકત પણ ન હતી. એણે એ ત્રણ કોપેક આપ્યા ત્યાં સુધીની એની મજૂરી માત્ર છ રૂબલ અને પચાસ કોપેક થઈ હતી. એટલે એની પૂંજી એટલી જ હતી એમ કહી શકાય. મારી પૂંજી લગભગ છ લાખ રૂબલની હતી. મારે સ્ત્રી અને છોકરાં હતાં, તેમ સીમનને પણ હતાં. એ મારા કરતાં ઉંમરે નાનો હતો, ને એનાં છોકરાં નાનાં હતાં. જ્યારે મારાં બે તો કામ કરી શકે એવી ઉંમરનાં હતાં. તેથી જો અમારી

પૂંજીનો વિચાર બાજુએ રાખીએ તો અમારા બંનેની સ્થિતિ સરખી જ હતી, અથવા એમ કહું તો ચાલે કે મારી વધારે સારી હતી. એણે ત્રણ કોપેક આપ્યા ને મેં વીસ. એટલે એણે શું આપ્યું અને મેં શું આપ્યું? સીમન જેટલું જ આપવાને મારે કેટલું આપવું જોઈતું હતું? એની પાસે છસો કોપેક હતા. તેમાંથી એણે એક કોપેક આપ્યો, અને પાછળથી બે વધારે આપ્યા. મારી પાસે છ લાખ રૂબલ હતા; એટલે સીમને કર્યું તેમ કરવા માટે મારે પ્રથમ ત્રણ હજાર રૂબલ આપવા જોઈતા હતા અને બે હજાર પાછા માગવા જોઈતા હતા. પણ એટલા છૂટા ન મળી શકવાથી એ બે હજાર પણ ડોસાને આપી દઈ ચાલવા માંડવું જોઈતું હતું. મેં આ બનાવ પર વિચાર કર્યો; પણ એમાંથી નીકળતું અચૂક અનુમાન તો હું ઘણા લાંબા વખત પછી તારવી શક્યો. આ અનુમાન એવું અસાધારણ અને વિચિત્ર લાગે છે કે, એ ગણિતના સિદ્ધાંત જેટલું ચોક્કસ હોવા છતાં એનાથી ટેવાઈ જતાં માણસને વાર લાગે છે; એમ થાય છે કે એમાં કંઈક ભૂલ હોવી જોઈએ. પણ એમાં ભૂલ જરાયે નથી. માત્ર આપણી આજુબાજુ વ્યાપેલી ભ્રમણાનું ધૂમસ જ આડે આવે છે.

જે ક્ષણે આ અનુમાન ઉપર હું આવ્યો અને એનું ખરાપણું મેં જોયું તે જ ક્ષણે, હું જેમને પૈસા આપતો તે બધા ગરીબ લોકોની સાથેના પ્રસંગમાં મારા મોં પર શરમના શેરડા કેમ પડી જતા તેનું કારણ મારા ધ્યાનમાં ઊતરી ગયું.

જેમને હું દાન કરતો હતો તે ગરીબોને હું ખરેખર શું આપતો હતો? મારી મિલકતનો તે એટલો અલ્પાંશ હતો કે સીમન તેનો હિસાબ પણ ન કરી શકે. સામાન્યતઃ એ ‘દસ લક્ષાંશ’ ભાગ થાય. હું એટલું ઓછું આપું છું કે મારા આપવાથી મારે ત્યાં ખોટ પડતી નથી, પડી શકે પણ નહીં. મારે મન, માત્ર મારી મોજમાં આવે ત્યારે જેનો હું આનંદ લઈ શકું એવી એ એક રમત હતી.

જેમની પાસે હરામના ધનના ઢગલા પડેલા છે, તેમની એ એક રમત છે. મને જણાયું કે ગરીબ લોકોનો મારે વિશે આવો જ ખ્યાલ હશે કે હું હરામનો પૈસા ઉડાવી રહ્યો છું! મારી શરમનું આ પૃથક્કરણ છે.

મારું આ ધન ક્યાંથી આવેલું છે? મેં એ ધન કેમ મેળવ્યું છે? કેટલુંક તો મારા બાપે મૂકેલી જાગીરમાંથી મેં એકઠું કર્યું છે. મને ગણોત ભરવા સારુ ખેડૂતોએ પોતાનું છેલ્લું ઘેટું ને ગાય વેચ્યાં હશે. મારા ધનનો બીજો ભાગ મેં મારાં પુસ્તકોમાંથી મેળવ્યો છે.

આવી રીતે મેં ધનનો ઢગલો કર્યો છે. અને તેનું હું કરું છું શું? આ પૈસો હું શહેરમાં લઈ જાઉં છું અને તેમાંથી કાંઈક ગરીબોને આપું છું. પણ ક્યારે? જ્યારે તેઓ પણ શહેરમાં આવે અને મને જે બુટ્ટો સૂઝે તે પ્રમાણે કામ કરે, મારું ઘર સાફ કરે, મારી દીવાબત્તી અને મારા જોડા સાફ કરે, અને મારે માટે કારખાનાંઓમાં કામ કરે ત્યારે. મારા ધનને જોરે તેમની પાસેથી કરાવાય તેટલું કામ હું કરાવી લઉં છું. તેમને જેમ બને તેમ ઓછું આપવાનો અને તેમની પાસેથી જેમ બને તેમ વધારે લેવાનો હું પ્રયત્ન કરું છું. અને પછી એકાએક, ખાસ કાંઈ કારણ વિના, હું આ જ દ્રવ્ય ગરીબોને, અને તે પણ બધા ગરીબોને નહીં પણ માત્ર મારી મોજમાં આવે તેમને જ, પાછું આપવા માંડું છું. પછી દરેક ગરીબ માણસ આશા કેમ ન રાખે કે મારો હરામનો પૈસો મારી મોજમાં આવે તેને હું આપું છું તેમાં ભાગ્યવશાત્ એનો પણ વારો આવે? બધા મારી તરફ એ જ નજરે જુએ છે.

મારી આંખે એવાં ભયંકર પડળ આવ્યાં છે કે આમ એક હાથે ગરીબો પાસેથી હજારો રૂબલ પડાવી લેવા, અને બીજે હાથે મોજમાં આવે તે લોકો તરફ થોડાક કોપેક પાછા ફેંકવા, એને હું પરોપકાર સમજું છું. પછી જો હું શરમથી વીંધાઉં તો કશી નવાઈ છે?

પુણ્ય કરવા જતાં પહેલાં મારે જાતે પાપમાંથી મુક્ત થવું જોઈએ, નિષ્પાપ જીવન ગાળવું જોઈએ. પણ અત્યારે તો મારું આખું જીવન પાપ નથી તો બીજું શું છે? એક લાખ રૂબલ આપી દઉં તોપણ મેં પુણ્ય કર્યું નહીં ગણાય, કારણ કે તે પછી પણ મારી પાસે બીજા પાંચ લાખ રૂબલ પડ્યા હશે. પણ જ્યારે મારી પાસે કંઈ પણ બાકી નહીં રહે, ત્યારે જ હું થોડું પણ કલ્યાણ કરી શકીશ. કંઈ નહીં તો પેલી વેશ્યાએ પેલી માંદી સ્ત્રી અને તેનાં બાળકની ત્રણ દિવસ સુધી સેવા કરી, તેટલું તો કરી જ શકીશ.

તે વખતે એ સેવા મને તદ્દન નજીવી લાગેલી! અને પરોપકારની પ્રવૃત્તિ ઉપાડવાની હિંમત કરેલી! ધરમશાળામાં ભૂખ અને ટાઢથી ટળવળતાં ગરીબોના દર્શનથી પ્રથમ જે વિચારની ઝાંખી મને થઈ હતી — કે એમની જે સ્થિતિ માટે હું જ જવાબદાર છું અને જે રીતે હું રહેતો હતો તે રીતે રહેવું હવે પછી મારે માટે અશક્ય, અશક્ય અને અશક્ય જ છે, તે જ વિચાર સત્ય હતો.

ત્યારે કરીશું શું? જો કોઈને હજી આનો જવાબ જોઈતો હશે, ને ઈશ્વરની ઇચ્છા હશે, તો હું એનો લંબાણથી વિગતવાર જવાબ આપીશ.

## 16 : ખાંધ પરથી ઊતર્યા સિવાય —

આ વસ્તુનો સ્વીકાર કરવાનું પહેલાં તો મને મુશ્કેલ લાગતું. પણ જ્યારે મને એના સત્યની પ્રતીતિ થઈ, ત્યારે હું અત્યાર સુધી કેવી ભ્રમણામાં પડી રહ્યો હતો તે જોઈને મને કંપારી વછૂટી. જાતે ગળા સુધી કાદવમાં ખૂંચેલો હું બીજાઓને તેમાંથી બહાર કાઢવાનો ડોળ કરતો હતો. હું સાચે જ શું કરવા માગતો હતો? મારે બીજાનું ભલું કરવું હતું, ભૂખમરાથી અને ટાઢથી લોકોનું રક્ષણ કરવું હતું, તેઓ માણસાઈથી રહી શકે તેવી વ્યવસ્થા કરવી હતી.

મારે કરવું હતું આ; પણ હું જોઉં છું કે જુલમ, બળજબરી અને એવી અનેક યુક્તિપ્રયુક્તિઓથી મજૂરી કરનારાઓ પાસેથી તેમની જરૂરિયાતો પણ છીનવી લેવામાં આવે છે, અને હું પણ તેમ કરવામાં ભાગ લઉં છું. હું જોઉં છું કે, મારા જેવા આળસુ વર્ગના લોકો શ્રમજીવી લોકોની મજૂરી પર તાગડધિન્ના કરી રહ્યા છે.

હું જોઉં છું કે બીજાઓની મહેનત પર મોજમજા ભોગવવાની આ વ્યવસ્થા એવી સુંદર રીતે કરવામાં આવી છે કે, માણસ જેમ વધારે કારસ્તાની, અને જેમ વધારે ઊંડાં છળ કરનારો, તેમ તે બીજાની મહેનતનો વધારે લાભ લઈ શકે ને તેટલા જ પ્રમાણમાં પોતાની જાતને મહેનતમજૂરીમાંથી બચાવી શકે.

અમીરઉમરાવો, શ્રીમંતશરાફો, મિલ-એજન્ટો, મોટા જમીનદારો અને સરકારી અમલદારો પહેલા વર્ગમાં આવે છે; પછી મધ્યમવર્ગના શરાફો, વેપારીઓ, અને મારા જેવા નાના જમીનદારો; ત્યાર પછી નાના વેપારીઓ, હોટેલવાળાઓ, ધીરધાર કરનારાઓ, ગામડાંના પોલીસ અમલદારો, શિક્ષકો અને કારકુનો આવે છે; ત્યાર પછી દરવાનો, હજૂરિયાઓ, ગાડીવાન,

ઘોડાવાળા, પખાલીઓ, ભાડાની ગાડીવાળાઓ તથા ફેરિયાઓ આવે છે; અને છેલ્લા, પણ સંખ્યામાં આ બધાથી દસગણા – મજૂરો અને ખેડૂતો આવે છે. એટલે કુલ વસ્તીના નવદશાંશ લોકોના ભાગમાં સખત મહેનતમજૂરી આવે છે. નૈસર્ગિક જીવન આવું જ હોય. પણ જે કરામતોથી આ લોકો પાસેથી જીવનની જરૂરિયાતો પડાવી લેવામાં આવે છે, તેને લીધે એમનું જીવન દિનપ્રતિદિન વધારે કઠણ અને દુઃખમય બનતું જાય છે. અને તેની સાથે જ, આપણું, આળસુ વર્ગના લોકોનું જીવન દિનપ્રતિદિન વધુ વૈભવી, વધુ લલચાવનારું, અને વધુ સલામત બનતું જાય છે.

અને મજૂર લોકોની, ખાસ કરીને ઘરડાં, સ્ત્રીઓ અને છોકરાંઓની જિંદગી કામને લીધે પડતી સખત તાણને કારણે તથા પૂરતા ખોરાકને અભાવે બરબાદ થઈ રહી છે. અત્યંત આવશ્યક જરૂરિયાતો પણ મજૂરોને મળતી નથી. અને આળસુ વર્ગનું — જેમાંનો હું પણ એક છું તેમનું — જીવન વધારે ને વધારે વૈભવી, મોજીલું અને નિશ્ચિંત બનતું જાય છે. ગમે તેટલું કાઢો તોયે ખૂટે નહીં એવું 'અક્ષયપાત્ર' અમારા હાથમાં આવી ગયું છે. જીવવા માટે દરેક માણસે અમુક મહેનત કરવી જ જોઈએ, એ જીવનના નૈસર્ગિક કાનૂનમાંથી અમે સંપૂર્ણ રીતે મુક્ત છીએ એટલું જ નહીં, પણ કોઈ પણ જાતની મહેનત કર્યા વગર જિંદગીનાં સર્વ સુખ ભોગવી પૈસાનું આ 'અક્ષયપાત્ર' અમારાં છોકરાંઓને અથવા બીજા ફાવે તેમને વારસામાં આપી શકીએ છીએ.

આ 'અક્ષયપાત્ર' કાયમ રાખવા માટે અમે અનેક ઉપાયો યોજીએ છીએ. એનો ઉપભોગ કરવા માટે અમે શહેરમાં જઈ વસીએ છીએ. ત્યાં પેદા તો કશુંયે નથી થતું, પણ બધું માત્ર ખર્ચાય જ છે. શ્રીમંત માણસને આ જાદુઈ 'અક્ષયપાત્ર' મળી શકે તે માટે બિચારો ગરીબ મજૂર નિચોવાઈ જાય છે. પછી તે તેની પાછળ શહેરમાં દોડે છે, અને પેલા શ્રીમંતના જેવી જ યુક્તિઓ અજમાવી, જેમ બને તેમ થોડી મહેનતથી ઘણી ચીજોનો ઉપભોગ કરી શકાય તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે, અને આવી રીતે પોતાના વર્ગના જ માણસોની સ્થિતિ વધારે દુસ્સહ બનાવે છે. કેટલાક

તો આ સ્થિતિએ પહોંચ્યા વગર જ વિનાશને પામે છે અને પછી ગરીબખાનાંઓમાં ભૂખે ને ટાઢે મરનારાંની ઝડપથી વધતી જતી સંખ્યામાં વધારો કરે છે.

જે લોકો વિવિધ ઉપાયો વડે મજૂર લોકો પાસેથી તેમની જરૂરિયાતો છીનવી લે છે, અને જેમણે આ ઉપાયો વડે લોકોને લલચાવનારું 'અક્ષયપાત્ર' સંપાદન કર્યું છે, તેમાંનો જ એક હું પણ છું. અત્યારે હું લોકોને ચૂસી રહ્યો છું. જાતે કંઈ પણ મહેનત ન કરતાં, સેંકડો અને હજારોને મારી માટે મહેનત કરવાની હું ફરજ પાડું છું. અને એમ કરતાં છતાં સાચે જ માનું છું કે, એ લોકો પર હું દયા રાખું છું, અને તેમને મદદ કરવા ઇચ્છું છું. હું તો અત્યારે એક માણસની ખાંધ પર ચડી બેઠો છું, એને ગૂંગળાવી રહ્યો છું, તેને કહું છું કે મને ઊંચકીને ચાલ; અને એના પરથી નીચે ઊતર્યા વગર મારી જાતને અને બીજાઓને ખાતરી આપું છું કે, મને એ બિચારાને માટે અત્યંત લાગણી થાય છે, અને માત્ર એની ખાંધ ઉપરથી નીચે ઊતર્યા સિવાયના બીજા કોઈ પણ ઉપાયે એનું દુઃખ ઓછું કરવા હું તૈયાર છું.

અને વાત કેટલી સરળ છે! જો મારે ગરીબોને મદદ કરવી હોય, તેમની ગરીબાઈ નાબૂદ કરવી હોય, તો મારે નવા ગરીબો ઉત્પન્ન કરવા ન જોઈએ. પણ અત્યારે તો સ્થિતિ એવી છે કે, જે ગરીબ લોકોએ પોતાના સ્વાભાવિક જીવનનો ત્યાગ કરેલો છે, તેમને હું રાજીખુશીથી સેંકડો રૂબલ આપી દઉં છું; અને તેને બદલે જેમણે હજુ પોતાના સ્વાભાવિક જીવનનો ત્યાગ નથી કર્યો, તેમની પાસેથી હજારો છીનવી લઉં છું; અને તેમ કરી તેમને કંગાલ બનાવું છું અને બગાડું છું. છતાં હું કહું છું કે મારે લોકોને મદદ કરવી છે!

અને લોકોને મદદ કરવા નીકળનાર હું કેવો છું? લોકોને મદદ કરવા ઇચ્છનાર હું આખી રાત પાનાં રમું છું, અને પછી થાકેલો ને સુસ્ત બપોર ચડ્યે ઊઠું છું; સેંકડો માણસોની મદદ અને સેવાનો ઉપભોગ કરું છું; અને પછી મદદ કરવા નીકળું છું. અને તે મદદ પણ કોને?

એ લોકોને કે જેઓ પાંચ વાગ્યે ઊઠે છે, ભોંય પર સૂએ છે, રોટલો

અને ભાજી ખાઈને જીવે છે; જેમને હળ ફેરવતાં, ઘાસ કાપતાં, કુહાડીને હાથો બેસાડતાં, લાકડાં વહેરતાં, ઘોડો જોડતાં ને સીવતાં આવડે છે; જેઓ શક્તિમાં, સહનશીલતામાં, આવડતમાં અને સંયમમાં મારા કરતાં હજાર દરજ્જે ચડિયાતા છે. આવા લોકોની સાથે સંસર્ગમાં આવતાં મને શરમ ન ઊપજે તો બીજું શું થાય? તેમનામાંનો અત્યંત નબળો એટલે દારૂડિયો, ગરીબખાનામાં પડી રહેનારો, જેને તેઓ લફંગો કહે છે, તે પણ મારા કરતાં સો વસા વધારે ઉદ્યોગી છે. હું લોકોને કેટલું ઓછું આપું છું અને તેમની પાસેથી કેટલું વધારે લઉં છું, અને પેલાઓ લોકોને કેટલું વધારે આપે છે અને તેમની પાસેથી કેટલું ઓછું લે છે, એની તુલના કરતાં એ લોકોનું પલ્લું ઘણું નમી જાય છે.

અને તેમ છતાં હું આ લોકોને મદદ કરવા નીકળી પડું છું. એ ગરીબો કોણ છે? મારા કરતાં વધારે ગરીબ હોય એવો તેમાં એકે માણસ નથી. હું એક અશક્ત, પરોપજીવી, નકામો જીવ છું; અમુક જાતની પરિસ્થિતિમાં જ જીવી શકું તેમ છું. હજારો લોકો મહેનત કરીને મરી જાય તો જ મારું આ નમાલું જીવન ટકી શકે તેમ છે. ઝાડનાં પાંદડાંને ખાઈ નાખતો વાંદો હું તો છું; તેમ છતાં મારે હાથે તે ઝાડનો રોગ નષ્ટ થાય અને તે સારી રીતે વધે તથા ફાલેફૂલે એવી ઇચ્છા રાખું છું.

અને મારું જીવન કેમ પસાર થાય છે? હું ખાઉં છું, વાતો કરું છું, વાતો સાંભળું છું; પાછો ખાઉં છું, લખું છું અથવા વાંચું છું, એટલે કે ફરી વાતો કરું છું ને વાતો સાંભળું છું; વળી ખાઉં છું અને રમું છું; વળી પાછો ખાઉં છું, વળી પાછો વાતો કરું છું, ને વળી વાતો સાંભળું છું; વળી ખાઉં છું, અને છેવટે સૂઈ જાઉં છું. આ મારા જીવનનો ક્રમ છે. અને બીજું કંઈ મારાથી થાય તેમ નથી. અને હું આવી રીતે જીવી શકું તે માટે દરવાન, ખેડૂત, ચાકર, રસોઈયો, હજૂરિયો, ગાડીવાન, ધોબણ વગેરેને સવારથી સાંજ સુધી કામ કરવું પડે છે. અને ગાડીવાન, રસોઈયા, હજૂરિયા વગેરેને મારાં કામ કરવા માટે જે ઓજારો જોઈએ — કુહાડીઓ, પીપ, બ્રશ, રકાબીઓ, પ્યાલા, આરસીઓ, રંગ, પેટ્રોલિયમ, સૂકું ઘાસ, માંસ વગેરે — તે તૈયાર

કરવામાં રોકાયેલા લોકો તો વળી જુદા જ. આ બધાયે લોકો, હું એકમાત્ર વાતો કરી શું અને ખાઈપીને ઊંઘી શકું તે માટે દરરોજ આખો દિવસ સખત મહેનત કરે છે, અને હું હરામી માની લઉં છું કે બીજાઓને, એટલે જેઓ મને નભાવી રહ્યા છે તેમને, મદદ કરવાને હું શક્તિમાન છું!

હું કોઈને મદદ ન કરી શક્યો અને મારે શરમાવું પડ્યું, તેમાં તો કંઈ આશ્ચર્ય નથી. પણ આવો બેહુદો વિચાર મને કેમ સૂઝ્યો તેનું જ મને આશ્ચર્ય થાય છે. એક ઘરડા માંદા માણસની સારવાર પેલી સ્ત્રીએ કરી એ તેની સેવા; ખેતરમાં મજૂરી કરીને મેળવેલા રોટલામાંથી બટકું કાઢી આપી પેલા ખેડૂતની સ્ત્રીએ ભિખારીને મદદ કરી હતી તે સેવા; પોતાની જાતકમાણીમાંથી ત્રણ કોપેક પેલા ભિખારીને આપી દેનાર સીમને જે મદદ કરી તે સેવા, કારણ કે કોપેક તેના ખરા પરસેવાના હતા; પણ મેં કરી તે નહોતી કોઈની સેવા, કે નહોતી કોઈને મદદ; કારણ હું સારી પેઠે જાણું છું કે, મારું દ્રવ્ય મારા પરસેવાનું નથી. તેથી મને લાગ્યું કે પૈસામાં, પૈસાના ધણી થવામાં જ કંઈક હીન અને અનીતિમય એવું છે.

# 17 : દુખનું ને પાપનું કારણ

મને સમજાયું કે માણસના દુખનું કારણ ગુલામી છે. મને સમજાયું કે લશ્કરશાહીની જબરદસ્તી, જમીનનો કબજો અને કરવેરા એ ત્રણ આપણા જમાનાની ગુલામીનાં કારણ છે. અને નવી ગુલામીનાં ત્રણે કારણોનો અર્થ સમજ્યા પછી તેમાં ભાગીદાર થવામાંથી છૂટવાની ઇચ્છા કર્યા વિના મારાથી રહી શકાયું નહીં.

માણસે બીજાની મજૂરીનું ફળ છીનવી લીધું, એટલે તેણે ગુલામીમાં ભાગ લીધો. એટલે કોઈ માણસને સાચે જ ગુલામી પ્રથા પસંદ ન હોય અને તેમાં પોતે ભાગીદાર બનવા ન ઇચ્છતો હોય, તો પહેલું તેણે આટલું તો કરવું જ જોઈએ કે, બીજા માણસની મજૂરીનો લાભ ન ઉઠાવવો. આમ બીજા માણસની મજૂરીનાં ફળ ન છીનવી લેવાનું માણસ નક્કી કરે, એટલે એને એક તરફથી પોતાની જરૂરિયાતો ઘટાડી દેવાની ફરજ પડવાની અને બીજી તરફથી પોતાનું જે કામ બીજા પાસે કરાવતો હોય તે પોતાને હાથે કરવું પડવાનું.

આ સાદી અને ચોક્કસ વાત મારા દિલમાં ઊતરી ગઈ એટલે મારું જીવન પલટાઈ જ ગયું. મનુષ્યનાં દુખો અને અધમ દશા જોઈને મને જે હૃદયની વેદના થતી હતી, તેમાંથી હું મુક્ત થઈ ગયો.

એક વર્ગ બીજા વર્ગને ગુલામીમાં રાખે છે એ માણસોનાં દુખનું અને પાપનું કારણ છે, એમ મેં જોયું. તે ઉપરથી મેં સાદું અનુમાન કાઢ્યું છે કે મારે જો બીજાને મદદ કરવી હોય, તો જે દુખો મટાડવાનો વિચાર હું રાખું છું તે દુખો દેવાનું પ્રથમ મારે બંધ કરવું જોઈએ. એટલે કે માણસોને ગુલામ બનાવવામાં મારે ભાગ ન લેવો. પરંતુ માણસોને ગુલામ બનાવવાની જરૂર તો મારે એટલા ખાતર પડે છે કે નામપણથી જ જાતે કામ નહીં કરવાની

અને બીજાની મજૂરીનો લાભ લેવાની મને ટેવ પડી ગયેલી છે. વળી હું એવા સમાજમાં રહું છું કે જ્યાં બીજાઓ પાસે ગુલામી કરાવવા લોકો ટેવાયેલા છે એટલું જ નહીં, પણ અનેક પ્રકારના ચતુરાઈભરેલા અને દંભી વાક્છળથી તે ગુલામીનો બચાવ પણ કરે છે. મેં તો તદ્દન સાદું અનુમાન કાઢ્યું કે લોકોને દુખમાં અને પાપમાં ન નાખવા હોય, તો બીજાની મજૂરીનો મારે બને તેટલો ઓછો ઉપયોગ કરવો અને જાતે બને તેટલું વધારે કામ કરવું. ચીના લોકોએ હજારો વર્ષ ઉપર આ સિદ્ધાન્ત શોધી કાઢ્યો હતો કે, ‘‘દુનિયામાં એક પણ માણસ આળસુ રહીને ખાય તો બીજા એકને તેને બદલે ભૂખે મરવું પડે.’’ આ અટલ નિયમ મને આટલે લાંબે કાળે સમજાયો.

સમાજનાં દુખોનો ઉપાય શોધવા આપણે ચોમેર હવાતિયાં મારીએ છીએ. સરકારી પ્રવૃત્તિ તેમ જ સરકાર વિરુદ્ધની પ્રવૃત્તિ તથા વિજ્ઞાનની તેમ જ પરોપકારી પ્રવૃત્તિઓને નામે અનેક ધતિંગો ચાલી રહ્યાં છે. પણ આપણી આંખે ઊડીને બાઝે એવી વસ્તુ આપણે જોતા નથી.

આપણે જાજરૂપેટી વાપરીએ, પણ બીજા તે ઉપાડી જાય એવું ઇચ્છીએ છીએ — અને પછી તેમને માટે દુખી થવાનો ડોળ કરીએ છીએ, તેમનું કામ હળવું કરવા ઇચ્છીએ છીએ અને તે માટે અનેક તદબીરો શોધીએ છીએ. પણ સાદામાં સાદો ઉપાય કે આપણે જો ઘરમાં જાજરૂપેટી વાપરવી હોય તો તે જાતે જ ઉપાડી લઈ જવી અથવા શૌચ માટે બહાર જવું, તે આપણે કરતા નથી.

મને સ્વચ્છતા બહુ પસંદ છે. હું રોજ બે વાર ખમીસ બદલું છું અને ધોબણને પૈસા આપીને ધોવડાવું છું. ધોબણ બિચારી મારાં ખમીસ ધોઈધોઈને ઘસાઈ ગઈ અને છેવટે મરી ગઈ.

પણ એમાં ખોટું શું છે? જે લોકો પૈસા આપીને વસ્તુ ખરીદ કરે છે અને પૈસા આપીને મજૂરી કરાવે છે તેઓ તો — હું તેમ નહીં કરાવું તોપણ — તેમ કરાવવાના જ, મખમલ અથવા મીઠાઈ ખરીદવાના, બીડીઓ વળાવવાના અને ધોબણો પાસે ખમીસ ધોવડાવવાના. તો પછી જ્યારે બધા જ આમ કરવાના છે ત્યારે મારે એકલાએ શું કામ મખમલ, મીઠાઈ, સિગારેટ

અથવા સ્વચ્છ ખમીસ વાપરવાનાં છોડી દેવાં? વારંવાર, લગભગ હંમેશ જ, આ દલીલ આપણા સાંભળવામાં આવે છે. કોઈ ગાંડું ટોળું ભાંગફોડ કરવા બહાર પડ્યું હોય ત્યારે તે જેવી દલીલ કરે તેના જેવી આ દલીલ છે. એક કૂતરો બીજાને હડસેલી પાડે અને તે પડેલા કૂતરા ઉપર બીજા બધા તૂટી પડે અને તેને ફાડી ખાય ત્યારે આવી જ જાતના તર્કથી તેઓ તેમ કરવા પ્રેરાતા હશે. ''બીજાઓ અમુક વસ્તુનો નાશ કરવા ઊપડ્યા છે, તો પછી મારે પણ શું કામ તેમ ન કરવું? ધારો કે હું મેલું ખમીસ પહેરું અથવા મારી સિગારેટ મારે હાથે બનાવી લઉં, તેથી શું વળવાનું હતું? એથી બીજા ઓછા જ સુધરવાના હતા?'' જે લોકો પોતાનો બચાવ કરવા ઇચ્છે છે તેઓ આવો પ્રશ્ન કરે છે. આપણે સત્યથી આટલા બધા વેગળા ન જઈ પહોંચ્યા હોત તો આવા સવાલનો જવાબ આપતાં શરમ આવત. પરંતુ આપણે તો એવા ગૂંચવાઈ ગયા છીએ કે આ સવાલ આપણને બહુ સ્વાભાવિક લાગે છે. એટલે શરમની વાત હોવાં છતાં તેના જવાબમાં મારે ઊતરવું પડશે.

હું દરરોજ ખમીસ બદલવાને બદલે એક અઠવાડિયે ખમીસ બદલું અને મારી સિગારેટ હું પોતે જ બનાવી લઉં, અથવા બીડી પીવાનું બિલકુલ છોડી દઉં, તો શું થાય?

આટલું થાય કે કોઈક ધોબણ અને કોઈક સિગારેટ વાળનારીને એટલી મહેનત ઓછી કરવી પડે, અને ધોબીનું તથા સિગારેટ વાળવાનું મારું જે ખર્ચ બચે તે હું પેલી જ ધોબણ અથવા બીજી કોઈ પણ ધોબણ કે મજૂર જે કામ કરી કરીને ઘસાઈ ગયેલ હોય તેને આપી દઉં. તો તેને ગજા ઉપરાંત કામ ન કરવું પડે, તે કાંઈક આરામ ભોગવી શકે અને કાંઈક પેટમાં પણ નાખી શકે. પરંતુ આની સામે ખૂબ વાંધા ઊઠતા મેં સાંભળ્યા છે. શ્રીમંત અને ફાંકડા લોકોને પોતાની સ્થિતિ સમજતાં બહુ સંકોચ થાય છે. તેઓ એવો જવાબ આપે છે કે : ''હું મેલું ખમીસ પહેરું અથવા બીડી પીવાની છોડી દઉં અને તે પૈસા ગરીબ લોકોને આપું, તોપણ ગરીબ લોક પાસે તો પૈસા રહેવાના જ નથી અને દરિયામાં ખસખસ જેવી મારી મદદથી કશું

વળવાનું નથી.''

આ દલીલનો જવાબ આપતાં વળી વધુ શરમ લાગે છે, પણ જવાબ આપ્યે જ છૂટકો છે. કારણ, આ દલીલ બહુ સર્વસામાન્ય છે. તેનો જવાબ સાદો જ છે.

હું કોઈ જંગલી લોકોને ત્યાં જાઉં, અને ધારો કે તેઓ મને બહુ સ્વાદિષ્ટ માંસ ખાવા આપે. પણ બીજે દિવસે મને ખબર પડે કે આ સ્વાદિષ્ટ માંસ રાંધવા તો કોઈ કેદ પકડેલા માણસને કાપવામાં આવ્યો હતો. અને મનુષ્યમાંસાહાર કરવો એ હું ખોટું સમજતો હોઉં તો પછી એ માંસ ગમે તેટલું સ્વાદિષ્ટ લાગતું હોય, અને પેલા લોકોમાં મનુષ્યમાંસાહાર કરવાનો રિવાજ ગમે તેટલો પ્રચલિત હોય, અને હું આ માંસ ખાવાની ના પાડું તેથી જેમનું માંસ ખાવામાં આવે છે એવા પેલા કેદીઓને ગમે તેટલો ઓછો લાભ થવાનો હોય, તોપણ હું તે માંસ ફરી ખાઉં જ નહીં, ખાઈ શકું નહીં.

## 18 : આપણે દયાળુ? આપણે સુધરેલા?

પોતાને સુધરેલા કે દયાળુ માણસ ગણનારની વાત હું નહીં કરું, પરંતુ જેની બુદ્ધિ અને હૃદય સાવ બહેર ન મારી ગયાં હોય એવો અદના માણસ પણ આમ કેમ રહી જ શકે? મનુષ્યમાત્રે જીવવા માટે જે જાતમહેનત કરવી આવશ્યક છે તે પોતાને કરવી નથી; અને જેઓ બિચારા જીવડો ટકાવવા માટે વલખાં મારી રહ્યા હોય છે તેઓની મજૂરી હોઈયાં કરી જઈને, અને પોતાની જરૂરિયાતો વધારીને આવી રીતે વલખાં મારનારાઓની ને વલખાં મારતાં મારતાં મરણશરણ થનારાની સંખ્યા તેમ જ તેમના પરનો બોજો વધારતા જવું, એ આવા માણસોનો ધંધો છે. આપણો કહેવાતો સુધરેલો સમાજ આવા માણસોથી ભરેલો છે. એટલું જ નહીં પણ આપણા સુધરેલા સમાજના માણસોનો તો આદર્શ જ  એ છે કે બની શકે તેટલી સંપત્તિ વધારવી. એટલે કે, બને તેટલું ધન સંપાદન કરવું, જેથી કશું કામ કર્યા વિના સુખસગવડો ભોગવી શકાય, જીવનસંગ્રામમાંથી મુક્ત રહી શકાય અને સંગ્રામમાં મરી જતા પોતાના ભાઈઓની મજૂરીનો વધારેમાં વધારે લાભ ઉઠાવી શકાય. લોકો આવા અજબ ભ્રમાં શી રીતે પડ્યા હશે?

પરમેશ્વર અથવા કુદરતનો કાનૂન, જેના વડે આ દુનિયા ચાલી રહી છે તે, સારો છે કે ખરાબ તે હું નથી કહેતો; પરંતુ આપણે એટલું જાણીએ છીએ કે પેલા નિર્જન ટાપુ ઉપર રોબિન્સન ક્રૂઝો જઈ ચડ્યો અને તેની જે દશા હતી તે દશામાં જ માણસ આ દુનિયામાં આવે છે. તે નગ્ન અને આશ્રયહીન હોય છે. તેને માથે છાયા માટે ઘર જોઈએ, તે એની મેળે તૈયાર થતું નથી. તેમ ખાવાને માટે ખોરાક જોઈએ, તે પણ ખેતરમાં એની મેળે પાકતો નથી. પોતાનું શરીર ઢાંકવા સારુ કપડાં મેળવવા, માથે છાંયો મેળવી પોતાનું રક્ષણ કરવા અને દિવસમાં બે કે ત્રણ વાર પોતાના પેટનો ખાડો

પૂરવા અન્ન મેળવવા તથા કામ ન કરી શકે એવાં નાનાં બાળકો અને વૃદ્ધોને પોશવા તેણે કુદરત સાથે સતત યુદ્ધ કરવાનું છે.

લોકોનું જીવન તમે ગમે ત્યાં જુઓ — યુરોપમાં, ચીનમાં, અમેરિકામાં કે રશિયામાં — આખા સમાજનું જીવન જુઓ કે સમાજના કોઈ ભાગનું જીવન જુઓ; ગમે તે વખતનું જુઓ, બહુ પ્રાચીન કાળનું જુઓ કે આપણા સમયના — મોટરગાડીઓ, કારખાનાં, વીજળીના દીવા અને સુધરેલી ખેતીવાળા — સમાજનું જુઓ, એક જ વસ્તુ બધે જણાશે કે લોકો સખત અને સખત કામ કરે છે તોપણ તેમને પોતાને માટે અને તેમનાં બાળબચ્ચાં તથા ઘરડાં માતાપિતા માટે પૂરતો ખોરાક, સારો આશ્રય અને જોઈતાં કપડાં મળી શકતાં નથી; અને સેંકડો લોકો જીવવાના સાધનને અભાવે અને તે સાધન પ્રાપ્ત કરવા કરવી પડતી અતિશય મજૂરીને લીધે, પ્રાચીન કાળની માફક જ આજે પણ મરે છે.

સૃષ્ટિની ઉત્પત્તિથી આપણે માણસોને પોતાની જરૂરિયાતો માટે તનતોડ મહેનત કરતા, ભયંકર હાડમારી ભોગવતા, દુખો વેઠતા અને તે છતાં પૂરી જરૂરિયાતો નહીં મેળવી શકતા જોઈએ છીએ. વળી આપણે એ પણ જાણીએ છીએ કે આપણામાંનો દરેક, ગમે ત્યાં રહેતો હોય અને ગમે તે રીતે રહેતો હોય પરંતુ, દરરોજ, અરે પ્રતિક્ષણે, માણસે કરેલી કોઈ ને કોઈ મજૂરીનો લાભ અનિચ્છાએ પણ ભોગવે છે. માણસ ગમે ત્યાં અને ગમે તે રીતે રહેતો હોય પણ તેનું ઘર અને તે ઉપરનું છાપરું કાંઈ એની મેળે તો નથી જ ઊગતું; લાકડું કાંઈ ચાલી આવીને ચૂલામાં નથી પડતું; તેમ પાણી પણ એની મેળે દોડીને ઘરમાં નથી આવતું. વળી ખાવાનું, કપડાં અને જોડા કાંઈ આકાશમાંથી આવીને પડતાં નથી. વળી આ બધાં માટે ભૂતકાળમાં જ માણસોએ મજૂરી કરેલી હોય છે એવું પણ નથી. વર્તમાનકાળમાં પણ માણસોને મજૂરી કરવી પડે છે.

આ દુનિયામાં લોકો જાણે ભરદરિયે તોફાને ચડેલા અને પરિમિત ખોરાકવાળા વહાણમાં હોય તેવા છે. ઈશ્વરે અથવા કુદરતે બધાને એવી પરિસ્થિતિમાં મૂક્યા છે કે દરેક માણસે ખોરાકની કરકસર કરવી જોઈએ અને આફતમાંથી બચવા મહેનત કરવી જોઈએ. આપણામાંનો એક જણ

પણ મજૂરી ન કરે, અથવા બીજાની મજૂરીનો દુરુપયોગ કરે, તો એમાં આપણો અને આખી માણસજાતનો વિનાશ છે.

દરેક માણસે મહેનત કરવી એ આવશ્યક અને સ્વાભાવિક છે. તેમાંથી મુક્ત થનાર અને પોતાનું કામ બીજા પાસે કરાવનાર ચોર અને દ્રોહી ગણાવા જોઈએ.

ત્યારે, આપણા સંસ્કારી માણસોનો મોટો ભાગ, કશી મહેનત કર્યા વિના, ઠંડે કલેજે બીજાની મજૂરીનો લાભ લે છે અને પોતાની આવી જિંદગીને બહુ જ સ્વાભાવિક અને યોગ્ય માને છે, તેનું શું?

જૂના વખતના શાસ્ત્રીપુરાણીઓ અને કર્મકાંડીઓ જેવા જ આપણે પણ છીએ. હજરત મૂસાની ગાદીએ આપણે ચડી બેઠા છીએ. સ્વર્ગની ચાવી આપણે હસ્તગત કરી છે, પણ નથી આપણે પોતે તેમાં દાખલ થતા, નથી બીજાને દાખલ થવા દેતા. આપણે, આજના વિજ્ઞાન અને કળાના કહેવાતા આચાર્યો, અઠંગ ધુતારા છીએ; આપણી પદવીને માટે, લુચ્ચામાં લુચ્ચા અને બદમાશમાં બદમાશ ધર્મગુરુ કરતાં ઓછા અધિકારી છીએ. આ ખાસ સ્થાનને માટે આપણે કોઈ રીતે લાયક નથી. આ સ્થાન આપણે બદમાશી કરીને કબજે કર્યું છે અને છેતરપિંડીથી નભાવી રહ્યા છીએ.

આપણે આપણા ભાઈઓનાં લોહી પીએ છીએ અને તેમ છતાં આપણને દયાળુ, શિક્ષિત અને પ્રામાણિક માનીએ છીએ.

# 19 : બળજબરી — કે બીજું કાંઈ?

માનવસમાજમાં શ્રમવિભાગ સદાય ચાલતો આવ્યો છે અને કદાચ હમેશા ચાલતો રહેશે. પણ આપણો સવાલ એ છે કે એ શ્રમ-વિભાજન ન્યાયી હોવું જોઈએ.

શ્રમવિભાગ એટલે કેટલાક લોકો માનસિક ને આધ્યાત્મિક કામ કરે, અને બીજાઓ શારીરિક શ્રમ કરે. પરસ્પરની સેવાનો આ યોગ્ય અદલોબદલો છે, એવું લોકો માને છે. પણ અત્યારે જે ચાલે છે તે ખરી રીતે તો બળજબરીનું સીધુંસાદું ને બહુ પુરાણું સ્વરૂપ છે.

વિદ્વાનો અને કલાકારો કહે છે : ‘‘લોકોને અમે આત્માનો ખોરાક આપવાનું શરૂ કરી શકીએ, તે પહેલાં એમણે અમને શારીરિક ખોરાક પૂરો પાડવો જોઈએ. તમે મને ખોરાક ને કપડાં પૂરાં પાડો અને હું માગું તે બધું મહેનતમજૂરીનું કામ કરો — જે કામ તમારી પાસેથી લેવાની મને નાનપણથી ટેવ પડેલી છે. એટલે પછી, જે માનસિક કામ મારાથી થઈ શકે તેમ છે અને જેનાથી હું ટેવાયેલો છું તે હું તમારે માટે કરીશ. તમે મારા શરીર માટે ખોરાક પૂરો પાડો, અને હું તમારા આત્મા માટે ખોરાક આપીશ.’’

આત્માના ખોરાકનો ઉત્પાદક કહે છે કે, ‘‘તમને હું આત્માનો ખોરાક આપી શકું તે માટે પહેલાં તમે મને ખોરાક પૂરો પાડો, કપડાંલતાં પૂરાં પાડો અને જે બધો ગંદવાડ હું કરું તે ઉઠાવી જાવ.’’

પણ તો પછી શારીરિક ખોરાકનો ઉત્પાદક શા માટે એવું ન કહે કે, ‘‘તમને હું શારીરિક ખોરાક પીરસું તે પહેલાં તો મારે આત્માના ખોરાકની જરૂર છે, અને તે મને મળે નહીં ત્યાં સુધી હું કામ કરી શકું તેમ નથી.’’

તમે કહો છો કે, ‘‘હું આત્માનો ખોરાક પેદા કરી શકું તે માટે મારે હળ હાંકનારની, લુહારની, મોચીની, સુતારની, કડિયાની, મેલું ઉપાડનારની

અને એવા બીજાઓની સેવાની જરૂર છે.''

એ જ પ્રમાણે દરેક મજૂરે કહેવું જોઈએ કે, ''તમારે માટે શારીરિક ખોરાક તૈયાર કરવાનું કામ હું માંડું તે પહેલાં તમારા આધ્યાત્મિક કામનાં ફળ મને મળવાં જોઈએ. મારું કામ કરવાની તાકાત મેળવવા માટે મારે ધર્મના બોધની જરૂર છે, સમાજમાં સુવ્યવસ્થાની જરૂર છે, મારા કામમાં વિજ્ઞાનના ઉપયોગની જરૂર છે, અને કલા મારફત સાંપડતા આનંદની પણ મારે જરૂર છે. આ જીવનનું રહસ્ય શું છે તે મારી મેળે ઉકેલવાનો મને વખત નથી — તો મને તે બતાવો. ન્યાયનું ઉલ્લંઘન ન થાય તે માટે સમાજજીવનની આચારસંહિતા ઘડવાનો મને અવકાશ નથી — તો મને એ ઘડી આપો. યંત્રવિદ્યા, રસાયણશાસ્ત્ર, અને ઔદ્યોગિક કળામાં ઊંડા ઊતરવાની ફુરસદ મને નથી — તો મને એવાં પુસ્તકો આપો જે બતાવે કે મારાં ઓજારોમાં, કામ કરવાની મારી પદ્ધતિમાં, મારાં ઘરબારમાં સુધારા કઈ રીતે થઈ શકે. કવિતા, કળા અને સંગીત પાછળ હું સમય ગાળી શકતો નથી; તો જીવનને જરૂરી એવી પ્રેરણા મને પૂરી પાડો, મને કલાકૃતિઓનો આસ્વાદ કરાવો. ધર્મબોધથી જો હું વંચિત રહું, મારી મહેનતનાં ફળ સલામત રહે તેવું શાણું રાજ્યતંત્ર જો ન હોય, મારી મજૂરીનો ભાળ હળવો કરે તેવું જ્ઞાન મને જો ન સાંપડે, અને મારા શ્રમને ઉન્નત કરવા કાજે કળાના આનંદો મને ન મળી રહે, તો હળ હાંકવાનાં, ખાતર સારવાનાં અને તમારો ગંદવાડ સાફ કરવાનાં કામોમાં હું મારો જીવ ન પરોવી શકું. આજ લગી તમે આધ્યાત્મિક ખોરાકને નામે જે આપ્યું છે, તે મને માફક આવતું નથી; તેનાથી કોઈનો શો ભલીવાર થાય, તે પણ હું સમજી શકતો નથી. એટલે મને માફક આવે તેવો ખોરાક મળે નહીં, ત્યાં સુધી મારો પેદા કરેલો શારીરિક ખોરાક હું તમને પૂરો પાડી શકું નહીં.''

મજૂરી કરનાર માણસ જો આવું કહે, તો એ સીધાસાદા ન્યાયની વાત હશે. મજૂર જો એવું કહે, તો એના પક્ષે ન્યાય ઘણો વધારે હશે. કારણ કે માનસિક કાર્ય કરનારના કામ કરતાં તેનું કામ વધારે મહત્ત્વનું, વધારે અનિવાર્ય છે. અને બીજું કારણ એ કે શારીરિક ખોરાક પૂરો પાડવામાં શ્રમજીવીને વિઘ્ન

એ નડે છે કે તેને પોતાને પણ એ પૂરતો મળી શકતો નથી.

આવી સાદી અને ન્યાયી માગણી આપણી પાસે કરવામાં આવે તો, આપણે માનસિક શ્રમ કરનારાઓ તેનો જવાબ શું આપશું? એમને આપણે કઈ રીતે સંતોષશું? ધર્મબોધની તેની ભૂખ ભાંગવા કાજે શું આપણાં મઠ-મંદિરોએ બહાર પાડેલાં ચોપાનિયાં આપશું? સામાજિક ન્યાય માટેની એની માગણી સંતોશવા માટે શું વિધવિધ સમિતિઓના અહેવાલો એના માથામાં મારશું? જ્ઞાનની એની તરસ છિપાવવા માટે વિજ્ઞાન-અકાદમીની કાર્યવાહીનો ખડકલો એની પાસે કરશું? કળા માટેની એની ઝંખના આપણે કઈ રીતે સંતોશશું? — પુશ્કિન વડે? દોસ્તોયેવસ્કી વડે અને લિયો ટોલ્સટોય વડે? આપણા કલાકારોએ આલેખેલાં નગ્ન નારીઓનાં, મખમલનાં અને કુદરતી દૃશ્યોનાં ચિત્રો વડે? આપણા સંગીતકારોની સુરાવલિઓ વડે?

આમાનું કશું પણ એના ખપનું નથી, ખપ લાગી શકે તેવું નથી. કારણ કે, લોકોના પરિશ્રમનો ઉપભોગ કરવાનો અધિકાર ભોગવવાવાળા આપણે, આધ્યાત્મિક ખોરાક પેદા કરવાની આપણી કશી જવાબદારી અદા કરી નથી, અને આપણી પ્રવૃત્તિનો એક માત્ર ઉદ્દેશ બિલકુલ નજર બહાર કરી મૂક્યો છે. મજૂરી કરનારા લોકોને શાની જરૂર છે તે પણ આપણે જાણતા નથી; એમની રહેણીકરણી, એમનું દૃષ્ટિબિંદુ, એમની ભાષા, બધું આપણે ભૂલી ગયા છીએ; ખુદ એ શ્રમજીવીને જ આપણે વિસારે પાડી દીધો છે, અને માનવવંશવિદ્યાના કોઈ વિરલ નમૂના લેખે તેનો અભ્યાસ કરીએ છીએ.

આપણી કલ્પનાના શ્રમવિભાજનમાં તો આપણને પહેલાં ખાવાનું મળે ને પછી કામ કરવાનું આવે છે એટલું જ નહીં, કશું જ પેદા કર્યા વિના માલમલીદા ઉડાવવાનો અધિકાર પણ આપણી અનેક પેઢીઓને ભોગવવા મળે છે. પરિણામે, આપણું ભરણપોષણ કરનારા લોકોને બદલારૂપે આપવા આપણે જે પેદા કર્યું છે તે એકલા વિદ્વાનો અને કલાકારોના કામનું છે — અથવા કામનું છે તેવું આપણને લાગે છે. પરંતુ એમને આધ્યાત્મિક ખોરાક પૂરો પાડવાને બહાને જે લોકોનો પરિશ્રમ આપણે ભરખી ગયા છીએ તેમને પોતાને માટે તો એ કશા ખપનું નથી અને બિલકુલ સમજી શકાય નહીં

તેવું તથા કંટાળાજનક છે.

આપણે ઉઠાવેલી જવાબદારી વિશે આપણને એટલો તો અંધાપો આવી ગયો છે કે જે કામ કરવાનું આપણે માથે લીધું હતું, તે આપણા નહીં પણ બીજા કોઈકના હાથે થયું છે તેનો પણ આપણને ખ્યાલ રહ્યો નથી. આપણે ઘડીક અધ્યાત્મવાદ વિશે, તો ઘડીક પરમાણુના સ્વરૂપ વિશે કે એવી-તેવી બીજી ચર્ચાઓ કરી રહ્યા હતા ત્યારે પણ લોકોને તો આધ્યાત્મિક ખોરાકની જરૂર હતી જ. એટલે પછી વિજ્ઞાન અને કળામાં નાસીપાસ નીવડેલા પાખંડીઓ, નકરા નફાના લાલચુ વેપારીઓની ફરમાએશ મુજબ, આમજનતાને આધ્યાત્મિક ખોરાક પૂરો પાડવા માંડ્યા. એ રીતે લાખો ચોપડીઓ, ચિત્રો અને ગાયનોનો વરસોથી ફેલાવો કરવામાં આવ્યો છે, ખેલ ભજવવામાં આવ્યા છે. લોકો આ બધું જુએ છે, એ ગાયનો ગાય છે અને પોતાનો આધ્યાત્મિક ખોરાક મેળવી લે છે — પણ જેમણે તે પૂરો પાડવાનું માથે લીધેલું તેવા આપણી પાસેથી નહીં.

આપણે ખાસ વિશયોમાં નિષ્ણાત બનેલા છીએ. આપણે પ્રજાનું મસ્તક છીએ. એ પ્રજા આપણું પેટ ભરે છે, અને તેમને કેળવણી આપવાની જવાબદારી આપણે સ્વીકારેલી છે. કેવળ એ જ કારણે આપણે મહેનતમજૂરીમાંથી આપણી જાતને ઉગારી લીધી છે. અને એ મજૂરી કરનારાઓને આપણે શી કેળવણી આપી છે?

એ લોકોએ એક વરસ રાહ જોઈ, દસ વરસ રાહ જોઈ, સદીઓ સુધી એમણે વાટ જોઈ. તેમ છતાં આપણે તો હજી અંદરોઅંદર ચર્ચાઓ કરીએ છીએ, એકબીજાને શિક્ષણ આપીએ છીએ અને પરસ્પરનું રંજન કરીએ છીએ. એટલી હદ સુધી આપણે એમને વિસારે પાડ્યા છે કે એમની કેળવણી અને એમના રંજનનું કામ બીજાઓ કરવા માંડ્યા છે, અને આપણને તેનું ભાન પણ નથી. સમાજમાં શ્રમનું વિભાજન કરવાની આપણી વાતો આટલી તો નમાલી હતી, અને લોકોની ઉપર આપણે જે ઉપકાર કરીએ છીએ તેની બધી શેખી એક નફ્ફટ બહાના સિવાય બીજું કશું નહોતું તે આટલું બધું સ્પષ્ટ છે.

## 20 : શ્રમસાગરમાં મારું ટીપું

ત્યારે કરીશું શું? આપણે કરીશું શું?

આ સવાલ ચોમેરથી મારા સાંભળવામાં આવ્યો છે અને તેથી જ આ પુસ્તકનું મેં આ નામ પસંદ કર્યું છે.

મારાં વીતકો, મારું નિરીક્ષણ અને આ પ્રશ્નનું મારું નિરાકરણ, એ બધાંનું મેં વર્ણન કર્યું. હું પણ બીજા સહુના જેવો જ પામર પ્રાણી છું. સમાજના સામાન્ય માણસ કરતાં મારામાં કાંઈ ફેર હોય તો તે એટલો જ છે કે દુનિયાના આ પાખંડનો લાભ મેં બીજા કરતાં વધારે લીધેલો છે, મેં તે વિશેષ નભાવ્યું છે; અધિકારી વર્ગના લોકો તરફથી મને વધારે માનપાન મળ્યાં છે. એટલે બીજાઓ કરતાં હું વધારે બગડેલો અને અવળે માર્ગે ચડેલો છું.

તેથી હું ધારું છું કે મારે માટે જે માર્ગ મેં શોધી કાઢ્યો છે તે પોતાની જાતને આવો સવાલ પૂછનારા સહુ સાચા માણસોને ખપમાં આવશે. 'શું કરીશું?' એ સવાલના જવાબમાં મારી જાતને મેં પહેલો ઉત્તર તો એ આપ્યો કે, ''બીજાની સાથે તેમ જ પોતાની જાતની સાથે જૂઠો વ્યવહાર કરવો નહીં; સત્ય આપણને ગમે ત્યાં દોરી જાય તોપણ સત્યથી કદી ડરવું નહીં.'' બીજાની સાથે જૂઠો વ્યવહાર ચલાવવો એનો અર્થ આપણે સહુ જાણીએ છીએ. છતાં સવારથી તે સાંજ સુધી જૂઠું બોલ્યાં કરીએ છીએ. હું જરાય રાજી ન થયો હોઉં, છતાં કહું કે, ''ઓહો, હું બહુ રાજી થયો.'' મારા મનમાં જરા પણ આદર ન હોય છતાં હું લખું કે, ''સાદર પ્રણામ.'' મારી પાસે પૈસા હોય છતાં હું કહું કે, ''મારી પાસે કાંઈ નથી.'' બીજાની સાથે જૂઠો વ્યવહાર ચલાવવો તેને, ખાસ કરીને અમુક પ્રકારના જૂઠા વ્યવહારને, તો આપણે સહુ ખરાબ ગણીએ જ છીએ. પરંતુ આપણી જાત સાથે જૂઠો વ્યવહાર ચલાવતાં આપણે ડરતા નથી. આપણે આપણી જાત સાથે જે જૂઠો વ્યવહાર

ચલાવીએ છીએ અને જેની ઉપર આપણા આખા જીવનની રચના કરીએ છીએ તેનાં જે પરિણામ આવે છે, તેને મુકાબલે તો બીજાની સાથેનું ખરાબમાં ખરાબ અને ભારેમાં ભારે જૂઠાણું પણ કશી વિસાતમાં નથી.

'ત્યારે કરીશું શું?' એ સવાલનો બરાબર જવાબ આપણે મેળવવો હોય તો આ જૂઠાણું આપણે બિલકુલ છોડી દેવું જોઈએ.

મારી તમામ પ્રવૃત્તિ, મારું આખું જીવન આવા જૂઠાણા પર રચાયેલું હોય, અને એ જૂઠાણાને બીજા આગળ તથા મારી જાત આગળ સત્ય તરીકે હું મનાવતો હોઉં, પછી આ સવાલનો જવાબ હું શી રીતે આપી શકું? જૂઠાણું ન ચલાવવું એટલે સત્યથી ન ડરવું, બહાનાં ન શોધવાં અને બીજાએ શોધ્યાં હોય તેનો, આપણી બુદ્ધિ તથા હૃદયના નિર્ણયોને આપણી જાતથી છુપાવવા સારુ ઉપયોગ ન કરવો; આપણી આસપાસનાં સહુથી ભિન્ન મત ધરાવતાં, તથા આપણી બુદ્ધિ અને હૃદય ઉપર જ આધાર રાખતાં ડરવું નહીં; સત્ય અને અંતરનો અવાજ આપણને જે માર્ગે લઈ જશે તે માર્ગ ગમે તેટલો વિકટ હશે, પરંતુ જૂઠાણાના માર્ગ કરતાં તો ખરાબ નહીં જ હોય એવી પાકી ખાતરી રાખવી.

'કરીશું શું?'નો બરાબર જવાબ પહેલાં હું નહોતો મેળવી શકતો. કારણ, એ સવાલ જ હું ખોટી રીતે મૂકતો હતો. એ સવાલ હું આ રીતે મૂકતો : મારા જેવા માણસે, જેણે આટલું જ્ઞાન સંપાદન કર્યું છે, જેનામાં આવી પ્રતિભા છે, જે આવો ભારે સંસ્કારી છે, તેણે કઈ પ્રવૃત્તિ પસંદ કરવી? હું ખેડૂતો પાસેથી જે લઉં છું તેનો મારા આ જ્ઞાનથી અને મારી આ બુદ્ધિથી હું કેવી રીતે બદલો આપું?

આ સવાલ ખોટી રીતે મુકાયેલો હતો. મારી આગળ પ્રશ્ન આ હોવો જોઈતો હતો : મારી કમનસીબ સ્થિતિને લીધે જાતમહેનત કરવાનું શીખવાને બદલે મારા આયુષ્યનાં ઉત્તમમાં ઉત્તમ વર્ષો મેં ફ્રેંચ ભાષા, પિયાનો, વ્યાકરણ, ભૂગોળ, ન્યાયશાસ્ત્ર, કાવ્ય, નવલકથા, તત્ત્વજ્ઞાન, લશ્કરી વિદ્યા એ બધું પ્રાપ્ત કરવામાં ગાળ્યાં અને આત્માને હીન કરનારા નવરા ધંધામાં મારી જિંદગી વ્યતીત કરી; હવે, ભૂતકાળના આ કમનસીબ સંજોગો હોવા

છતાં, જે લોકોએ આજ સુધી મને ખવડાવ્યું છે તથા કપડાં પહેરાવ્યાં છે અને જે લોકો હજી પણ મને પોશે છે તથા ઢાંકે છે તેમનો બદલો વાળવાને મારે શું કરવું? આજે પશ્ચાત્તાપ કર્યા પછી જે સ્વરૂપમાં પ્રશ્ન મારી સમક્ષ આવે છે કે, 'મારા જેવા પતિતે શું કરવું?' તે સ્વરૂપમાં પહેલેથી મુકાયો હોત, તો તેનો જવાબ સહેલો હતો. સહુથી પ્રથમ તો મારે પ્રામાણિક રીતે મારો રોટલો કમાવાનો પ્રયત્ન કરવો, એટલે કે બીજાની કાંધ ઉપરથી ઊતરીને ચાલતાં શીખવું. આમ કર્યા પછી મારા હાથ, પગ, બુદ્ધિ, હૃદય એમાંથી જે વડે જે પ્રસંગે લોકોને જે સેવા જોઈતી હોય તે આપવી. આપણું ધ્યેય લોકોનું કલ્યાણ કરવાનું નહીં, પરંતુ જાતે સુધરવાનું અને લોકોનું અપમાન ને નુકસાન કરતા બંધ થવાનું હોવું જોઈએ.

મારી પહેલી અને નિર્વિવાદ ફરજ તો એ છે કે મારે પોતે જ મહેનત કરીને મારી જાતને પોશવી, મારી જાતને ઢાંકવી અને મારાં બીજાં કામ કરવાં.

માણસ પોતાને ગમે તે કામને માટે લાયક માને — પોતાને રાજ્ય ચલાવવા લાયક માને, કે પ્રજાનું રક્ષણ કરવાને લાયક માને, કે ધર્મોપદેશ કરવાને લાયક માને, કે કેળવણી આપવાને લાયક માને, કે જિંદગીનાં સુખ વધે એવાં સાધનો શોધી કાઢવાને લાયક માને, — પરંતુ સમજદાર માણસ તો, પોતાનું તથા બીજાં માણસોનું ગુજરાન કુદરત પાસેથી મેળવવામાં ભાગ લેવો, એ જ પોતાની પ્રથમ અને નિર્વિવાદ ફરજ સમજશે. આ ફરજ પ્રથમ છે. તેનું ખાસ કારણ તો એ છે કે જીવવું એ માણસની સહુથી મોટી વાસના છે. માણસ જીવતો હોય તો તમે એનું રક્ષણ કરી શકો, તમે એને કેળવણી આપી શકો, તમે એનું જીવન આનંદમય કરી શકો. પરંતુ કુદરત પાસેથી આજીવિકા મેળવવામાં હું ભાગ ન ભરું, અને બીજાની મજૂરી ઉપર જીવું એમાં તો બીજાની હિંસા જ રહેલી છે.

"મારે શું કરવું?" એ સવાલનો પહેલો નિશ્શંક ઉત્તર તો એ મળ્યો કે, "પહેલાં મારાં પોતાનાં બધાં કામ — મારું રાંધવાનું, મારું પાણી ભરવાનું, મારો ચૂલો સળગાવવાનું, મારાં કપડાં ધોવાનું, જે બની શકે તે મારે જાતે કરી લેવું."

મારા દિલમાં એ સવાલ ઊઠ્યો કે આવી મજૂરીમાં મારો બધો જ સમય તો નહીં રોકાઈ જાયને? પછી મને અતિશય પ્રિય, જે કરવાની મને આદત પડી ગઈ છે અને જેને હું કોઈક વાર ઉપયોગી પણ માનું છું, એવી માનસિક પ્રવૃત્તિ કરવાનો સમય નહીં મળે તો? આ સવાલનો મેં નહીં ધારેલો એવો જવાબ મને મળી ગયો. શરીરને હું જેમ જેમ વધારે શ્રમ આપતો ગયો, જેમ જેમ મારી બધી આળપંપાળ છૂટી ગઈ, તેમ તેમ માનસિક કામ કરવાની મારી શક્તિ ઊલટાની વધી.

શારીરિક શ્રમમાં હું આઠ કલાક ગાળવા લાગ્યો, તોપણ બીજા આઠ કલાક મારી પાસે બચતા. તેમાંથી માનસિક કામ માટે તો મારે પાંચ જ જોઈતા હતા. હિસાબ ગણતાં મને એમ માલૂમ પડ્યું કે મેં ચાળીસ વર્ષ સુધી લખવા સિવાય બીજો કશો ધંધો કર્યો ન હતો. છતાં મારા જેવા જબરદસ્ત લેખકે એટલા વખતમાં કુલ પાંચ હજાર છાપેલાં પાનાં જેટલું લખાણ કર્યું હતું. હવે, આ ચાળીસ વર્ષ દરરોજ આઠ કલાક મેં બીજા મજૂરોની સાથે કામ કર્યું હોત ને દરરોજ પાંચ કલાક અભ્યાસમાં ગાળ્યા હોત અને કેવળ રજાના દિવસોએ દરરોજનાં બે પાનાંને* હિસાબે લખ્યું હોત (જોકે મેં તો ઘણીયે વખત રોજનાં સોળ સોળ પાનાં લખેલાં છે) તોપણ પાંચ હજાર પાનાં જેટલું લખાણ હું ચૌદ વર્ષમાં પૂરું કરી શકત.

મને તો એવો અનુભવ થયો કે શારીરિક શ્રમ કરવાથી માનસિક કામ નથી થઈ શકતું એમ તો નથી જ, ઊલટું વધારે સારું થઈ શકે છે, ગુણમાં ઉચ્ચ કોટિનું થાય છે અને કામ કરવામાં પણ ખૂબ ઉલ્લાસ આવે છે.

શારીરિક શ્રમ કરવાને લીધે, માણસને સ્વાભાવિક એવા નિર્દોશ આનંદો, જેવા કે કળાનો ઉપભોગ, જ્ઞાનની પ્રાપ્તિ, લોકો સાથે વાર્તાલાપ, સામાન્ય રીતે જિંદગીનાં બધાં સુખો, — એથી હું વંચિત તો નહીં થઈ જાઉં? મને આવી બીક પહેલાં લાગતી હતી. તેમાં પણ મને ઊલટો જ અનુભવ થયો.

---

* ટોલ્સટોયને હિસાબે બે પાનાં નહીં પણ ચાર પાનાં ગણવાં જોઈએ, કારણ વરસમાં રવિવારના તથા બીજી રજાઓના મળી કુલ 90 દિવસ ગણીએ તો 90x4 x14=5040 પાનાં થાય.

જેમ જેમ હું કઠણ કામ કરતો ગયો, જેમ જેમ ખેતીની કઠિનાઈ ભરેલી મજૂરીમાં હું પડતો ગયો, તેમ તેમ મને વધારે આનંદ પડવા લાગ્યો, મને વધારે જ્ઞાન મળવા લાગ્યું, લોકો સાથેનો મારો સંબંધ વધારે ઘનિશ્ઠ ને વધારે માયાળુ થતો ગયો અને જિંદગીનાં સુખ મને વધારે મળવા લાગ્યાં.

મેં જોયું કે શારીરિક શ્રમ સ્વાભાવિક થઈ પડતાં જ આળસના દિવસોમાં સેવેલી મારી ખોટી અને ખર્ચાળ જરૂરિયાતો અને કુટેવો એકદમ આપોઆપ ખરી પડી. દિવસને રાત કરી નાખવાની મારી ટેવ, મારી પથારી, મારાં કપડાં, મારી શિષ્ટાચાર ખાતરની સ્વચ્છતા એ બધું તો ક્યાંય જતું રહ્યું. કારણ આ વસ્તુઓ શારીરિક શ્રમની સાથે અસંગત અને અશક્ય છે. મારા ખોરાકમાં અને ખોરાકના પ્રકારમાં પણ ભારે ફેરફાર થઈ ગયા. મીઠાઈ તથા ખૂબ ચરબીવાળા અને ખૂબ મસાલાવાળા પદાર્થો જેને માટે પહેલાં મારી જીભ સળક્યાં કરતી તેને બદલે સાદામાં સાદા ખોરાકની મને જરૂર જણાઈ, અને કોબીનું સૂપ, ઘેંશ, કાળી રોટી તથા મોળી ચા એ બધાંમાં ખૂબ આનંદ પડવા લાગ્યો.

મારી પોતાની જરૂરિયાતો પણ મહેનતુ જીવનને લીધે ઓછી થઈ ગઈ. જેમ જેમ મને જાતમહેનત કરવાની ટેવ પડતી ગઈ અને કામ આવડતું ગયું તેમ તેમ જગતના શ્રમસાગરમાં શારીરિક શ્રમનું મારું ટીપું વધારે ને વધારે ગણતરીમાં લેવા યોગ્ય બનતું ગયું. અને જેમ જેમ મારી મહેનત વધારે ને વધારે ફળદાયી થતી ગઈ, તેમ તેમ બીજાની મદદની મને ઓછી ને ઓછી જરૂર પડવા લાગી અને મારું જીવન સ્વાભાવિક રીતે, કોઈ જાતના ખાસ પ્રયત્ન કે મુશ્કેલી વિના, સાદું ને સાદું બનતું ગયું. તે તો જાતમહેનતનો કાયદો સ્વીકાર્યા વિના સ્વપ્ને પણ શક્ય ન હતું. મને અનુભવે એવું જણાયું કે મારી ખર્ચાળ ટેવો — કેટલીક ખોટી મોટાઈ ખાતરની અને કેટલીક દિલ બહલાવવા માટેની — એ બધી આળસુ જીવનને લીધે જ હતી.

બીજો પ્રશ્ન એ હતો કે, મહેનત કરવાની ટેવ નહીં, અને મહેનત કરવા જતાં મારી તબિયતને નુકસાન નહીં થાય? એ તબિયતને જો નુકસાન થાય, તો પછી લોકોની સેવા શી રીતે થઈ શકે? અને મારી ઉંમરે મહેનતનું કામ

કરવાથી શરીરને નુકસાન થવાનો સંભવ છે એવો પ્રખ્યાત દાકતરોનો નિશ્ચિત મત હોવા છતાં (તેઓ તો મને કહેતા કે મારે અમુક પ્રકારની કસરત અને માલિસ વગેરેની જરૂર હતી) મને તો એવો અનુભવ થયો કે જેમ હું મહેનત વધારે કરું તેમ મારામાં તાકાત વધારે લાગે, શરીરમાં સ્ફૂર્તિ વધારે રહે અને દિવસ સુખ તથા આનંદમાં જાય. એટલે મને તો એમ નિર્વિવાદ જણાયું છે કે, લોકસેવા કરવાને અર્થે નાટકો, જલસા, વાર્તાવિનોદ, નાચ, પાનાં, વર્તમાનપત્રો, માસિકો, નવલકથાઓ વગેરે તો માણસોએ શોધી કાઢેલી અનેક પ્રકારની લુચ્ચાઈભરેલી તદબીરો છે. લોકસેવા કરવાનો સ્વાભાવિક માર્ગ તો એ છે કે બીજાને માટે કામ કરી છૂટવું. તે જ પ્રમાણે તંદુરસ્તી માટે, અમુક જ પ્રકારના ખાનપાનના, ગરમીના, કપડાંના, દવાના, પાણીના, માલિસના, કસરતના, વીજળીના વગેરે અનેક પ્રકારના દાક્તરોના પ્રયોગો એ બધાં ખાલી ફાંફાં છે. માણસે મજૂરી કરવી એ તેની સ્વાભાવિક સ્થિતિ છે. તે છોડી દીધી એટલે ઉપરનું બધું ઊભું થયું છે.

મેં મારું આખું આયુષ્ય માનસિક કામ કરવામાં ગાળ્યું છે. મેં મારા મન સાથે એમ નક્કી કરી લીધેલું કે લખવાનો એટલે કે માનસિક કામ કરવાનો મારો ખાસ ધંધો છે. એટલે બીજાં જરૂરી કામ મેં બીજા ઉપર નાખી દીધાં અથવા મારે માટે બીજાને તે કરવાની ફરજ પાડી. માનસિક કામ માટે, ઉપલક જોતાં આ બહુ સગવડ ભરેલી વ્યવસ્થા જણાય છે. પરંતુ તેમાં રહેલા અન્યાયની વાત બાજુએ રાખીએ અને કેવળ માનસિક કામની દૃષ્ટિએ જ આનો વિચાર કરીએ તોપણ આ વ્યવસ્થા લાભદાયી નથી.

મારું આખું જીવન, મારો ખોરાકનો વખત, ઊંઘવાનો વખત, મારા વાર્તાવિનોદો એ બધું મારા ખાસ કામની સગવડનો વિચાર કરીને મેં ગોઠવ્યું હતું. મારા આ ખાસ માનસિક કામ સિવાય મેં મારી જિંદગીમાં બીજું કશું કર્યું નથી. આમાંથી પહેલું પરિણામ તો એ આવ્યું કે મારું અવલોકન અને જ્ઞાનનું ક્ષેત્ર સંકુચિત થઈ ગયું. ઘણી વખત તો અભ્યાસ કરવાનો વિશય જ મારી પાસે ન હોય એવું બનતું. અને મનુષ્યજીવનનું વર્ણન કરવાનું કામ મેં હાથ ધરેલું હોવાથી મને મારું અજ્ઞાન ઘણી વખત સાલતું. નિષ્ણાતો સિવાયના બીજા સહુ

માણસો સામાન્ય રીતે જે જાણે તેવી વસ્તુઓ વિશે મારે બીજાને પૂછવું પડતું અને અભ્યાસ કરવો પડતો. એમ પણ બનતું કે લખવાની મને અંદરથી પ્રેરણા ન થાય, કોઈને મારા લેખની જરૂર ન હોય એટલે કે મારા વિચારોની જરૂર ન હોય, પણ માસિકના લેખકોમાં કેવળ મારું નામ જોઈતું હોય, તેવે વખતે મારે લખવા બેસવું પડતું. પછી હું મારા મગજને નિચોવી નિચોવીને તેમાંથી જે કાઢી શકાય તે કાઢતો. કોઈ વખત તો ગમે તેટલું નિવોચવા છતાં કશું નીકળતું નહીં. કોઈ વખત કાંઈ ખરાબ નીકળતું. પછી મને અસંતોશ રહેતો અને હું દુખી થતો. આમ દિવસો અને અઠવાડિયાં ચાલ્યાં જતાં. હું ખાતો, પીતો, ઊંઘતો, તાપતો અને બીજું કશું કરતો નહીં. અથવા કોઈને જેની કશી જરૂર ન હોય તેવું કરતો. એટલે કે હું હંમેશાં ભારે પાપમાં પ્રવૃત્ત રહેતો. મજૂરી કરનાર વર્ગમાંથી કોઈ આવું કદી કરે જ નહીં.

હવે શારીરિક કામ કરવાની એટલે કે મહેનત મજૂરીનું તેમ જ કળાકૌશલ્યવાળું કામ કરવાની જરૂર મને સમજાઈ છે ત્યારથી મારો સમય જુદી જ રીતે પસાર થાય છે. મારો બધો વખત, ગમે તેટલાં નાનાં પરંતુ ઉપયોગી, આનંદદાયક અને જ્ઞાનદાયક કાર્યોમાં પસાર થાય છે. એટલે હવે જ્યારે મને અંદરથી પ્રેરણા થાય છે અને મારે લખવું જ જોઈએ એવી સીધી જરૂર મને જણાય છે, ત્યારે જ મારા આ નિર્વિવાદ રીતે ઉપયોગી અને આનંદદાયક કામમાંથી વખત કાઢીને હું મારું પહેલાંનું ખાસ કામ એટલે કે લેખકનું કામ કરું છું. મારું આ લખાણ ગુણમાં ચડિયાતું આવે છે અને ઉપયોગી ને આનંદદાયક નીવડે છે.

એટલે મારે માટે, તેમ જ સહુ કોઈને માટે, અનિવાર્ય એવી જાતમહેનત હું કરું છું, તે મારી ખાસ પ્રવૃત્તિમાં બિલકુલ વિઘ્નરૂપ નીવડતી નથી. પરંતુ તેથી તો મારી પ્રવૃત્તિ ઉપયોગી, ઊંચા પ્રકારની અને આનંદદાયક નીવડે છે.

## 21 : એક જ ઉપાય

પહેલાંના વખતમાં લોકો બીજા પાસે જબરદસ્તીથી, એટલે કે તેમને ગુલામ રાખીને મજૂરી કરાવતા. આજે પૈસાને જોરે આપણે બીજાઓ પાસે મજૂરી કરાવીએ છીએ.

આ પૈસો એ જ સર્વ અનર્થનું મૂળ છે. જે લોકો પાસે પૈસો છે તે દુખી છે, જે લોકો પાસેથી પૈસો છીનવી લેવામાં આવ્યો છે તે લોકો પણ દુખી છે. જે લોકો પૈસાનો દુરુપયોગ કરે છે તેમને તેમનાં હૃદય ડંખે છે. જે લોકો પાસે પુશ્કળ પૈસો છે અને જે લોકોને તેનાથી વંચિત કરવામાં આવ્યા છે તેમની વચ્ચે ઝઘડો થવાનો ભય છે. આમ પૈસો સર્વ અનર્થનું મૂળ હોવા છતાં આધુનિક સમાજની બધી ધાલાવેલી તે માટે છે. આખી દુનિયા એની પાછળ દોડાદોડ કરી રહી છે. જુદા જુદા દેશો અને રાજ્યો વચ્ચે પૈસા માટે દાવપેચ રમાય છે અને લડાઈઓ થાય છે.

શરાફો, વેપારીઓ, કારખાનાદારો તથા જમીનદારો પૈસા સારુ મથી મરે છે, પ્રપંચો રચે છે, દુખી થાય છે અને બીજાને દુખી કરે છે. અમલદારો અને કારીગરો પૈસાને માટે ઝઘડા કરે છે, છેતરપિંડી રમે છે, જુલમ કરે છે અને દુખી થાય છે. અદાલતો અને પોલીસ પૈસાનું રક્ષણ કરવા માટે હોય છે. જેલો, સખત મજૂરીની સજાઓ અને કહેવાતી ન્યાયવ્યવસ્થાના બધા ત્રાસો એ સઘળું પૈસાને અર્થે છે.

પૈસો સર્વ અનર્થનું મૂળ છે. આખી દુનિયા ધનની વહેંચણી કરવામાં અને ધનનું રક્ષણ કરવામાં મશગૂલ છે.

પરંતુ આખો સમુદાય પોતાના મતથી વિરુદ્ધ પડ્યો હોય, ત્યાં એક માણસ શું કરી શકે?

લોકમતમાં ફેરફાર થાય છે. પૈસો માણસ ઉપર જે સત્તા ધરાવે છે

તેનો બચાવ કરનારી તર્કજાળનો નાશ થવો જોઈએ. પછી શું સ્તુત્ય ગણવું અને શું નિંદ્ય ગણવું એ બાબતમાં લોકમત બદલાશે અને જીવનમાં પણ તે પ્રમાણે ફેરફાર થશે.

આ બાબત માણસે ઊંડા ઊતરીને વિચાર કરવો ઘટે છે. પછી આપણે શું કરીએ છીએ તે વિચારથી આપણને કમકમાં આવશે.

કોઈ જુવાન માણસ દરરોજ નવું ખમીસ બદલે છે. આ ખમીસને નદી ઉપર કોણ ધુએ છે? ધોબણ ધુએ છે — ગમે તેવી દશામાં તે બિચારી હોય, પેલા જુવાનની મા કે દાદી થવા જેટલી ઉંમરની હોય અને ઘણી વાર તો તે માંદી પણ હોય. આ જુવાન માણસને કેવો કહેવો? ખમીસ તો જોઈએ તેવું ચોખ્ખું હોય છે, કેવળ પોતાના તરંગની ખાતર એને તે બદલે છે અને પોતાની મા થવા જેવી મોટી ઉંમરની સ્ત્રીને તે ધોવા આપે છે.

પરંતુ શ્રીમંત લોકોનું તો આખું જીવન આવાં કેટલાંય કરતૂકોથી ભરેલું હોય છે. ઘરડાં, બાળકો તથા સ્ત્રીઓનું વૈતરું, બીજાઓએ પોતાની જિંદગીને જોખમે કરેલાં કામો, — અને તે આપણે બીજું કાંઈક કામ કરી શકીએ એટલા માટે નહીં, પણ ચેનબાજી ભોગવી શકીએ તેટલા માટે — એ બધાંયે આપણું આખું જીવન ભરેલું છે. આપણે માટે કામ કરી કરીને લુહારો આંખો ખુએ છે. મિલમાં કામ કરી કરીને માણસો ખવાઈ જાય છે અને સંચાથી તવાઈ જાય છે. દરજણોને ક્ષયરોગ લાગુ પડે છે. બધાં જ કામ તંદુરસ્તીને નુકસાન પહોંચાડીને અથવા જિંદગીને જોખમે કરવામાં આવે છે. આ વસ્તુને છુપાવવી અથવા ન જોવી અશક્ય છે. આ સ્થિતિમાંથી છૂટવાનો એક જ ઉપાય છે. જિંદગીને માટે અતિશય આવશ્યક હોય તેટલું જ બીજા પાસેથી લેવું અને જિંદગીને જોખમે, જિંદગીનો નાશ થઈ જાય ત્યાં સુધી પોતે ખરી મજૂરી કરવી.

એવો સમય તુરત આવશે, જ્યારે નોકરોનું પીરસેલું, અનેક વાનીઓવાળું ભોજન ખાવું એ શરમભરેલું ગણાશે; જ્યારે સુંદર ઘોડા જોડેલી ફટફટ દોડતી ફેટનમાં બેસવું, એટલું જ નહીં પણ પગે જવાય તેવું હોય ત્યાં સુધી ગાડીમાં બેસવું એ પણ, શરમભરેલું ગણાશે; બીજાંઓ મારે માટે

કામ કરતાં હોય અને હું પિયાનો વગાડતો બેસું એ શરમભરેલું ગણાશે; જ્યારે અમુક લોકોને દીવાબત્તી અને બળતણ ન મળતાં હોય ત્યારે, બીજા લોકોએ કામ ન કરવાનું હોય ત્યારે પણ દીવા અને મીણબત્તીઓ બાળવાં એ શરમભરેલું ગણાશે. આ વિચાર ઉપર આપણે અનિવાર્ય રીતે અને બહુ ઝપાટાથી આવતા જઈએ છીએ. આ નવા જીવનને કિનારે આપણે ઊભા છીએ અને એ જીવનમાં પડવું એ લોકમત કેળવવા ઉપર આધાર રાખે છે. આવા પ્રકારના જીવનને પસંદ કરનારો લોકમત સ્થપાતો જાય છે.

લોકમત સ્ત્રીઓ બાંધે છે, ખાસ કરીને આપણા જમાનામાં અબળાઓનું બળ વધારે છે.

# 22 : માતાઓ માર્ગ બતાવે!

હજુ પુરુષો કરતાં સ્ત્રીઓ વિશેષ સંખ્યામાં પોતાના ધર્મનું પાલન કરે છે. હજી અક્કલવાળી સ્ત્રીઓ ઘણી છે. એટલે સ્ત્રીઓના હાથમાં ઉદ્ધારની આશા હજી છે.

આ સ્ત્રીઓ પોતાનું મહત્ત્વ અને પોતાનું બળ કેટલું છે એ સમજે અને તેનો ઉપયોગ પોતાના પતિઓને, ભાઈઓને અને બાળકોને — માનવજાતિને બચાવવામાં કરે તો કેવું!

શ્રીમંતવર્ગની સ્ત્રીઓ અને માતાઓ! આપણા વર્ગના લોકો જે દુખો સહન કરી રહ્યા છે તેમાંથી તેમને ઉગારી લેવાનું તમારા હાથમાં છે!

હે સ્ત્રીઓ અને માતાઓ! તમારામાંથી જેઓ જ્ઞાનપૂર્વક ઈશ્વરના કાયદાનું પાલન કરો છો તેઓ જ, આપણા આ માણસાઈ ખોઈ બેઠેલા અને વિકૃતિને પામેલા દુખી સમાજમાં જીવનનો સાચો ધર્મ શો છે તે જાણો છો. તમે એકલાં જ તમારા દ્રષ્ટાંતથી પુરુષોને બતાવી શકશો કે ઈશ્વરની મરજીને આધીન થવામાં જ જીવનનું ખરું સુખ રહેલું છે. ઈશ્વરના કાયદા પ્રમાણે વર્તવાથી જે આનંદ, સુખ અને શાંતિ મળે છે તે તમે જ એકલાં જાણો છે. પતિ પ્રત્યેના પ્રેમનો આનંદ તમે જ એકલાં જાણો છો. એ આનંદને અંત નથી હોતો કે એ આનંદ સમાપ્ત નથી થઈ જતો, પરંતુ બાળક પ્રત્યેના પ્રેમના નવા આનંદમાં તેની પરિણતિ થાય છે.

પતિપ્રેમનો આનંદ ભોગવ્યા પછી, નવ માસ સુધી જેને લીધે તમે માંદાં રહો છો તે ગર્ભવતી દશામાં, જે ક્ષોભ, જે ભય અને જે આશાથી તમે પ્રતીક્ષા કરો છો તથા જેને લીધે તમે એક મોટી ઘાત વહોરી લો છો અને અસહ્ય વેદના અનુભવો છે, તેનો આનંદ તમે જ જાણો છો. અતિશય ભયંકર કષ્ટની આનંદપૂર્વકની પ્રતીક્ષા કરતાં હોઈ તમે જ સાચા શ્રમનું

રહસ્ય જાણો છે. એ કષ્ટને અંતે પરમ સુખનો અનુભવ પણ તમને જ થાય છે.

આટલી બધી વેદના ભોગવ્યા પછી, કશો આરામ લીધા વિના, એકદમ બીજો શ્રમ, બીજાં કષ્ટો — છોકરાંને ઉછેરવાનાં — તમે ઉઠાવી લો છો. તે વખતે ઊંઘ, જે માણસજાતની મોટામાં મોટી જરૂરિયાત તે તમારી ફરજ ખાતર, તમારા પ્રેમ ખાતર તમે જતી કરો છો. કહેવત તો એવી છે કે ઊંઘ તો મા અને બાપ કરતાં પણ વહાલી. છતાં તમે મહિનાઓ અને કોઈ કોઈ વાર તો વરસો સુધી આખી રાત પૂરું ઊંઘતાં નથી. કેટલીક વાર તો બાળક માંદું હોય ત્યારે તમારું હૃદય ચિરાઈ જાય છે અને આખી રાત તમે ઉઘાડી આંખે પસાર કરો છો. કડકડતી ઠંડીમાં પણ ઊઠો છો અને બાળકને હીંચોળો છો.

આ બધું કોઈ ન જાણે તેમ ઘરને ખૂણે તમે કરો છો. કોઈ તરફથી પ્રશંસાના કે આશ્વાસનના શબ્દોની કે બીજા કશા બદલાની આશા તમે રાખતાં નથી. આ બધું તમે નોકર કે મજૂર તરીકે નથી કરતાં, પણ ખરું કરવા જેવું કામ એ છે એમ માનીને, કેવળ પ્રેમના ઉલ્લાસથી, અંતરના ઉમળકાથી કરો છો. આવું કામ કરનારાં તમે, દેખાડને અર્થે કામ કરવાનો ખોટો ઢોંગ કયો, તથા ઈશ્વરની ઇચ્છાને અનુસરવાની ખાતર કરેલું સાચું કામ કયું તેનો ભેદ સહેજે પારખી શકો છો.

સાચી માતા તરીકે તમે જાણો છો કે તમારી મહેનત કોઈને દેખાડવા માટે, કોઈ તમારી પ્રશંસા કરે તે માટે નથી. ઊલટું સહુ એમ કહે કે જણ્યાંને જિવાડ્યાં તેમાં શી નવાઈ કરી, તોપણ તમને કાંઈ લાગવું ન જોઈએ. એવું પણ બને કે જેને માટે તમે એટલો શ્રમ ઉઠાવ્યો હોય તે તમારો પાડ માનવાને બદલે તમને જ પજવે, દુઃખ દે, તમારા દોશ કાઢે. તોપણ ફરી, વળી બીજા બાળકને તમે પહેલાંની માફક જ ઉછેરો છો. એનાં એ દુખો તમે ફરી ઉઠાવો છો, કોઈના જોયા જાણ્યા વિના ફરી તમે એની એ તીવ્ર વેદના સહન કરો છો અને કશા બદલાની આશા રાખ્યા વિના એનો એ સંતોશ તમે માની લો છો.

સ્ત્રીઓમાં હજી સાચા અને ખોટાના ભેદ માટે ઘણો અવકાશ છે. સ્ત્રીઓમાં હજી માણસાઈ રહેલી છે.

જો તમે સાચી સ્ત્રી હશો — અને મનુષ્યજાતિને સદ્ભાગ્યે આવી સાચી સ્ત્રીઓ હજી ઘણી છે — તો ઈશ્વરી નિયમનું પાલન કરવાનો જે કાયદો તમે તમારા જીવનને લાગુ પાડો છો તે જ કાયદો તમારા પતિના, તમારાં બાળકોના અને તમારાં સગાંવહાલાંનાં જીવનને લાગુ પાડશો.

જો તમે સાચી સ્ત્રી હશો અને તમારા પોતાના દાખલા પરથી તમને પ્રતીતિ થઈ હશે કે આત્મભોગ આપીને, બીજા ન દેખે તથા જેનો બદલો ન મળવાનો હોય તેવી રીતે જિંદગીને જોખમમાં નાખીને તથા શરીર ધોવાઈ જાય એટલી હદ સુધી કષ્ટ સહન કરીને, બીજાની ખાતર કરેલા શ્રમથી જ મનુષ્યને સંતોશ અને શક્તિ મળી શકે, તો બીજા પાસે તે પ્રમાણે કરાવવા તમે પ્રયત્ન કરશો, તમારા પતિને એવો શ્રમ કરવાને ઉત્તેજશો, માણસની કિંમત તેના એવા શ્રમ ઉપરથી જ આંકશો, અને એવો શ્રમ કરવાને તમારાં બાળકોને કેળવણી આપશો.

ઈશ્વરી નિયમને અનુભવથી જે જાણે છે તે સાચી માતા તો પોતાનાં બાળકોને પણ તે નિયમ પ્રમાણે વર્તતાં શીખવશે જ. પોતાના બાળકને બહુ ખાઈ ખાઈને અકરાંતિયું થઈ ગયેલું, બહુ લાડ લડાવવાથી બગડી ગયેલું અને કપડાંથી લદાયેલું જોઈ આવી માતાને દુઃખ થશે.

આવી માતા પોતાનાં બાળકોને એવી કેળવણી નહીં આપે, જેથી કરીને મજૂરીમાંથી છટકી જવાના મોહમાં તેઓ પડે; પરંતુ એવી કેળવણી આપશે જેથી તેઓ જીવનના કાર્યનો ભાર ઉઠાવી શકે.

બીજાની મજૂરીનું ફળ લૂંટી લેવાનો જેનો ઉદ્દેશ હોય, એવું ખોટું અને છેતરપિંડીવાળું કામ કરવા પોતાના પતિને આવી સ્ત્રી ઉત્તેજન નહીં આપે. આવી સ્ત્રી પોતાની દીકરીને માટે સુંવાળા હાથવાળો પતિ નહીં પસંદ કરે; જે જિંદગીને જોખમે અને કષ્ટ વેઠીને ખરું કામ કરનાર હશે તેની જ કદર કરશે.

એ જાણે છે કે પોતાનાં બાળકોને પોતાની સ્વાર્થી ઇચ્છા પ્રમાણે અથવા

તો પ્રચલિત માન્યતા પ્રમાણે ઉછેરવાં એ તેનું કામ નથી. બાળકો એટલે ભવિષ્યની પ્રજા. તે તો મહાનમાં મહાન અને પવિત્રમાં પવિત્ર બક્ષિસ છે. પોતાની પૂર્ણ શક્તિ વાપરીને એ પવિત્ર વસ્તુની સેવા કરવી એમાં જ પોતાના જીવનનું સાર્થક્ય છે, એવું તે સમજે છે.

આવી સ્ત્રી જાણે છે કે ગુજરાનની નિશ્ચિતતા કામ કરવાની આવડતમાં અને કામ કરવામાં રહેલી છે. એટલે પોતાના પતિના ધનમાં પોતાનાં બાળકોના ગુજરાનની નિશ્ચિતતા છે અથવા પોતાનાં બાળકો મોટી મોટી પદવીઓ મેળવે તેમાં તેમની સલામતી રહેલી છે, એવું તે નહીં માને. તે તો બાળકોને પોતાની માફક જિંદગીને જોખમે તથા શરીરને ઘસવી નાખીને કષ્ટ વેઠવાની તાલીમ આપશે.

આવી સ્ત્રીઓ, જેમણે સ્વધર્મનું પાલન કર્યું છે તે માનવસમાજ આગળ માર્ગદર્શક જ્યોતિરૂપે રહે છે. આવી સ્ત્રીઓ લોકમત બાંધે છે અને ભવિષ્યની પ્રજાને ઘડે છે. તેથી જ સર્વોચ્ચ સત્તા આવી સ્ત્રીઓના હાથમાં છે. આજે સમાજ ઉપર ઝઝૂમી રહેલી વિપત્તિમાંથી તેને ઉગારી લેવાનું બળ તેમનામાં છે.

હે સ્ત્રીઓ અને માતાઓ! જગતના ઉદ્ધારનો ઉપાય બીજા કોઈના કરતાં તમારા હાથમાં વધારે છે.

*